MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૦૫-૦૬-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ભાજપનો વધુ એક ઘા : કોંગ્રેસના બે ધારાસભ્યોના રાજીનામા

6 અનલોક ગુજરાતમાં કોંગ્રેસ લોકડાઉનની સ્થિતિમાં, ભાજપ પર લગાવ્યો હોસ્ટ્રિડીંગ નો આરોપ

7 સરકારી કર્મચારીઓ માટે 'આરોગ્ય સેતુ' બાદ આવી આઈ ગોત દીક્ષા એપ

12 કેવડિયા છ ગામ અસરગ્રસ્તો બાબતે તમે ચૂપ કેમ છો કહી ભરૂચ સાંસદને ધમકી આપનાર બે વિરુદ્ધ ફરીયાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા ૧૪ હજાર કરોડના પેકેજની જાહેરાત

૧૦૦ યુનિટ સુધીનું વીજબીલ માફ, વાર્ષિક પ્રોપર્ટી ટેક્સમાં ૨૦%ની છૂટ, ૬ મહિના રોડ ટેક્સ માફ

એસટી નિગમને ૧૨૦ કરોડ રૂપિયા ફાળવાયા : CM રાહત ફંડમાંથી મહાનગરોને રૂ. ૧૦૦ કરોડ ફાળવાયા

અમદાવાદ

વૈશ્વિક મહામારી કોરોના સંક્રમણની સ્થિતીમાં લોકડાઉનને કારણે જે પરિસ્થિતી ઉદભવી છે તેમાંથી જનજીવન, વેપાર-ધંધા રોજગાર ઉદ્યોગ પૂનઃ ધબકતા કરવા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રૂપિયા ૧૪ હજાર કરોડના "આત્મનિર્ભર ગુજરાત" રાહત પેકેજની જાહેરાત કરી છે. જેમાં ૧૦૦ યુનિટ સુધીનું વીજબીલ માફ. વાર્ષિક પ્રોપર્ટી ટેક્સમાં ૨૦%ની છૂટ. ૩૧મી જુલાઈ સુધી કોર્પોરેશનમાં ટેક્સ ભરે તેને ૧૦% રિબેટ આપશે. જ્યારે ૬ મહિનાના રોડ ટેક્સ માફ કરવામાં આવ્યો છે.

ભારત સરકારના પૂર્વ નાણાં સચિવ ડૉ. હસમુખ અઢિયાના અધ્યક્ષ પદે રાજ્ય સરકારે જે કમિટિની રચના ઇકોનોમીક રિવાઈવલની ભલામણો સુચવવા કરી હતી. આ કમિટિએ તેનો ઈન્ટરીમ રિપોર્ટ રાજ્ય સરકારને ત્રણ દિવસ પહેલાં આપ્યો હતો. આ રિપોર્ટનો સર્વગ્રાહી તલસ્પર્શી અભ્યાસ કરીને રાજ્યના મંત્રીઓ, વરિષ્ઠ સચિવો, સમાજજીવનના આગેવાનો, ઉદ્યોગ-વેપાર મંડળો, વિવિધ સમાજવર્ગોના પ્રતિનિધિઓ સૌ સાથે મળીને ચર્ચા-વિચારણા પરામર્શની મેરેથોન ચિંતન બેઠકો કરી હતી તેની ફલશ્રુતિ રૂપે આ પેકેજ જાહેર કરાયું છે.

● શ્રમિકોને મકાન બનાવવા સરકાર સહાય આપશે ● ૧૦૦ યુનિટ સુધીનું વીજબિલ માફ થશે ● ૯૨ લાખ વીજગ્રાહકોને વીજબિલ માફીનો લાભ મળશે ● ૧ એપ્રિલથી ૬ મહિનાનો રોડ ટેક્સ માફ કરાયો ● જુલાઈ સુધી GST રિફંડ કરી શકાશે ● આત્મનિર્ભર ગુજરાત રાહત પેકેજ હેઠળ એક લાખ સુધીની લોન મળશે ● MSME માટે જિલ્લા નોડલ અધિકારીઓ નિમાયા ● પશુપાલકોને ગાયદીઠ ૯૦૦ રૂપિયા ચુકવાશે ● ૨૦ કરોડના ખર્ચે ધનવંતરી રથો વધારવામાં આવશે ● એસટી નિગમને ૧૨૦ કરોડ રૂપિયા ફાળવાયા ● નાના વેપારીઓને ૫ ટકા વીજબીલ માફ ● ખેતરોમાં ગોડાઉન બનાવવા રૂપિયા ૩૫૦ કરોડની ફાળવણી ● વાર્ષિક પ્રોપર્ટી ટેક્સમાં ૨૦ ટકાની માફી ● GIDCને ધમધમતી કરવા સરકારનો પ્રયાસ ● CM રાહત ફંડમાંથી મહાનગરોને રૂ. ૧૦૦ કરોડ ફાળવ્યા

પ્રોપર્ટી ટેક્ષ, વીજ બીલ અને વાહન કરમાં માફી અને રાહતો (રૂ. ૨૩૦૦ કરોડ) વાણિજ્યિક એકમોને વર્ષ ૨૦૨૦-૨૧ના વાર્ષિક પ્રોપર્ટી ટેક્સના ચુકવણામાં ૨૦%ની માફી આપવામાં આવશે. રૂપિયા ૬૦૦ કરોડની આ માફીનો લાભ રાજ્યના અંદાજિત ૨૩ લાખ વાણિજ્યિક એકમોને મળશે. જેમાં શહેરી વિસ્તારના તમામ રહેણાંક મિલકતોના વર્ષ ૨૦૨૦-૨૧ના ભરવાના થતા પ્રોપર્ટી ટેક્સ જો ૩૧ જુલાઈ ૨૦૨૦ સુધી ચુકવવામાં આવશે તો ૧૦%ની માફી આપવામાં આવશે. જેનો લાભ અંદાજીત ૭૨ લાખ પ્રોપર્ટી ધારકોને થશે અને તેમને રૂ. ૧૪૪ કરોડની રાહત મળશે.

માસિક ૨૦૦ યુનિટ કરતા ઓછો વીજ વપરાશ કરનાર રહેણાંક વીજ ગ્રાહકોનું ૧૦૦ યુનિટનું વીજળી બીલ એક વખત માટે માફ કરવામાં આવશે. આથી રૂ. ૬૫૦ કરોડના વીજ બીલ માફીનો લાભ રાજયના આશરે ૯૨ લાખ વીજ ગ્રાહકોને મળશે.

અંદાજે ૩૩ લાખ વાણિજ્યિક વીજ ગ્રાહકો અને ઉદ્યોગો માટે LT વીજ કનેકશન ધરાવતા વીજ ગ્રાહકોને વીજ બિલમાં મે-૨૦૨૦નો ફિક્સ્ડ ચાર્જ માફ કરવાનો નિર્ણય કર્યો છે. જેનાથી કુલ રૂ. ૨૦૦ કરોડનો ચાર્જ માફ કરવામાં આવશે. આ ઉપરાંત વીજળીનું HT(ઔધોગિક) કનેકશન

અનુસંધાન પાના નં. ૫

ભારત અને ચીન વચ્ચે સરહદને લઈને ભારે વિવાદ

છઠ્ઠીએ બન્ને દેશના સેનાના લેફ્ટ. જનરલોની બેઠક : તૈયારીઓ શરૂ

લદાખના પેંગોંગ તળાવનું મહત્વ શું છે : ભારત-ચીન સરહદ પર શું છે ફિંગર ૪, ૮ : બંને દેશોનું સૈન્ય એલએસીને પોતપોતાની સ્થિતિમાં પેટ્રોલિંગ કરે છે

નવી દિલ્હી

પૂર્વ લદ્દાખની સ્થિતિ ભારત અને ચીન વચ્ચે સમાન છે. હવે, ૬ જૂને, વાસ્તવિક અને નિયંત્રણ રેખા (એલએસી) પર ચાલી રહેલા વિવાદના સમાધાન માટે ભારતીય અને ચીની સૈન્યના લેફ્ટનન્ટ જનરલો બેઠક યોજશે. ભારત અને ચીન વચ્ચેનો વિવાદ લદાખના પેંગોંગ ત્સો તળાવ વિસ્તારની આસપાસ વારંવાર ઉદ્ભવે છે. હાલના સમયે પરમાણુ શક્તિથી સજ્જ બે એશિયન પડોશીઓ વચ્ચે પરિસ્થિતિ વિકટ છે. આ તમામ તણાવ વચ્ચે, તમે ઘણીવાર ફિંગર ૪ અને ફિંગર ૮નો ઉલ્લેખ સાંભળ્યો હશે. એલ.એ.સી. ત્રણ ભાગમાં વહેંચાયેલું છે, જેમાંથી પ્રથમ અરુણાચલ પ્રદેશથી સિક્કિમ છે, મધ્યમાં આવે છે હિમાચલ રાજ્ય અને ઉત્તરાખંડનો ભાગ અને પશ્ચિમ ક્ષેત્રમાં લદ્દાખનો ભાગ છે. ભારતે ચીન સાથે એલએસીનો આશરે ૩,૪૮૮ કિ.મી.નો દાવો કર્યો છે, જ્યારે ચીન કહે છે કે તે ફક્ત ૨૦૦૦ કિ.મી. એલએસી એ બંને દેશોની વચ્ચેની લાઈન છે જે બંને દેશોની સીમાઓને જુદા પાડે છે. બંને દેશોનું સૈન્ય એલએસીને પોતપોતાની સ્થિતિમાં પેટ્રોલિંગ કરે છે. સરોવરનો વિવાદિત ભાગ બંને દેશોની સૈન્ય વચ્ચે ભૂતકાળમાં ઘણી વખત અથડામણ થઈ છે. પેંગોંગ તળાવ પર અવારનવાર અથડામણ થાય છે, ૬ મેના રોજ, ચીન અને ભારતના સૈનિકો અહીં અગાઉ ટકરાયા હતા. તળાવનો ૪૫ કિલોમીટર પશ્ચિમ ભાગ ભારતના નિયંત્રણમાં આવે છે જ્યારે બાકીનો ભાગ ચીનમાં છે. પૂર્વ લદ્દાખ એલએસીનો પશ્ચિમ ક્ષેત્ર છે, જે કારાકોરમ પાસથી લદાખ સુધી જાય છે.

અનુસંધાન પાના નં. ૫

ભારત- ઓસ્ટ્રેલિયાના સંબંધો મજબૂતઃ વડાપ્રધાન મોદી

મહામારીના દુષ્પ્રભાવથી ઉભરવા સહયોગી અભિગમની જરૂર : મોદી

ભારતના વડાપ્રધાન મોદીએ ઓસ્ટ્રેલિયન પીએમ સાથે ઓનલાઈન સમિટ યોજી : કોરોના મહામારી સામે લડત સહિતના વિવિધ મુદ્દા ઉપર ચર્ચા કરી

નવી દિલ્હી

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયના પીએમ સ્ટોક મોરિસન વચ્ચે ગુરુવારે સૌપ્રથમ ઓનલાઈન દ્વીપક્ષીય સમિટ યોજાઈ હતી. પીએમ મોદીએ ઓસ્ટ્રેલિયન વડાપ્રધાનને ભારત આવવા માટે આમંત્રણ આપ્યું છે. આ સાથે જ બન્ને દેશો વચ્ચે વેપાર સંબંધોને વધારવા પર ભાર આપવામાં આવ્યો હતો. મોદીએ જણાવ્યું કે વિતેલા વર્ષોમાં ભારત તેમજ ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો ઘણા મજબૂત થયા છે. પીએમ મોદીએ જણાવ્યું કે, 'વૈશ્વિક મહામારીના આ સમયમાં આપણી વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીની ભૂમિકા વધુ મહત્વપૂર્ણ બની રહેશે. સમગ્ર વિશ્વએ આ મહામારીના આર્થિક તેમજ સામાજિક દુષ્પ્રભાવથી વહેલી તકે ઉભરવા માટે એક સંયુક્ત તેમજ સહયોગી અભિગમ અપનાવવાની આવશ્યકતા છે.' વડાપ્રધાન મોદીએ ઓનલાઈન સમિટમાં જણાવ્યું કે અમારી સરકારે કોરોના સંકટને એક અવસર તરીકે જોવાનો નિર્ણય કર્યો છે. ભારતમાં લગભગ તમામ ક્ષેત્રોમાં વ્યાપક રિફોર્મની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. વહેલી તકે જમીની સ્તરે પણ આના પરિણામ જોવા મળશે. આ સમિટ દરમિયાન ઓસ્ટ્રેલિયન પીએમ સ્કોટ મોરિસને જણાવ્યું કે, 'હું તમારો (પીએમ મોદી) ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર જી-૨૦ અને ઈન્ડો-પેસિફિસમાં સ્થિર, રચનાત્મક અને ઘણી સકારાત્મક ભૂમિકા ભજવવા બદલ આભાર વ્યક્ત કરું છું. તમે આ ભૂમિકા ઘણા કપરા સમયમાં નિભાવી છે.' ભારત એક ટેક્નોલોજી લીડર દેશ છે અને ભારત સાથેના ઓસ્ટ્રેલિયાના સંબંધો ખુબજ

અનુસંધાન પાના નં. ૫

શું વધતા જતાં કેસો ખતરનાર ત્રીજા તબક્કાની નિશાની તો નથી ને...?

૨૪ કલાકમાં કોરોનાના રેકોર્ડબ્રેક ૯૬૩૩ પોઝિટિવ કેસઃ ૨૬૦ના મોત

દેશમાં કોરોનાના કુલ ૨,૧૬,૯૧૯ કેસ, જેમાંથી ૬,૦૭૫ના મોત, ૧,૦૪,૧૦૭ સ્વસ્થ અને એક્ટિવ કેસ ૧,૦૬,૭૩૭, શું અનલોક-૧ અનલકી સાબિત થઈ રહ્યો છે...?

ન્યુ દિલ્હી

અનલોક-૧ અનલકી સાબિત થઈ રહ્યો હોય તેમ ૧ જૂનથી લોકડાઉનમાં અપાયેલી સવિશેષ છૂટછાટોને કારણે અથવા તો ભારત કોરોનાના ખતરનાક ત્રીજા તબક્કા કોમ્યુનિટી ટ્રાનમિશનમાંથી પસાર થઈ રહ્યું હોય તેમ આજે સવારે ગુરૂવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમ્યાન ભારતમાં આજદિનસુધીમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. છેલ્લાં ૨૪ કલાકમાં ૯૬૩૩ કેસો કોરોના પોઝીટીવના બહાર આવ્યાં છે તો આ જ ૨૪ કલાકમાં વધુ ૨૬૦ લોકોના મોત થયા છે. હજુ તો ૮ જૂનથી શોપિંગ મોલ-જીમ અને તમામ ધાર્મિક સ્થળો ખોલવાના નિર્ણયથી કોરોનાના કેસોમાં વધારો થવાની સંભાવના જોવામાં આવી રહી છે. છેલ્લાં ૬ દિવસથી સતત ૮ હજારની ઉપર કેસો બહાર આવી રહ્યાં હતા. પરંતુ ગઈકાલ સુધીમાં સૌથી વધારે કેસો બહાર આવ્યાં છે ત્યારે લોકડાઉન કારગત નિવડ્યો કે કેમ તેની પણ ચર્ચા થઈ રહી છે. આટલી મોટી સંખ્યામાં કેસો રોજેરોજ બહાર આવવા તે એ બાબતનો ભયજનક સિગ્નલ હોઈ શકે કે શું ભારતમાં ખરેખર સમુદાય સંક્રમણનો દોર શરૂ થયો છે કેમ. આ એક એવો દોર છે કે તેમાં જેની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રીના હોય તો પણ તેને કોરોના વાઈરસનો ચેપ લાગ્યો હોય છે નિષ્ણાતો દ્વારા તેને . કોમ્યુનિટી સંક્રમણ તરીકે ઓળખવામાં આવે છે. સરકારે અને નિષ્ણાતાઓએ લોકડાઉન-૧ વખતે લોકોને ચેતવણી આપી હતી કે ભારત સંક્રમણના બીજા તબક્કામાં છે અને જો ત્રીજા તબક્કામાં પ્રવેશ કરશે તો હાહાકાર મચી જાય એટલા કેસો બહાર આવશે. તે જોતાં રોજના ૮ હજાર અને હવે ૯ હજાર કરતાં વધારે કેસો ખતરનાક માનવામાં આવી રહ્યાં છે.

સૂત્રોએ કહ્યું કે કોરોના વાઈરસની ચેઈન એટલે કે સાંકળ તોડવા માટે અને લોકોને કોરોનાથી બચાવવા માટે ભારતમાં ૬૦ દિવસ સુધી તબક્કાવાર ૪ લોકડાઉન લાદવામાં આવ્યું હતું. પરંતુ તેમ છતાં કેસો વધવાને બદલે જાણે કે ધીમે ધીમે વધી રહ્યાં હોય તેમ હવે આંકડો ૯ હજારની ઉપર સુધી પહોંચી ગયો છે. મંગળવારે ૮ હજારની ઉપર અને ગઈકાલે બુધવારે ૯ હજારની ઉપર કેસો બહાર આવી રહ્યાં છે. અલબત્ત, સત્તાવાળાએએ આ કેસો વધવા માટે કોમ્યુનિટી સંક્રમણનો ઈકાર કર્યો છે.

દેશમાં ૨૫ માર્ચથી ૩૧ મે સુધી બે મહિના કરતા પણ વધારે સમયથી લોકડાઉન લાગુ હોવા છતા પણ કોરોના વાયરસના સંક્રમણનો આંકડો બે લાખને પાર થઈ ગયો છે. આરોગ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે ગુરૂવાર સુધીમાં દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૨,૧૬,૯૧૯ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૯,૩૦૪ નવા કેસ નોંધાયા છે. જ્યારે આ જ છેલ્લા ૨૪ કલાકમાં ૨૬૦ લોકોના કોરોનાના કારણે મોત થયા છે.

જોકે, ભારતમાં કોરોનાની બિમારીમાંથી સાજા થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૪૮ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૮૦૪ લોકો સાજા થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૧,૦૪,૧૦૭ સુધી પહોંચી ગયો છે.

અહેવાલ પ્રમાણે, છેલ્લા ૨૪ કલાકમાં ૨૬૦ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૬૦૭૫ સુધી પહોંચી ગઈ છે. તે સાથે જ ગુરૂવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૧૦૬૭૩૭ સક્રિય કેસ છે.

દેશમાં કોરોનાના સૌથી વધુ કેસ મહારાષ્ટ્ર અને માયાનગર મુંબઈમાંથી બહાર

અનુસંધાન પાના નં. ૫

શક્તિસિંહ અથવા ભરતસિંહ બંનેમાંથી એક લીલા તોરણે પાછા ફરશે તે નક્કી

ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં હાલ સાત બેઠકો ખાલી છે. ભાજપની સભ્યસંખ્યા ૧૦૩ છે જ્યારે કોંગ્રેસનો આંકડો ઓછો થઇ રહ્યો છે. રાજ્યસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસના છ ધારાસભ્યો રાજીનામાં આપી ચૂક્યાં છે. ભાજપને બીટીપીના બે ધારાસભ્યો અને એનસીપીના એક ધારાસભ્યના ટેકાની જરૂર ન રહે તેવી સ્થિતિ નિર્માણ થઇ રહી છે. રાજ્યસભાની ચૂંટણી જીતવા માટે એક ઉમેદવારને અત્યારે ૩૫ મતોની આવશ્યકતા રહે છે પરંતુ કોંગ્રેસ પાસે હવે એટલા ધારાસભ્યો રહ્યાં નથી તેથી કોંગ્રેસમાંથી કાં તો શક્તિસિંહ ગોહિલ અથવા તો ભરતસિંહ સોલંકી લીલા તોરણે પાછા આવે તેવી સંભાવના છે. કોંગ્રેસનું હાઇકમાન્ડ શક્તિસિંહ ગોહિલને રાજ્યસભામાં જુએ છે તેથી ભરતસિંહ સોલંકીને મનાવી લેવામાં આવે તેવી વકી છે પરંતુ ભરતસિંહ સોલંકીએ અગાઉ ઉમેદવારી છોડવાનો ઇંકાર કરતાં હવે કોંગ્રેસના ધારાસભ્યોમાં યાદવાસ્થળી થાય તેવી સંભાવના છે.

ભાજપે એક કાંકરે બે પક્ષી માર્યા

ગુજરાત કોંગ્રેસમાં ૩૫ કરતાં વધુ ધારાસભ્યોનો ટેકો હશે તે ઉમેદવાર રાજ્યસભામાં જશે. ભાજપે એક કાંકરે બે પક્ષી માર્યા છે. એક તો તેમના ત્રીજા ઉમેદવારને જીતાડવાનો રસ્તો સાફ કર્યો છે અને કોંગ્રેસમાં યાદવાસ્થળીને પ્રોત્સાહન આપ્યું છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિપક્ષના નેતા પરેશ ધાનાની તેમના ધારાસભ્યોને સાચવી શક્યા નથી. કોંગ્રેસના અક્ષય પટેલના રાજીનામાથી ગુજરાતનું રાજકારણ ફરી ગરમાયું છે. અક્ષય પટેલ ભાજપમાં જોડાઇ જવાના છે. બીજા ત્રણ ધારાસભ્યો રાજીનામાં આપે તેવી અફવાઓ શરૂ થઇ છે ત્યારે કોંગ્રેસે તેમના અન્ય ધારાસભ્યોને બચાવવાના મરણિયા પ્રયાસ શરૂ કર્યા છે.

ભારતમાં નવેમ્બરમાં જ કોરોનાની એન્ટ્રી થઇ ગઇ હતીઃ વૈજ્ઞાનિકોનું અનુમાન

હૈદરાબાદ

દેશમાં કોવિડ-૧૯નો સૌથી પહેલો કન્ફર્મ કેસ કેરળમાં ૩૦મી જાન્યુઆરીએ નોંધાયો હતો. પરંતુ કેટલાક વૈજ્ઞાનિકોનો દાવો છે કે ભારતમાં કોરોના વાયરસ નવેમ્બર ૨૦૧૯થી જ ફેલાઈ રહ્યો હતો. વૈજ્ઞાનિક ભાષામાં કહેવાય તો કોરોના વાયરસના ઈન્ડિયન સ્ટ્રેનનો મોસ્ટ રિસેન્ટ કોમન એન્સેસ્ટર નવેમ્બર ૨૦૧૯થી જ ફેલાઈ રહ્યો છે.

દેશની ટોચની રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટના ટોપ વૈજ્ઞાનિકોનું અનુમાન છે કે, વુહાનના નોવેલ કોરોના વાયરસ સ્ટ્રેનના પહેલાના રૂપના સ્ટ્રેન ૧૧ ડિસેમ્બર ૨૦૧૯ સુધી પ્રસાર થઈ રહ્યા હતા. ટાઈપ ટુ મોસ્ટ રિસેન્ટ કોમન અન્સેસ્ટર નામની વૈજ્ઞાનિક ટેકનિકનો ઉપયોગ કરતા વૈજ્ઞાનિકોએ આ અનુમાન લગાવ્યું કે હાલમાં તેલંગાણા અને અન્ય બીજા રાજ્યોમાં કોરોના વાયરસનો જે સ્ટ્રેન ફેલાઈ રહ્યો છે તે ૨૬ નવેમ્બર અને ૨૫ ડિસેમ્બર વચ્ચે પેદા થયો હતો. તેની એવરેજ તારીખ ૧૧ ડિસેમ્બર છે.

સવાલ ઉઠે છે કે શું ભારતમાં ૩૦ જાન્યુઆરી પહેલા જ ચીનથી આવનારા પેસેન્જરો દ્વારા કોરોના વાયરસ પહોંચી ગયો હતો? તેનો જવાબ સ્પષ્ટ નથી કારણ કે તે સમયે દેશમાં મોટી સંખ્યામાં કોવિડ-૧૯ના ટેસ્ટ નહોતા થઈ રહ્યા.

હૈદરાદબાદ સ્થિત સેન્ટર ફોર સેલુલર એન્ડ મોલિક્યૂલર બાયોલોજીએ કોરોના વાયરસના ભારતીય સ્ટ્રેનના એમઆરસીએની ટાઈમિંગનું અનુમાન લગાવવા સાથે નવા સ્ટ્રેન અથવા ક્લેડની પણ શોધ કરી છે, જે હાલના સ્ટ્રેનથી અલગ છે. વૈજ્ઞાનિકોએ ભારતમાં કોરોનાના નવા સ્ટ્રેનને ક્લેડૈં/છ૩ નામ આપ્યું છે. કેરળમાં મળેલા ભારતના પહેલા કોરોના કેસના સ્ટ્રેન વુહાન સાથે જોડાયેલા હતા, પરંતુ હૈદરાબાદમાં કોરોનાના જે નવા સ્ટ્રેનની શોધ થઈ તે ચીન નહીં પરંતુ દક્ષિણ-પૂર્વ અશિયાના કોઈ દેશના છે. સીસીએમબીના ડાયરેક્ટર ડોક્ટર રાકેશ કે. મિશ્રાએ જણાવ્યું કે, નવો સ્ટ્રેન કયા દેશમાં પેદા થયો છે તેની ખબર નથી, પરંતુ આ ચીનનો નથી, કોઈ દક્ષિણ-પૂર્વ અશિયાઈ દેશનો છે.

કેન્દ્ર સરકારે સુપ્રિમ કોર્ટમાં સોગંદનામું દાખલ કર્યું

દેશમાં કોરોના વાયરસનું સંક્રમણ વધ્યુ,મેક શિફ્ટ હોસ્પિટલો બનાવવી પડશે

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકાર તરફથી ગુરૂવારનાં રોજ સુપ્રીમ કોર્ટમાં કોરોના વાયરસનાં સંકટને લઇને સોગંદનામું દાખલ કરવામાં આવ્યું છે. કેન્દ્રએ પોતાનાં સોગંદનામામાં માન્યું છે કે દેશમાં કોરોના વાયરસ સંક્રમિતોની સંખ્યા સતત વધી રહી છે. એવામાં દેશમાં મોટી સંખ્યામાં મેક-શિફ્ટ હોસ્પિટલોની સ્થાપના કરવી પડશે.

કેન્દ્ર સરકાર તરફથી દાખલ સોગંદનામામાં કહેવામાં આવ્યું છે કે હવે દેશમાં તેજીથી કોરોના સંક્રમિતોની સંખ્યા વધી રહી છે. એવામાં નજીકનાં ભવિષ્યમાં વર્તમાન હોસ્પિટલો સિવાય કોરોના દર્દીઓ માટે અસ્થાયી મેક-શિફ્ટ હોસ્પિટલોનું નિર્માણ કરવાનું રહેશે. જેથી તેમની દેખભાળ કરી શકાય. કેન્દ્ર સરકાર તરફથી કહેવામાં આવ્યું કે, સંકટનાં સમયમાં દેખભાળમાં જોડાયેલા સ્વાસ્થ્ય કર્મીઓની દેખભાળ કરવાની જરૂરિયાત છે. સરકાર તરફથી પૂરી નિષ્ઠાની સાથે સંરક્ષણની કોશિશો કરવામાં આવી રહી છે.

આપને જણાવી દઈએ કે છેલ્લાં કેટલાંક દિવસોમાં ભારતમાં કોરોના વાયરસનાં કેસ સતત તેજીથી વધી રહ્યાં છે. છેલ્લાં ૩-૪ દિવસમાં તો દરરોજ ૮ હજારથી પણ વધારે કેસ સામે આવ્યાં છે જ્યારે ગુરૂવારનાં રોજ ૯ હજારથી વધારે કેસ રિપોર્ટ થયાં છે. ગુરૂવારનાં રોજ સવાર સુધી દેશમાં કોરોના વાયરસનાં કુલ કેસની સંખ્યા ૨.૧૭ લાખ પહોંચી ગઈ, જ્યારે મરનારાઓનાં આંકડા ૬ હજારને પાર થઈ ગયો છે.

ભારત સામે ઝૂક્યુ વિશ્વ આરોગ્ય સંસ્થા

કોરોનાની સારવારમાં ફરી શરૂ કરાશે હાઈડ્રોક્સીક્લોરોક્વીનની ટ્રાયલ

જિનિવા

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને મેલેરીયાની સારવારમાં વપરાતી હાઈડ્રોક્સીક્લોરોક્વીન દવાને કોરોનાની સારવારમાં ફરીથી ટ્રાયલ તરીકે શરૂ કરવાનો નિર્ણય લીધો છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના પ્રમુખ ટ્રેડ્રોસ એડનોમ ગૈબરેયેસસે બુધવારે હાઈડ્રોક્સીક્લોરોક્વીનની ટ્રાયલ ફરી શરૂ કરવામાં આવશે તેવી જાણકારી આપી હતી. ઉલ્લેખનીય છેકે અગાઉ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને સ્વાસ્થ્યને નુકસાન થતું હોવાનું જણાવીને હાઈડ્રોક્સીક્લોરોક્વીનની ટ્રાયલ રોકી દીધી હતી. એક વર્ચ્યુઅલ ન્યૂઝ બ્રીફીંગ દરમિયાન ટ્રેડ્રોસે જણાવ્યું કે, 'ઉપલબ્ધ મૃતકઆંકને ધ્યાનમાં રાખીને એક્ઝિક્યુટિવ ગ્રુપ પ્રિન્સિપાલ ઈન્વેસ્ટિગેટર્સને હાઈડ્રોક્સીક્લોરોક્વીનની ટ્રાયલ ફરી શરૂ કરવા અંગે જણાવશે. ગત સપ્તાહે સુરક્ષાનો હવાલો આપીને આ દવાની ટ્રાયલ રોકી દેવામાં આવી હતી. એક [illegible] હાઈડ્રોક્સીક્લોરોક્વીનથી ફાયદો થતો હોવાનો કોઈ પુરાવો નથી તેમ જણાવવામાં આવ્યું હતું અને ત્યારબાદ સ્વાસ્થ્ય સંગઠને તેના પર રોક લગાવી હતી.

અમેરિકાએ ભારત સામે દુઃખ વ્યક્ત કર્યુ

અમેરિકામાં પ્રદર્શનકારીઓએ મહાત્મા ગાંધીની પ્રતિમાને ખંડિત કરી

વોશિંગ્ટન

અમેરિકામાં અશ્વેત નાગરિક જ્યોર્જ ફ્લોઈડના મોત બાદ પ્રદર્શન કરી રહેલા કેટલાંક લોકોએ રાજધાની વોશિંગ્ટન ડીસીમાં મહાત્મા ગાંધીની પ્રતિમાને નુકસાન પહોંચાડ્યું. બ્લેકલિવ્સમેટરના સમર્થક વોશિંગ્ટનમાં સતત પ્રદર્શન કરી રહ્યા છે. આ દરમ્યાન કેટલાંક અસામાજિક તત્વોએ બાપુની પ્રતિમાને નુકસાન પહોંચાડ્યું. સૂત્રોના મતે વોશિંગ્ટનની પોલીસે દોષિત વ્યક્તિઓની વિરૂદ્ધ તપાસ શરૂ કરી દીધી છે. અમેરિકાએ આ મામલે ભારત સામે ખેદ વ્યકત કરતાં માફી માંગી છે. આ બધાની વચ્ચે અમેરિકામાં જ્યોર્જ ફ્લોઈડના મોતના વિરોધમાં પ્રદર્શન ચાલુ છે. બીજીબાજુ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રાજધાનીમાં નેશનલ ગાર્ડના સૈનિકો અને પ્રવર્તન અધિકારીઓને મોટી સંખ્યામાં તૈનાત કરવાનો બુધવારનો શ્રેય લેતા કહ્યું કે તેમણે રાજ્યોને રાષ્ટ્રવ્યાપી પ્રદર્શનોને કચડવા માટે એક અનુકરણીય ઉદાહરણ રજૂ કર્યું છે. વ્હાઈટ હાઉસના એક વરિષ્ઠ અધિકારીએ મંગળવારના રોજ કહ્યું કે સોમવાર રાત્રે વ્હાઈટ હાઉસની બહાર કરાયેલી કઠોર કાર્યવાહીને રાષ્ટ્રપતિએ સમર્થન આપ્યું છે જે દેશની રાજધાનીમાં આક્રમક કાર્યવાહી કરીને દેશના બીજા ભાગમાં એક ઉદાહરણ રજૂ કરવા માંગતા હતા. ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને બુધવારના રોજ કહ્યું કે તમારું વર્ચસ્વ કાયમ કરનાર સુરક્ષાબળ રાખવા પડશે. આપણે કાયદો વ્યવસ્થા કાયમ રાખવાની જરૂર છે. તેમણે કહ્યું કે તમે જોયું હશે કે જે તમામ જગ્યાઓ પર જ્યાં સમસ્યાઓ થઈ ત્યાં રિપબ્લિકન પાર્ટી સત્તામાં નથી. ત્યાં ઉદારવાદી ડેમોક્રેટ શાસનમાં છે.

સંરક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારી કોરોના પોઝિટિવ, સાઉથ બ્લોકમાં હડકંપ

ન્યુ દિલ્હી

કોરોના સંક્રમણના નિશાન પર જ્યાં સામાન્ય માણસ જ નહી સરકારનાં સીનિયર અધિકારીઓ પણ હોય તેમ લાગી રહ્યું છે. મંત્રીઓ પછી હવે ઉચ્ચ અધિકારીઓ પણ કોરોના પોઝિટિવ મળી રહ્યા છે. સંરક્ષણ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા હડકંપ મચી ગયો છે. અધિકારીનાં કોરોના સંક્રમિત આવ્યા બાદ સાઉથ બ્લોક ખાતો સંરક્ષણ મંત્રાલયનાં કાર્યાલયને ડિસઈન્પેખનનો કાર્યક્રમ ચલાવાઈ રહ્યો છે. સાથે જ અધિકારીના સંપર્કમાં આવેલા અન્ય સ્ટાફનાં લોકો અંગે પણ માહિતી મેળવવામાં આવી રહી છે. સુત્રો અનુસાર સંરક્ષણ મંત્રાલયના અધિકારીનો કોરોના પોઝિટિવ ટેસ્ટ રિપોર્ટ આવ્યા બાદ સાઉથ બ્લોકમાં હડકંપ મચી ગયો છે. અધિકારીના કોરોના પોઝિટિવ આવ્યા બાદ તેમનું કોન્ટેક ટ્રેસિંગ કરવામાં આવી રહ્યું છે. સમગ્ર સાઉથ બ્લોકને હાલ સેનિટાઈઝ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે.

હાથણી હત્યા કેસઃ મેનકા ગાંધીના રાહુલ ગાંધી પર પ્રહાર,રાજીનામું માંગ્યુ

ન્યુ દિલ્હી

કેરળનાં મલાપુરમમાં સગર્ભા હાથીનાં અનાનસમાં ભરેલા વિસ્ફોટક ખાવાથી મોતને ભેટવાનો બનાવ બન્યો છે. ભાજપ નેતા અને પૂર્વ કેન્દ્રીય પ્રધાન મેનકા ગાંધીએ આ માટે રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું છે. મેનકા ગાંધીએ કહ્યું કે, રાહુલ ગાંધી આ મામલે કેમ કોઈ પગલા ભરી રહ્યા નથી. જવાબદારીઓને કેમ પકડવામાં આવતી નથી? મેનકા ગાંધીએ એમ પણ કહ્યું હતું કે જ્યાં માદા હાથીનું મૃત્યુ થયું છે, તે જિલ્લો દેશનો સૌથી હિંસક વિસ્તાર કહેવાય છે.

આપને જણાવી દઈએ કે, કેરળનાં મુખ્યમંત્રી પિનરાઈ વિજ્યને આ કેસમાં કહ્યું હતું કે જેણે આ કર્યું છે તેને બક્ષવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે, જે સગર્ભા હાથીનાં મોત માટે જવાબદાર છે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. મુખ્યમંત્રીએ એ પણ માહિતી આપી હતી કે વન વિભાગની ટીમ માદા હાથીનાં મોતની તપાસ કરી રહી છે, ગુનેગારની શોધ કરવામાં આવી રહી છે.

ઓડિશા સરકારે શનિ-રવિ કેટલાક જિલ્લામાં શટડાઉનનો નિર્ણય કર્યો

ભૂવનેશ્વર

દેશમાં કોરોનાના કહેર વચ્ચે અર્થતંત્રને ફરીથી ધબકતું કરવા અનલોક-૧ મોટાપાયે છૂટછાટ આપવામાં આવી છે. તેની સાથે કોરોનાના કેસમાં પણ રોજબરોજ વધારો થઈ રહ્યો છે. આ દરમિયાન ઓડિશા સરકારે જૂન, ૨૦૨૦ દરમિયાન શનિવાર અને રવિવારે રાજ્યના કેટલાક જિલ્લામાં શટડાઉનનો નિર્ણય કર્યો છે. ઓડિશા સરકારના જણાવ્યા પ્રમાણે, જૂન ૨૦૨૦માં શનિવાર અને રવિવારે રાજ્યના ગંડમ, પુરી, નાયાગ્રહ, ખોરડા, કટક, જગતસિંહપુર, કેન્દ્રપદા, જાજપુર, ભદ્રક, બાલાસોર અને બાલનગિર જિલ્લામાં શટડાઉન રહેશે. માત્ર ઈમરજન્સી અને પબ્લિક સર્વિસને છૂટ આપવામાં આવશે. ઓડિશા સરકારના ઈન્ફોર્મેશન અને પબ્લિક રિલેશન્સ ડિપાર્ટમેન્ટના જણાવ્યા મુજબ, રાજ્યમાં કોવિડ-૧૯ના વધુ ૯૦ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે રાજ્યમાં કુલ કેસની સંખ્યા ૨૪૭૮ પર પહોંચી છે, જેમાંથી ૧૦૫૩ એક્ટિવ કેસ છે.



અમેરિકાના પોર્ટલેન્ડના બર્નસાઈ બ્રીજ પર આંદોલનકારીઓ નવ મિનિટ સુધી આડા પડી ગયા હતા અને પોલીસના જુલ્મ સામે વિરોધ દર્શાવ્યો હતો.

રાજ્યસભા ચૂંટણી પહેલાં કોંગ્રેસ લૉકડાઉનની સ્થિતિમાં

ભાજપનો વધુ એક ઘા : કોંગ્રેસના બે ધારાસભ્યોના રાજીનામા

કપરાડાના ધારાસભ્ય જીતુ ચૌધરી અને કરજણ બેઠકના ધારાસભ્ય અક્ષય પટેલે રાજીનામું આપતા કોંગ્રેસમાં સન્નાટો,કોંગ્રેસને કોરોના નહિ અસંતુષ્ટ વાયરસ નડ્યો

ગાંધીનગર

રાજ્યસભાની ચાર બેઠકની ચૂંટણી અગાઉ કોંગ્રેસ વધુ તૂટી છે. ગુજરાત કોંગ્રેસના વધુ બે ધારાસભ્યો કરજણના એમએલએ અક્ષય પટેલ અને કપરાડાંના એમએલએ જીતુ ચૌધરીએ રાજીનામા આપી દીધા હોવાના અહેવાલો વહેતાં થતાં જ રાજ્યની રાજકીય ઉત્તેજના વ્યાપી ગઇ છે. વડોદરા જિલ્લાના કરજણ વિધાનસભા બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય બે દિવસથી સંપર્ક વિહોણાં. આ ઉપરાંત ઠાસરાના કાંતિ સોઢા અને પણ સવાર સુધી કોંગ્રેસના સંપર્કમાં ન હતા અને આગામી સમયમાં વધુ રાજીનામાં પણ પડે તેવી શક્યતાઓએ કોંગ્રેસના નેતાઓની ઉંઘ હરામ કરી દીધી છે. વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ પણ કરજણ અને કપરાડાંના કોંગ્રેસના ધારાસભ્યાના રાજીનામાં તેમને મળ્યા હોવાની જાહેરાત કરી હતી. અગાઉ કોંગ્રેસના ૫ ધારાસભ્યોએ રાજીનામા આપ્યા હતા.

ગુજરાત સહિત દેશની રાજ્યસભાની ખાલી પડેલી ૧૮ બેઠકો માટે ૧૯ જૂનના રોજ યોજાનારી ચૂંટણી જાહેર થતાં જ રાજકીય ગતિવિધિ તેજ થઇ છે. કોરોના મહામારીના કારણે ૨૬ માર્ચે યોજાનારી રાજ્યસભાની ચૂંટણી મોકુફ રખાઇ હતી. ચાર બેઠકો માટે યોજાનારી ચૂંટણીમાં ભાજપે ત્રણ અને કોંગ્રેસે બે ઉમેદવારો ઊભા રાખ્યા છે. આને કારણે મતના અંકગણિતમાં ભાજપ કોંગ્રેસના ધારાસભ્યોને ખેરવે તો જ જીત શક્ય છે એ સંજોગોમાં માર્ચ મહિનામાં કોંગ્રેસમાંથી પાંચ ધારાસભ્યોએ રાજીનામા આપ્યા હતા. જેમાં લીમડીના સોમા ગાંડાભાઇ પટેલ, ધારીના જે.વી. કાકડીયા, અબડાસા પ્રદ્યુમનસિંહ જાડેજા, પ્રવિણ મારૂં અને ડાંગના મંગળ ગાવિતનો સમાવેશ થાય છે.

રાજ્યસભાની બેઠકો જીતવા માટે ભાજપ પાસે હાલ ૧૦૩ ધારાસભ્યોના મત છે જ્યારે કોંગ્રેસ પાસે ૭૩માંથી સાત રાજીનામા પડતાં સંખ્યાબળ ઘટીને ૬૬ થયું હતું. આ સિવાય એક અપક્ષ, એક એનસીપી તથા બે ભારતીય ટ્રાયબલ પાર્ટીના ધારાસભ્યોના મત મહત્વના છે. એક રાજ્યસભા બેઠક જીતવા માટે ૩૬ જેટલા મત જોઇએ એમ છે કોંગ્રેસને ત્રણ ધારાસભ્યના મત ખુટે છે જ્યારે ભાજપને બે ધારાસભ્ય મત ખુટે છે. ભાજપે એનસીપી અને બીટીપીના મતો અંકે કરી લીધા હોવાનો દાવો કર્યો હતો. બીજી તરફ કોંગ્રેસે પણ આ ત્રણેય મત મેળવવાની રણનીતિ ઘડી રાખી છે.

શું છે રાજ્યસભાની સીટોનું ગણિત?

ભાજપના ૩ ઉમેદવારે જીતવા કુલ ૩૫×૩=૧૦૫ મતની જરૂર પડે તેમ છે. હાલમાં ભાજપ પાસે ૧૦૩ ધારાસભ્યોનું સંખ્યા બળ છે. જો NCPના કાંધલ જાડેજાનો પણ મત મળે તો આ સંખ્યાબળ વધીને ૧૦૪ પર પહોંચે, એટલે કે ભાજપે જીત હવે નિશ્ચિત થઈ ગઈ છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે હવે ભારતીય ટ્રાઈબલ પાર્ટીના બંને ધારાસભ્યોના મત પણ ભાજપને મળશે.

ગુજરાત કોંગ્રેસ પાસે હાલ ૬૬ ધારાસભ્યો છે. કોંગ્રેસના ૨ ઉમેદવારને જીતવા ૩૫×૨ એટલે કે ૭૦ મત જોઈએ પરંતુ તેની પાસે ૬૬ મત છે. અપક્ષ ઉમેદવાર જીગ્નેશ મેવાણી કોંગ્રેસને મત આપે તો કોંગ્રેસને ૩ મત ખૂટે છે. આ સંજોગોમાં બીજા વિકલ્પ તરીકે નરહરી અમીન જીતી જાય, કેમ કે ભાજપ પાસે ૧૦૩ ધારાસભ્યો છે, જ તમામ સેકન્ડ પ્રેફરન્સ નરહરી અમીનને જ આપે.

સંયુક્ત રાષ્ટ્રના વરિષ્ઠ અધિકારીનું મોટું નિવેદન

કોરોનાના નામે ભારત સહિત કેટલાય એશિયન દેશો માનવાધિકારનું ઉલ્લંઘન કરી રહ્યા છે

મ્યૂનિખ

સંયુક્ત રાષ્ટ્રના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું છે કે ચીન અને ભારત સહિત કેટલાય એશિયન દેશો કોરોના વાયરસના નામ પર લોકો પાસેથી અભિવ્યક્તિની સ્વતંત્રતા છીનવી રહ્યા છે. કડક પ્રતિબંધ લગાવી રહ્યા છે. તેમની જબરદસ્તીથી ધરપકડ કરવામાં આવી રહી છે. આ ખૂબ જ અયોગ્ય પગલાં છે. આ માનવાધિકારો વિરુદ્ધ છે. સરકારે આ તરફ ધ્યાન આપવું જોઈએ.

યૂએન રાઈટ્સ પ્રમુખ મિશેલ બેશલેટે એક નિવેદન જાહેર કરતા કહ્યુ કે એશિયન દેશોમાં એવા લોકો સામે કઠોર નિર્ણય લેવાઈ રહ્યા છે જે પોતાની સરકાર વિરુદ્ધ અવાજ ઉઠાવી રહ્યા છે. જેના કારણે તેમની ધરપકડ થઈ રહી છે. જ્યારે, પીડિત લોકો માત્ર માહિતી અને સૂચનાઓ શેર કરતા હોય છે.

મિશેલે કહ્યું કે બાંગ્લાદેશ, કમ્બોડિયા, ચીન, ભારત, ઈન્ડોનેશિયા, મલેશિયા, નેપાળ, મ્યાનમાર, ફિલિપાઈન્સ, શ્રીલંકા, થાઈલેન્ડ અને વિયતનામમાં સોશિયલ મીડિયા દ્વારા સમાચાર કે માહિતી શેર કરતા લોકોની ધરપકડ કરવામાં આવી રહી છે. તેમના પર આરોપ લગાવવામાં આવે છે કે તેઓ પ્રેસ અને સોશિયલ મીડિયા મારફતે ખોટા સમાચાર અને અફવાઓ ફેલાવી રહ્યા છે.

યૂએન હાઇ કમિશ્નર મિશેલે કહ્યુ કે તે જરૂરી છે કે ખોટી માહિતીને ફેલાતા રોકવી જોઈએ જેથી સામાન્ય જનતાના સ્વાસ્થ્ય અને સુરક્ષાનું ધ્યાન રાખી શકાય. પરંતુ તેના નામે લઘુમતિઓ વિરુદ્ધ નફરત ફેલાવવી કે કાર્યવાહી કરવી તે યોગ્ય નથી.

મિશેન બેશલેટે કહ્યુ કે સરકાર પાસે કાર્યવાહી કરવાનો કાયદાકીય અધિકાર છે કે જેથી ખોટી માહિતી અને અફવાઓ ફેલાઈ ન શકે પરંતુ તેમણે સમાજના દરેક લોકોની સંવેદનશીલતા અને કાર્યવાહીની તીવ્રતાને ધ્યાનમાં રાખીને પગલાં લેવા પડશે. મિશેલ બેશલેટે કહ્યુ કે કોરોના વાયરસની મહામારીના નામ પર માહિતીના માત્ર આદાન-પ્રદાન, પ્રવાહ અને સ્વતંત્ર અભિવ્યક્તિ પર પ્રતિબંધ લગાવી શકાય નહીં. ચીન માટે તો મિશેલે ઘણી નારાજગી વ્યક્ત કરી હતી.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

શિક્ષણ તરીકા બદલાશે

કોરોના વાયરસના દુનિયામાં હાહાકાર વચ્ચે હવે કાર કરવાની પ્રક્રિયા ઝડપથી બદલાઇ રહી છે. એકબાજુ કોર્પોરેટ જગતમાં વર્ક ફ્રોમ હોમની નવી વ્યવસ્થા શરૂ થઇ ચુકી છે. કારોના કાળમાં જ્યારે લોકડાઉન વચ્ચે તમામ કારોબાર બંધ હતા ત્યારે કેટલીક કંપનીઓ કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ કહીને તેમની સેવા લઇ રહી હતી. હવે લોકડાઉન ખતમ થયા બાદ અનલોક-૧ની શરૂઆત થઇ ચુકી છે ત્યારે આ દિશામાં જ પહેલ થઇ રહી છે. શરતી રીતે કર્મચારીઓને ઘરેથી કામ કરવા માટે કહેવામાં આવ્યુ છે. આના કારણે કોર્પોરેટ જગત અને કારોબારને ફાયદો હોવાની સાથે સાથે નિયમો પણ સરળ રીતે પાળવામાં મદદ મળી રહી છે. પરિવહન ભથ્થા ચુકવવાની પણ પરેશાની આવી રહી નથી. આવી જ રીતે હવે શિક્ષણમાં પણ કોરોના કાળમાં ઓનલાઇન શિક્ષણને મહત્વ મળી રહ્યુ છે. મોટા ભાગની સ્કુલોમાં હવે ઓનલાઇન અભ્યાસની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જેને કેટલી સફળતા મળે થે અને વાલીઓ કેવો પ્રતિસાદ આપે છેતે બાબત પર તમામની નજર રહેશે. જો કે હાલમાં નાના બાળકો પાસેથી નિયમોને પાળવા માટેની નક્કર અપેક્ષા રાખી શકાય નહી જેથી ઓનલાઇન શિક્ષણ અસરકારક રહી શકે છે. કોરોનાના ગાળામા ભારત દુનિયાના એવા દેશોમાં સામેલ છે જ્યાં ખુબ ઝડપથી પરિવર્તન દરેક ક્ષેત્રમાં થઇ રહ્યા છે. આ તમામ પરિવર્તન માધ્યમ તરીકે શિક્ષણ વ્યવસ્થા બની રહી છે. આંકડા પર ધ્યાન આપવામાં આવે તો કહી શકાય છે કે છેલ્લા દશકોમાં સતત પ્રયાસોના કારણે પ્રાથમિક શિક્ષણના સ્તર પર પ્રવેશને લઇને અભૂતપૂર્વ વધારો થયો છે. ઉચ્ચ શિક્ષણમાં પણ પ્રવેશમાં સતત વધારો થઇ રહ્યો છે. પ્રવેશ સિવાય પર શિક્ષણના કેટલાક પાસા રહેલા છે. જેના પર વિસ્તારપૂર્વક ધ્યાન આપવામાં આવે અને વાતચીત કરવામાં આવે તે જરૂરી છે. દાખલા તરીકે શિક્ષણના સ્વરૂપના પ્રશ્ન, શિક્ષણની ગુણવત્તાના પ્રશ્ન અને શિક્ષણ તેમજ જ્ઞાન સંબંધિત પ્રશ્નનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શિક્ષણ અને રોજગારના સંબંધ અને શિક્ષણના ઉપયોગ તેમજ સામાજિક પરિવર્તનમાં તેની ભૂમિકાના પ્રશ્ન રહેલા છે. આંકડા સાક્ષી છે કે ભારતમાં શિક્ષિત યુવાનોની સંખ્યામાં રેકોર્ડ ગતિથી વધારો થઇ રહ્યો છે. શિક્ષણ હવે અમીર અને શહેરી લોકો સુધી મર્યાદિત રહી નથી. ગામ અને ગરીબ સુધી પણ શિક્ષણનુ સ્તર અને નેટવર્ક પહોંચી ચુક્યુ છે. ગરીબ બાળકો પણ શાનદાર દેખાવ ટોપ લેવલ પર શિક્ષણમાં કરી રહ્યા છે. આજે દુનિયાના કોણ પણ ભાગમાં જઇએ તો પણ જાણવા મળશે કે શિક્ષણને લઇને એક વૈશ્વિક જાગરુકતાનુ વાતાવરણ બની રહ્યુ છે. આની અસર ભારત પર પણ સ્પષ્ટપણે જોઇ શકાય છે. જે પણ નવી નીતિ બને છે તેમાં શિક્ષણ સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. જ્યારે પણ કોઇ આંકડા રજૂ કરવામાં આવે છે ત્યારે શિક્ષણ તેમાં પ્રમુખ મુદ્દા તરીકે રજૂ કરવામાં આવે છે. હવે શિક્ષણના સ્વરૂપને વૈશ્વિક સંદર્ભમાં જોવાનો સમય આવી ગયો છે. અમે જે સિક્ષણ આપી રહ્યા છીએ તે કઇ રીતે ગ્રહણ કરવામાં આવી રહી છે તેના પર ધ્યાન આપવાની જરૂર છે.

કોરોનાના લીધે હવે શિક્ષણ કલ્ચરમાં પણ ફેરફારો : ઓનલાઇન શિક્ષણની વ્યવસ્થા

અશ્વેતોને તેમના અધિકાર કઇ રીતે મળે તે ખુબ જરૂરી છે

ઘૃણાનો ખાતમો હવે જરૂરી બન્યો છે

અમેરિકામાં અશ્વેત નાગરિક જ્યોર્જ ફ્લોયડની હત્યાને લઇને મામલો દિન પ્રતિદન ગરમી પકડી રહ્યો છે.ડઝન જેટલા શહેકોમાં હાલમાં જોરદાર વિરોધ પ્રદર્શન જારી છે. કેટલાક શહેરોમાં આ પ્રદર્શન હિંસક થઇ રહ્યા છે. દેખાવકારો પોલીસની ટીમ અને કાફલા પર હુમલા કરી રહ્યા છે. સરકારી સંપત્તિને નુકસાન કરી રહ્યા છે. કેટલાક મોટા શહેરોમાં સંચારબંધીની સ્થિતી રહેલી છે. આ પ્રથમ વખત થઇ રહ્યુ નથી જ્યારે અશ્વેતો પ્રત્યે બેવડુ વલણ અપનાવવામાં આવી રહ્યુ છે. અશ્વેતો પ્રત્યે બેવડુ વલણ અને ખરાબ વલણ હોવાના કારણે વિરોધ પ્રદર્શન જારી છે. વિરોધ પ્રદર્શન પહેલી વખત થઇ રહ્યા નથી. પહેલા પણ આવા હિંસક દેખાવો થઇ ચુક્યા છે. જો કે વર્ષ ૧૯૬૦ બાદ પ્રથમ વખત બન્યુ છે જ્યારે પ્રદર્શન એટલા વ્યાપક પ્રમાણમાં થઇ રહ્યા છે. આ મામલામાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના તોર તરીકેની સામે પણ પ્રશ્ન ઉઠી રહ્યા છે. આ એવો સમય છે જ્યારે સમગ્ર દુનિયા કોરોના વાયરસના સકંજામાં છે. લોકોને સોશિયલ ડિસ્ટેન્સિંગની સલાહ આપવામાં આવી રહી છે. જોકે લોકો પ્રદર્શનમાં સામેલ થઇને સરકારની સામે પ્રશ્નો ઉઠાવી રહ્યા છે. અશ્વેત નાગરિક ફ્લોયડની મોતને લઇને જે વિડિયો સપાટી પર આવ્યો છે તે દિલધડક છે. એક શ્વેત પોલીસ અધિકારી જ્યોર્જની ગરદન પર પોતાના પગને મુકેલી હાલતમાં દેખાય છે. જ્યાં સુધી તે મરી જતો નથી ત્યાં સુધી તે પોતાના પગને ગરદન પરથી દુર કરતો નથી. પિડિત કેટલીક વખત છોડી દેવા માટે કહે છે. તે એમ પણ કહેતો નજરે પડે છે કે તે શ્વાસ લેવાની સ્થિતીમાં નથી. પોલીસે ચારે અધિકારીઓની સામે હત્યાનો કેસ દાખલ કરી દીધો છે. સાથે સાથે તપાસ પણ હાથ ધરવામાં આવી છે. સવાલ એ થાય છેકે શુ આ હત્યાને એમ જ ભુલાવી દેવી જોઇએ. અથવા તો ચર્ચા છેડાઇ જવી જોઇએ. જે અમેરિકાની નીવ જ સમાન અધિકાર અને સ્વતંત્રતાના આધાર પર વિશ્વાસ સાથે ઉભી છે તે અમેરકામાં આ પ્રકારના વિરોધ પ્રદર્શન ખુબ જ ખતરનાક છે. આવા દેશમાં અશ્વેત પ્રત્યે આ પ્રકારનુ વર્તન કેટલુ અયોગ્ય છે. તે તમામ લોકો સારી રીતે જાણે છે. ટ્રમ્પે પ્રદર્શનને રોકવા માટે પહેલા સેનાને ઉતારી દેવાની ધમકી આપી હતી. ત્યારબાદ સેનાને ઉતારી દેવામાં આવી હતી.



અશ્વેત લોકોને તેમના અધિકારની સાથે સાથે તેમના બરોબરીની તકો આપવા માટેના પ્રયાસ ટ્રમ્પ વહીવટીતંત્ર કરે તે ખુબ જરૂરી છે

અમેરિકા : હિંસાનુ કારણ શુ

અમેરિકામાં હાલમાં ભારે હાહાકારની સ્થિતી રહેલી છે. અમેરિકામાં અશ્વેત નાગરિક જ્યોર્જ ફ્લોયડની સાથે ખરાબ વર્તન અને ત્યારબાદ પોલીસ કસ્ટડીમાં તેના મોતના કારણે સમગ્ર અમેરિકામાં અશ્વેત લોકો હિંસા પર ઉતરી આવ્યા છે. આના કારણે હવે સ્થિતી વિસ્ફોટક બનેલી છે. હકીકતમાં ૨૫મી મેના દિવસે ૨૦ ડોલરની વકલી નોટનો ઉપયોગ કરવાના મામલે અશ્વેત અમેરિકન જ્યોર્જ ફ્લોયડની ધરપકડ કરી લેવામા આવી હતી. તેની ધરપકડ કરવામાં આવ્યા બાદ ઘટનાના કેટલાક વિડિયો સપાટી પર આવ્યા હતા. જેમાં એકમાં એક પોલીસ જવાન સાત મિનિટ સુધી જ્યોર્જના ગળા પર ઘુટણ મુકેલી સ્થિતીમાં દેખાઇ હતી. જ્યોર્જ એમ કહેતા કહેતા બેભાન થઇ ગયો હતો.તે શ્વાસ લઇ શકવાની સ્થિતીમાં નથી તેમ કહેતા તે બેભાન થઇ ગયો હતો. જો કે આરોપી પોલીસ જવાન ડેરેક શોવિનને દયા આવી ન હતી. જ્યોર્જના મોત બાદ પોલીસના આ રંગભેદી અત્યાચારની સામે હિંસાની શરૂઆત થઇ હતી.

અમેરિકી સરકાર માટે વિરોધ પ્રદર્શન બોધપાઠ સમાન છે. કેટલાકને બાદ કરતા અમેરિકામાં ક્યારેય અશ્વેતોને ન્યાય અને અધિકાર મળ્યા નથી. અમેરિકામાં અશ્વેતની સામે હિંસા રાજકીય મામલા પણ છે. સભ્ય સમાજમાં આજે પણ અમે રંગભેદના શિકાર થઇ રહ્યા છે. આ વિચાર કરીને જ ઘૃણા થવી જોઇએ, જો કે અમેરિકા આજે પણ રંગભેદના શિકાર તરીકે છે. સારી બાબત તો એ હોવી જોઇએ કે અમેરિકા ગંભીરતાથી વિચારણા કરીને સમસ્યાનો ઉકેલ શોધી કાઢે અમેરિકામાં મોટી સંખ્યામાં રહેલા અશ્વત લોકોને કઇ રીતે ન્યાય આપવામાં આવી શકે છે તે બાબત પર અમેરિકા ધ્યાન આપે તે જરૂરી છે. અશ્વેતોને તેમના બરોબરીના અધિકાર કઇ રીતે મળી શકે છે તે બાબત પણ ધ્યાન આપવાની જરૂર છે. અશ્વેત લોકોની સામે જારી ઘૃણાને દુર કરવા માટે અમેરિકાએ કઇરીતે પગલા લેવા જોઇએ તે મોટો પ્રશ્ન થયેલો છે. છેલ્લા બે દિવસના ગાળામાં જ વિરોધ પ્રદર્શન પાટનગર વોશિગ્ટન સુધી પહોંચી જતા હાલત ખરાબ થઇ રહી છે. જેના પરિણામસ્વરૂપે સાવચેતીના પગલારૂપે વ્હાઇટ હાઉસને બંધ કરવાની ફરજ પડી છે. અમેરિકામાં એકબાજુ કોરોનાના કારણે હાલત ખરાબ થયેલી છે. સૌથી વધુ પ્રભાવિત દેશમાં અમેરિકા પ્રથમ સ્થાન પર છે. અમેરિકામાં કોરોના વાયરસના કારણે લાખો કેસ સપાટી પર આવી ગયા છે. લોકો લોકોના મોત પણ થઇ ગયા છે. કોરોનાના કારણે એક્ટિવ કેસોની સંખ્યા પણ ખુબ મોટી છે. ગંભીર રીતે અસરગ્રસ્ત થયેલા દર્દીઓની સંખ્યા પણ ખુબ મોટી છે. આવી સ્થિતીમાં હવે અમેરિકામાં બેવડી આફત આવી ગઇ છે. અમેરિકામાં એકબાજુ કોરોના અને બીજુ બાજુ વ્યાપક હિંસાના કારણે લોકો મુશ્કેલી અનુભવી રહ્યા છે.

ટ્રમ્પ તંત્ર સામે પણ બેવડી આફત આવી ગઇ છે.અમેરિકામાં છેલ્લા બાવન વર્ષ બાદ સૌથી વિનાશકારી અને ભીષણ હિંસા હાલમા ફેલાઇ ગઇ છે. હિંસાને કાબુમાં લેવા માટે૪૦ શહેરોમા સંચારબંધી લાગુ કરી દેવામાં આવી છે. સાવચેતીના તમામ પગલા હાલમાં લેવામાં આવી રહ્યા હોવા છતાં સ્થિતી બેકાબુ બનેલી છે. હિંસાની આગ વોશિગ્ટન ડીસી સુધી પહોંચી છે.

આકર્ષક, સ્લીમ અને ફિટ બોડી તમામને પસંદ પડે છે....

સ્લીમ બોડી રાખવાનો ક્રેઝ વધ્યો છે

આધુનિક સમયમાં આકર્ષક, સ્લીમ અને ફિટ શરીર તમામને પસંદ પડે છે. આ પ્રકારની બોડી પોતાને જ નહી બલ્કે અન્ય જોનાર લોકોને પણ પસંદ પડે છે. પરંતુ જ્યારે પેટ નિકળી જાય છે ત્યારે અમારી પર્સનાલિટી પહેલા જેવી રહી જતી નથી. પેટ બહાર આવી ગયા બાદ શરીર ખરાબ થવા લાગી જાય છે. ફિટનેસ બગડવા લાગી જાય છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે વજન ક્યારપેય એકાએક વધતુ નથી. પરંતુ ધીમે ધીમે પૂર્ણ શરીરમાં વધે છે. જ્યારે પેટ થોડાકમાં પણ બહાર નિકળવા લાગે ત્યારે ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. જેથી ફિટનેસને જાળવી શકાય છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે સ્થુળતા પોતાની સાથે હમેંશા બીપી, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ સહિતની બિમારીને લઇને આવે છે. સાથે સાથે પર્સનલ લાઇફ પણ ડિસ્ટર્બ થવા લાગે છે. પુરતા પ્રમાણમાં ઉંઘ લેવાની બાબત ઉપયોગી સાબિત થાય છે. સાથે સાથે ભુખ લાગે છે તેના કરતા ઓછા પ્રમાણમાં ભોજન કરવાની જરૂર હોય છે. થાઇરાઇડ નિયમિત રીતે ચકાસી લેવાની પણ જરૂર રહે છે. સલાડનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે તો પણ સ્લીમ રહેવામાં મદદ મળે છે. કેટલાક યોગના આસન પણ ઉપયોગી સાબિત થાય છે. જેમાં સુર્યનમસ્કારનો સમાવેશ થાય છે. વૈજ્ઞાનિકો અને સંશોધકો હવે એક એવી રિસ્ટબેન્ડ શોધી કાઢવામાં સફળ રહ્યા છે જે તમામ લોકોને સ્લીમ રાખવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આધુનિક સમયમાં ભાગદોડની દુનિયામાં લોકોની લાઇફ સ્ટાઇલ ખૂબ જ વ્યસ્ત બની ગઇ છે. આવા સમયમાં લોકો જુદી જુદી તકલીફથી પરેશાન થયેલા છે. આ તમામ કારણોસર શરીર વધી જાય છે. સ્થૂળતાથી લોકો ગ્રસ્ત થયેલા છે. આવા સમયમાં ડાયટીંગ ઉપર લોકો ધ્યાન આપતા થયા છે. સવારે નિયમિતપણે કસરત અને જુદા જુદા પ્રકારના ડાઇટ લેવાનું લોકો પસંદ કરે છે. હવે રિસર્ચ સંશોધકોએ એક એવા બ્રેસલેટની શોધ કરી છે જે સ્લીમ રાખવામાં તથા વજનને કાબૂમાં રાખવામાં ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આ બ્રેસલેટ વજનને ખૂબ જ આરોગ્યના



જ્યારે પેટ બહાર આવી જાય ત્યારે અમારી પર્સનાલિટીમાં પહેલા જેવી વાત રહી જતી નથી : સ્લીમ રહેવા કેટલાક તરીકા અજમાવી શકાય છે

તરીકાથી ઘટાડશે. અપ બ્રેસલેટ કોઇપણ વ્યક્તિને વધુ સંતુલિત લાઇફ સ્ટાઇલ આપવામાં મદદરૂપ બનશે. હાથમાં બાંધવામાં આવનાર આ બ્રેસલેટ યુઝરની ખાવાની પ્રવૃત્તિ, તેની ટેવ, ઊંઘવાની ટેવ અને અન્ય તમામ એક્ટિવીટી ઉપર નજર રાખશે. આ વિશેષ પ્રકારના સાધનથી લોકોને આધુનિક સમયમાં મદદ મળશે. બ્રિટનના લોકપ્રિય અખબાર ડેલી મેલે સૂત્રોને ટાંકીને જણાવ્યું છે કે આ બ્રેસલેટ ઊંઘની અછત ધરાવતા લોકો માટે જરૂરી સૂચન અને સંકેત પણ કરી શકશે. ઇતિહાસમાં પ્રથમ વખત લાઇફ સ્ટાઇલ રોગને રોકવામાં પણ મદદ મળશે. હાથમાં બાંધવામાં આવનાર આ રિસ્ટ બેન્ડ અથવા તો બ્રેસલેટની કિંમત હજુ સુધી જારી કરવામાં આવી નથી પરંતુ કહેવામાં આવ્યું છે કે આની કિંમત તમામ લોકોને પોસાય તેવી રાખવામાં આવશે. જુદા જુદા કલરોમાં વિશ્વાસ રાખનાર લોકો માટે પણ આ બેન્ડ ઉપલબ્ધ રહેશે. જુદા જુદા રંગના બેન્ડ લોકો પોતાની વસ્ત્રોની પસંદગી મુજબ પહેરી શકશે.તાજેતરમાં જ કરવામાં આવેલા રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દૂધ વગર ચા પીવાથી વજનને ઘટાડવામાં મદદ મળે છે. વજન ઘટાડવામાં દૂધ વગરની ચા ખૂબ જ ઉપયોગી છે. વૈજ્ઞાનિકોએ વ્યાપક અભ્યાસ કર્યા બાદ કહ્યું છે કે ચાની અંદર ઉચ્ચસ્તરીય ઘટકો રહેલા છે. જે ફેટના પ્રમાણને ઘટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબીત થાય છે. નવા સંશોધનમાં જાણવા મળ્યું છે કે, થીઆફ્લેવીન્સ અને થીઆરૂબીગીન નામે ઓળખાતા ઘટકો સ્થુળતાને ગટાડવામાં ખૂબ જ ઉપયોગી સાબીત થાય છે. હાઇ ફેટ ડાઇટ ઉપર જ્યારે ઉંદરોમાં આ પ્રકારના પ્રયોગો કરવામાં આવ્યા ત્યારે તેનો ઘણો ફાયદો થયો હતો. અને આના પરિણામ પણ ઇચ્છીત રહ્યા હતા. સંશોધકો હવે માને છે કે આ નવા પરિણામથી ઘણી બાબતો જાણી શકાશે. ચાની અસરકારક અસરમાંથી બ્રિટનના લોકો લાભ લઇ રહ્યા નથી. વિશ્વના દેશોમાં ચાનું ઉપયોગ કરનારાઓમાં બ્રિટનના લોકોની સંખ્યા ખુબ મોટી છે. આસામના જોરહાટ વિસ્તારમાં ટી રિસર્ચ એસોશીએશનના વૈજ્ઞાનિક દેવાજીત બોર્થકુરે કહ્યું છે કે જ્યારે ચામાં દૂધ નાંખીને પીવામાં આવે છે ત્યારે દૂધના પ્રોટીન સાથે તેમાં રહેલા ઘટકો ભળી જાય છે. તેમણે કહ્યું છે કે અમને દૂધ પ્રોટીનમાંથી અથવા તો આ ઘટકોમાંથી કોઇપણ આરોગ્યના લાભ મળી શકતા નથી. જેથી દૂધ વગર ચા પીવાની સલાહ વૈજ્ઞાનિકો આપે છે. જાપાનમાં વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ચામાંથી ઘટકોનો ઉપયોગ યોગ્ય રીતે કરવામાં આવે તો તેનાથી પણ ફેટના પ્રમાણને ઘટાડી શકાય છે. જાપાનમાં કીરીન બેવેરેજ કંપની સાથે સંકાળાયેલા એક વૈજ્ઞાનિકે કહ્યું છે કે, જાપાનમાં પણ વ્યાપક પ્રમાણમાં અભ્યાસની પ્રક્રિયા ચલાવવામાં આવી છે.

અમદાવાદ લૉકડાઉનમાં બે ઝોનમાં ખૂન, મારામારી જેવા ગુના બન્યા: પોલીસ કમિશનર

અમદાવાદ

લૉકડાઉનના સમય દરમિયાન અમદાવાદ શહેરના ઝોન ૨ અને ઝોન પમાં આવતા પોલીસ સ્ટેશનની હદમાં ખૂન, ખૂનની કોશિશ, રાયોટિંગ અને મારામારી જેવા બનાવો બન્યા હતા. આ બનાવોમાં પાઇપ, લાકડી કે અન્ય તીક્ષણ હથિયારોનો ઉપયોગ થયો હતો. જેને લઈને શહેર પોલીસ કમિશનર આશિષ ભાટિયાએ આવા હથિયારો પર પ્રતિબંધ લાદી કડક કાર્યવાહી કરવા જાહેરનામું બહાર પાડ્યું છે. આ જાહેરનામું નિયમિત બહાર પાડવામાં આવતું હોય છે પણ આ વખતે રીન્યુ કરતી વખતે શહેર પોલીસ કમિશનરે આ પ્રકારના કારણો દર્શાવ્યા હતા. ત્યારે બંને ઝોનના અધિકારીઓ તેમના વિસ્તારમાં કાયદો વ્યવસ્થા ન સાચવી શક્યા તે સવાલ ઉપસ્થિત થઈ રહ્યો છે. કોવિડ ૧૯ દરમિયાન ભારત સરકાર દ્વારા લૉકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. આ સમય દરમિયાન ઝોન ૨માં આવતા શાહપુર, માધુપુરા, ચાંદખેડા અને ઝોન પમાં આવતા ખોખરા, અમરાઈવાડી, રામોલ, બાપુનગર, રામોલ અને ઓઢવ વિસ્તારમાં અનેક બનાવો સામે આવ્યા હતા. તલવાર, ચપ્પુ, ગુપ્તી, બેઝબોલ, છરી, લોખંડની પાઇપ જેવા હથિયારોનો ઉપયોગ કરી અસામાજિક તત્વો દ્વારા ખૂન, ખૂનની કોશિશ, રાયોટિંગ અને મહાવ્યથા જેવા ગુનાને અંજામ આપવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું. જેથી શહેર પોલીસ કમિશનરે એક નોટિફિકેશનને રીન્યુ કરી આ કારણો દર્શાવી કડક કાર્યવાહી કરવા સૂચન કર્યું છે. આ નોટિફિકેશનમાં આ વિસ્તારો અને તેમાં થયેલા બનાવો નોંપાન ઉલ્લેખ કરી આ પ્રકારના હથિયારો સાથે ફરનાર પર પ્રતિબંધ લાદી કાર્યવાહી કરવા ટકોર કરી છે. ઉલ્લેખનીય છે કે, આ તમામ વિસ્તારોમાં અનેક પ્રકારના ગંભીર શરીર સંબંધી બનાવો ધ્યાને આવતા હવે શહેર પોલીસ કમિશનરે આ જાહેરનામું બહાર પાડ્યું છે.

ગુજરાતમાં કોરોના મૃત્યુઆંકના ૮૧% અમદાવાદમાં જ્યારે ૪૧% માત્ર શહેરની સિવિલ હોસ્પિટલમાં

અમદાવાદ

રાજયમાં જીવલેણ વાયરસનાં કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે, સાથે સાથે મૃત્યુદરમાં પણ ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં અત્યારસુધી કોરોનાથી જેટલા મૃત્યુ નોંધાયા છે તેમાંથી ૮૧% અમદાવાદમાં જ્યારે જ્યારે ૪૧% માત્ર અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં નોંધાયા છે. તે ચિંતાનજક છે. અમદાવાદમાં સોમવાર સુધી કોરોનાથી કુલ ૧૦૬૩ વ્યક્તિના મૃત્યુ થયેલા છે. આ પૈકી ૮૬૪ માત્ર અમદાવાદ જિલ્લામાંથી છે. અમદાવાદ જિલ્લામાંથી કોરોનાથી જે મૃત્યુ નોંધાયા છે તેમાંના ૪૩૪ માત્ર અમદાવાદની સિવિલમાંથી છે. ગુજરાતમાં કોરોનાથી જે કુલ મૃત્યુ થયા છે તેમાંના ૪૦.૭૦% માત્ર અમદાવાદની સિવિલમાં નોંધાયા છે. આ ઉપરથી જ અમદાવાદ સિવિલની ચિંતાજનક સ્થિતિનો અંદાજ મેળવી શકાય છે. બીજી તરફ અમદાવાદની એસ.વી.પી. હોસ્પિટલમાંથી ૧૫૯, સોલા સિવિલમાંથી ૫૦ , અસારવાની કેન્સર હોસ્પિટલમાંથી ૫૮, અસારવાની કિડની હોસ્પિટલમાંથી ૩૬, યુએન મહેતા હોસ્પિટલમાંથી ૮, બાપુનગરની ઈ. એસ. આઇ. સી. હોસ્પિટલમાંથી ૪ જ્યારે અન્ય હોસ્પિટલમાંથી ૧૦૫ કોરોનાના દર્દીના મોત થયેલા છે. અમદાવાદમાં કોરોનાના દર્દીઓને ડિસ્ચાર્જ આપવાને મામલે સિવિલ હોસ્પિટલ બીજા સ્થાને છે. એસવીપી હોસ્પિટલમાંથી સૌથી વધુ ૧૫૭૧, સિવિલ હોસ્પિટલમાંથી ૧૪૨૮ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે.

રાજકોટના જંગલેશ્વર વિસ્તારને કન્ટેન્મેન્ટ ઝોનમાંથી કરાયો મુક્ત

રાજકોટ

ગુજરાતમાં કોરોના વાયરસનો કહેર વર્તાઈ રહ્યો છે, તો બીજી બાજુ અનલોકના કારણે આખા રાજ્યમાં જાણે કોરોના ભૂલાઈ ગયો હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. હાલ રાજકોટને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. રાજકોટના જંગલેશ્વર વિસ્તારને કન્ટેન્મેન્ટ ઝોનમાંથી મુક્તિ આપી દેવામાં આવી છે. જંગલેશ્વર વિસ્તારના ૨૭ હજાર લોકોને કન્ટેન્મેન્ટ ઝોનમાં રાખવામાં આવ્યા હતા, પરંતુ હવે માત્ર અંકુર સોસાયટીના ૨૩૦૦ લોકો ડ કન્ટેન્મેન્ટ ઝોનમાં રાખવામાં આવ્યા છે. કોરોનાને કારણે જંગલેશ્વર સતત ચર્ચામાં રહ્યું હતું. કોરોનાનો પ્રથમ કેસ ગુજરાતમાં રાજકોટના જંગલેશ્વરમાં નોંધાયો હતો.

આરબીઆઈ સુપ્રિમ કોર્ટને કહ્યુ,

છ મહિનાના વ્યાજ-મુક્ત મોરટોરિયમથી ૨ લાખ કરોડનું નુકસાન થશે

ન્યુ દિલ્હી

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ સુપ્રિમ કોર્ટને કહ્યું હતું કે, જો મોરટોરિયમની ૬ મહિનાની મુદતની ચુકવણી વ્યાજ મુક્ત કરવામાં આવે તો તેના પરિણામ રૂપે રૂ. ૨.૦૧ લાખ કરોડનું નુકસાન થશે. જે રાષ્ટ્રીય જીડીપીના ૧% બરાબર છે. આ સાથે જ રિઝર્વ બેંકે મોરેટોરિયમ પીરીયડને વ્યાજ મુક્ત કરવાનો પણ વિરોધ કર્યો છે. સેન્ટ્રલ બેંકે ભારપૂર્વક જણાવ્યું હતું કે મોરેટોરિયમનો હેતુ ફક્ત લોન ચુકવણીની જવાબદારીને સ્થગિત કરવાનો છે નહિ કે ચુકવણીમાંથી મુક્તિ નથી. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી કાઉન્ટર એફિડેવિટમાં, આરબીઆઈએ કહ્યું છે કે વ્યાજ મુક્તિથી રૂ. ૨,૦૧,૦૦૦ કરોડનું નુકસાન ફક્ત બેંકિંગ સિસ્ટમને થશે. આમાં નોન-બેંકિંગ ફાઇનાન્સ કંપનીઓ અને અન્ય નાણાકીય સંસ્થાઓને ગણવામાં આવી નથી. જો બેંકો આ રકમ નહીં લે તો તેનાથી બેંકિંગ સિસ્ટમની સ્થિરતાને મોટું નુકસાન થશે. આરબીઆઈએ જણાવ્યું હતું કે કોઈપણ આર્થિક રાહત એક તકનો ખર્ચ (ઓપોર્ચ્યુનિટી કોસ્ટ) છે. જો અરજદારની દલીલો સ્વીકારવામાં આવે છે, તો પછી લોન લેનારાઓ પરની ઓપોર્ચ્યુનિટી કોસ્ટનું ભારણ દેશના ધીરનાર અને થાપણદારો પર પડશે. સુપ્રીમ કોર્ટમાં આરબીઆઈ દ્વારા આપવામાં આવેલી મોરટેરિયમ સુવિધા સામે અનેક અરજીઓ દાખલ કરવામાં આવી છે. અરજીઓમાં જણાવાયું છે કે વ્યાજના દરમાં રાહત આપ્યા વિના લોન લેનારાઓને યોજનાનો કોઇ લાભ નહીં મળે. આ અરજીઓ પર જ સુપ્રીમ કોર્ટે રિઝર્વ બેંક પાસેથી જવાબ માંગ્યો હતો. આરબીઆઈએ સુપ્રીમ કોર્ટમાં પોતાનો જવાબ ફાઇલ કરતી વખતે આ અરજીઓનો વિરોધ કર્યો છે.

ગર્ભવતી હાથણીની ક્રુરતા પૂર્વક કરેલી હત્યા પર બોલિવૂડ સેલેબ્સે વ્યક્ત કરી લાગણી

મુંબઇ

કેરલમાં ભૂખી ગર્ભવતી હાથણીને અનાનસમાં ફટાકડા ખવડાવવાથી થયેલી મોત પર લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. જેમા બોલિવૂડ સ્ટાર્સપણ પાછળ રહ્યા નથી. બોલિવૂડ સ્ટાર્સે આ ઘટના પર ટ્વિટ કરી ગુસ્સો વ્યક્ત કરવાની સાથે દુઃખ પણ વ્યક્ત કર્યું છે. સ્ટાર્સે ટ્વિટ કરી હાથણી સાથે થયેલી હેવાનિયતને હત્યા ગણાવી ન્યાયની માંગ કરી છે.

આ ઘટના પર અક્ષય કુમારે લખ્યું, 'પ્રાણીઓ મનુષ્ય કરતા ઓછા જંગલી હોય શકે. આ હાથણી સાથે જે થયું તે આઘાતજનક, અમાનવીય અને અસ્વીકાર્ય હતું! દોષિતો સામે કડક કાર્યવાહી થવી જોઈએ. અક્ષય કુમાર સિવાય ઘણા સ્ટાર્સે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ઉલ્લેખનીય છે કે કેરલના સાઇલેંટ વેલી ફોરેસ્ટમાં એક ગર્ભવતી હાથણી માનવ ક્રુરતાનો શિકાર થઇ છે. હાથણીના મોંમાં ફટાકડાથી ભરેલું અનાનસ ફાટી ગયું. હાથણીના જડબા ખરાબ રીતે ફાટી ગયા અને તે ખાઇ પણ શકતી ન હતી. આખરે ગર્ભવતી હાથણીનું મોત થઇ ગયું, મુખ્ય વન્યજીવ વોર્ડન સુરેન્દ્ર કુમારનું કહેવું છે કે માનવામાં આવી રહ્યું છે કે ફટાકડા ભરેલું અનાનસ હાથણીને મારવાના ઈરાદાથી ખવડાવવામાં આવ્યું હતું મળતી માહિતી મુજબ હાથણીનું મોત ૨૭ મેંએ મલપ્પુરમ જિલ્લામાં વેલ્લિયાર નદીમાં થયું.

સત્તા પક્ષના ખાનગી હોસ્પિટલમાં દાખલ થાય તો સિવિલ હોસ્પિટલને લોકો શું સમજશે?

ભારતમાં લોકડાઉનનો છેદ ઉડાડી અનલોક જાહેર કરવામાં આવતા દેશભરમાં વેપાર,ધંધા, ઉદ્યોગો, માર્કેટોમાં ધીમી ગતૃએ ચહલ પહલ શરૂ થઈ ગઈ છે. તે સાથે લોકોમાં જેલમાંથી છુટકારો થયો હોય તેવો આનંદ અને ખુશી ફરી વળી છે. આ બધું છતા અમોએ અગાઉ આ જ કોલમમાં ઉલ્લેખ કર્યો હતો કે અનલોક-૧ માં આપેલ શરતોને આધીન છૂટછાટ બાદ પણ કોરોના કસો વધવાની દહેશત વધુ છે. અને ખરેખર અનલોક-૧ પછી રોજેરોજ કોરોનાના નવા કેસોમાં વધારો થઈ રહ્યો છે. જોકે સરકારી તંત્રનું કહેવું છે તે ટેસ્ટની સંખ્યા વધારવાથી વધુ કેસો બહાર આવી રહ્યા છે. છેલ્લે મળતી વિગતો અનુસાર દેશભરમાં કોરોનાગ્રસ્તોની સંખ્યા ૨,૧૦,૦૦૦ થવા તરફ આગળ જઈ રહી છે. તો મૃતાક ૬ હજારને પાર થઈ ગયો છે. રોજેરોજ આઠેક હજાર નવા કેસો વધી રહ્યા છે..... ગુજરાત રાજયમાં પણ રોજે રોજ નવા કેસો અનલોક છૂટછાટ આપ્યા પછી વધતા જઈ રહ્યા છે. પરિણામે કોરોના ગ્રસ્તોની સંખ્યા ૧૮ હજારની પાર થઈ ગઈ છે. જ્યારે મૃતાક ૧૧૩૪ પર પહોંચી ગયો છે. ટૂંકમાં આરોગ્ય મંત્રી નીતિનભાઇ પટેલના કહેવા અનુસાર કોરોના હજુ ગયો નથી અને નજીકના સમયમાં જવાનો નથી. ત્યારે દરેકે નીતિ નિયમો પાળી સાવચેત રહેવું જરૂરી છે. નહીતો.... કોરોના સંક્રમિતોની સંખ્યા અડધા ગુજરાતમા ફરી વળે તેવી દહેશત છે.....! બીજી તરફ ગુજરાત સરકાર અને આરોગ્ય તંત્ર સિવિલ હોસ્પિટલમા કોરોના સંક્રમિતો માટે તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરી હોવાના દાવા કરે છે. જે દાવા પર શંકાના વમળો ખુદ ભાજપાના ધારાસભ્યો ઉભા કરાવી રહ્યા છે....! નિકોલના ધારાસભ્ય અને અમદાવાદ શહેર ભાજપ પ્રમુખનો કોરોના પોઝેટીવ આવતા એશિયાની સૌથી મોટી હોસ્પિટલ સિવિલમા દાખલ ન થતાં એપોલોમાં ભરતી થયા.... શા માટે....? તેવો સવાલ આમ લોકોમાં ઉઠવા પામ્યો છે....! ત્યારે સત્તાધારીઓ જ સિવિલમાંની સુવિધાઓની ગાઈ બજાવીને જાહેરાતો કરતા હોય અને ખૂદ સત્તા પક્ષના ધારાસભ્ય સિવિલના બદલે એપોલોમાં ભરતી થાય તો તેનો અર્થ શું સમજવો.....?તેવો લોકોમાં પ્રશ્ન ઉઠવા પામ્યો છે.....!

દેશમાં રાજયસભાની બેઠકો માટે ચૂંટણી યોજાનાર છે. ત્યારે રાજકારણમાં ગરમાટો વ્યાપી ગયો છે. કોરોના મહામારીને ભુલી ભાજપા રાજયસભામાં બહુમતી મેળવવા માટે વલખા મારી રહ્યો છે....! ત્યારે ગુજરાતમાં સત્તાધારી ભાજપાએ પોતાના દાવપેચ શરૂ કરી દીધા છે અને તેને પ્રથમ સફળતા કોંગ્રેસના બે ધારાસભ્યોના રાજીનામાં અપાવીને વિકેટ પાડી દીધી છે.....!! જોકે અન્ય કોંગ્રેસી ધારાસભ્ય રાજીનામું આપવાના હતા તેવી હવા હતી પરંતુ આણંદના ધારાસભ્ય રાજીનામું ન આપ્યું હોવાની વાત પત્રકારો સમક્ષ કરતા ભાજપા માટે રાજ્ય સભાની ત્રણ બેઠક જીતવાની ગણતરી ઊંધી પડી શકે તેવી સ્થિતિ ઉદભવવા પામી છે....! છતાય આ તો ભાજપા સરકાર છે જે એમપી સરકારનો ઘડો-લાડવો કરી નાખે તે ગમે તે કરી શકે.....!! કારણ પ્રેમ અને ચૂંટણી યુદ્ધમાં બધું જ વર્જ્ય છે.....! છતાંય કોંગ્રેસે બાજ નજરે વ્યવસ્થા ગોઠવી દીધી છે.બીજી તરફ શંકરસિંહ વાઘેલાએ એનસીપી છોડી દીધા પછી જે રીતે નવા પરિધાન અને મુદ્દાઓ સાથે મેદાનમાં આવ્યા છે તેમાં દારૂબંધી હટાવવાના મુદ્દા પર બહુમત લોકો તેમની સાથે જઈ રહ્યા છે.....!તો હવે ટ્રમ્પના સ્વાગત માટે પ્રજાના ટેક્ષમાંથી કરવામાં આવેલા કરોડો રૂપિયાના ખર્ચનો હિસાબ માંગ્યો છે... તેમણે વોટ લેવા ગરીબી બતાવવી અને વિકાસના નામે ગરીબી ઢાકવા દીવાલો ઊભી કરી... ચૂંટણીમાં ૧૫ લાખ આપવાની વાત કરવી પણ.... તેનો અર્થ શું....? ટ્રમ્પ તુડ મિજાજી છે ત્યાના લોકો તેને ફેંકુ- જુમલેબાજ કહે છે... અને અહીંયા પણ..... વગેરે પ્રજાકિય મુદ્દા ઉઠાવતા ભાજપાના નેતાઓમા અને કોંગ્રેસમાં અજંપો ઊભો કરી દીધો છે.....! બીજી તરફ સ્વામિનારાયણ શાળાઓએ વિદ્યાર્થીઓની રૂ. એક કરોડ જેવી ફી માફ કરી દીધી છે જેના કારણે અનેકોમા ખુશી ફરી વળી છે... તો મોટાભાગના વિદ્યાર્થીઓના માતા-પિતા હાલમાં શાળાઓ ચાલુ થાય તેવું ઈચ્છતા નથી કારણ કે એક જ કોરોના સંક્રમિત વિદ્યાર્થી આવી જાય તો અનેક વિદ્યાર્થીઓની જિંદગી જોખમમાં મૂકી દે તેવો ડર છે.....! તો બીજી તરફ શાળા શરૂ થાય તે પહેલા શાળાની ફી ઉઘરાવવાનું શરૂ થતાં અનેક વાલીઓ તકલીફમાં મુકાઈ ગયા છે કારણ આવક જ નથી થઈ.....!! તો સરકાર પણ ફી માફી આપવી એ વીજળી બિલ માફી આપવા તૈયાર નથી તેથી પરિસ્થિતિ વધુ પરેશાન રૂપ બની છે....! ત્યારે લોકો સવાલ કરે છે કે આ સરકાર ગરીબોની,મજુરોની, મધ્યમવર્ગની છે કે પછી શ્રીમંતોની.....? વંદે માતરમ્

મુખ્યમંત્રી વિજય રૂપાણી પહેલા પાનાથી ચાલુ

ધરાવતા વીજ ગ્રાહકોને મે ૨૦૨૦ના ફિક્સ ચાર્જિસનું રૂ. ૪૦૦ કરોડનું ભારણ હાલમાં ન પડે તે હેતુથી આ ફિક્સ ચાર્જિસના ચુકવણા માટે મુદત વધારી સદર રકમ સપ્ટેમ્બર ૨૦૨૦ થી ડિસેમ્બર ૨૦૨૦ એમ ચાર મહિનામાં વ્યાજ વગર સરખા ભાગે ચુકવવાની છુટ આપવામાં આવે છે.

વિવિધ નાની દુકાનો જેવી કે કરીયાણા, કાપડ, રેડીમેઇડ કપડા, મેડીકલ સ્ટોર, હાર્ડવેર, કલરકામ, પ્રોવિઝનલ સ્ટોર, કટલરી, બેકરી, સ્ટેશનરી, મોબાઈલ શોપ્સ, ગેરેજ, શોપીગ સેન્ટરો અને મોલમાં આવેલી દુકાનો તેમજ વિવિધ સેવાઓ જેવી કે વકીલો, ચાર્ટેડ એકાઉન્ટ, ટ્રાવેલ એજન્સીઓ, ટ્રાન્સપોર્ટની ઓફિસો, કોચીંગ ક્લાસ, ફોટો સ્ટુડીઓ, બ્યુટી પાર્લર, સલુન ચલાવતા દુકાનદારોને કોરોના મહામારીના સમયમાં લોકડાઉનના કારણે આવક થઈ ન હતી. આથી તેમને આર્થિક રાહત આપવાના હેતુથી જુન, જુલાઇ અને ઓગષ્ટના એમ ત્રણ મહિના માટે લાગતો વીજકર ૨૦ ટકાથી ઘટાડી ૧૫ ટકા કરવામાં આવશે. આનો લાભ રાજયના ૩૦ લાખ જેટલા દુકાનદારો / વેપારીઓ / કારીગરોને મળશે. આ અંતર્ગત રાજય સરકાર દ્વારા રૂ. ૮૦ કરોડની આર્થિક રાહત આપવામાં આવશે.

લોક ડાઉનના કારણે નાગરિકોને પરિવહન માટે નિયંત્રણ હોવાથી ખાનગી લક્ઝરી બસો (કોન્ટ્રાકટ કેરેજ બસો) તથા જીપ, ટેક્ષી (મેક્સી કેબ)ના વગેરેના ધંધાને ઘણી મોટી અસર થઈ છે. આવા સંજોગોમાં તેમને ૧લી એપ્રિલ-૨૦૨૦ થી ૩૦ સપ્ટેમ્બર-૨૦૨૦ સુધીના ૬ મહિનાના રોડ ટેક્ષ ભરવામાં સંપૂર્ણ માફી આપવામાં આવશે. જે અંતર્ગત ૬૩ હજાર વાહન ધારકોને રૂ. ૨૨૧ કરોડની રોડ ટેક્ષ માફી મળશે.

આ ઉપરાંત રાજયના માર્ગ અને મકાન, સિંચાઇ, પાણી પુરવઠા અને નર્મદા જેવા વિભાગોના સરકારી કામો માટે કોન્ટાક્ટરોને હંગામી ધોરણે વીજ કનેક્શન આપવામાં આવે છે. લોકડાઉન દરમ્યાન પ્રોજેક્ટનું કામ બંધ હોવાથી આ દરમિયાન ચાર્જ કરવામાં આવેલ ફિક્સ્ડ વીજ બિલને માફ કરીને રૂ.૫ કરોડની સહાય આપવામાં આવશે.

રાજયમાં કોવિડ-૧૯ની મહામારીની પરિસ્થિતિને કારણે ધીમી પડેલી ઔધોગિક પ્રવૃત્તિને વેગવંતી બનાવવા માટે રૂ.૭૬૮ કરોડની કેપીટલ અને વ્યાજ સબસીડીનું ૩૧ જુલાઇ ૨૦૨૦ સુધીમાં ચૂકવણું કરવામાં આવશે. જેના કારણે ઉદ્યોગોને નાણા ભીડમાંથી મોટી રાહત મળશે.

રાજયમાં ઔધોગિક ક્ષેત્રે ટેક્ષટાઇલ ઉદ્યોગ મહત્ત્વનું સ્થાન ધરાવે છે તેમજ વિપુલ પ્રમાણમાં રોજગારી પુરી પાડે છે. આવા ટેક્ષટાઇલ ઉદ્યોગોને રૂ. ૪૫૦ કરોડ કેપીટલ અને વ્યાજ સબસીડીનું ચૂકવણું ૩૧ જુલાઇ ૨૦૨૦ સુધીમાં કરવામાં આવશે. કોવિડ-૧૯ની મહામારીની વિકટ પરિસ્થિતિમાં રાજયના તમામ પ્રકારના ઔધોગિક એકમોને લાભ મળી રહે તે જરુરી છે. જે અન્વયે મેગા ઈન્ડસ્ટ્રીઝને પણ રૂ.૧૫૦ કરોડ કેપીટલ અને વ્યાજ સબસીડીનું ૩૧ જુલાઇ ૨૦૨૦ સુધીમાં ચૂકવણું કરવામાં આવશે.

રાજયના ૩૨૦૦ કરતા વધુ વેપારીઓને રૂ.૧૨૦૦ કરોડનું પડતર વેટ અને GST રિફંડ ૩૧ જુલાઇ ૨૦૨૦ સુધીમાં ચુકવવામાં આવશે જેથી આ વેપારીઓને નાણાં ભીડમાંથી રાહત મળશે. રાજયના ૨૭ હજારથી વધુ ઉદ્યોગ સાહસિકોને બાજપેયી બેન્કેબલ યોજનામાં રૂ.૧૯૦ કરોડની સબસીડીની રકમ ૩૧ જુલાઇ ૨૦૨૦ સુધીમાં ચુકવવામાં આવશે.

સોલાર રુફ ટોપ યોજના હેઠળની ૬૫૦૦૦ કુટુંબો માટેની રૂ. ૧૯૦ કરોડની સબસીડી ૩૧ જુલાઇ ૨૦૨૦ સુધીમાં આપવામાં આવશે. ગુજરાત એગ્રો-ઈન્ડસ્ટ્રીઝ કાર્પોરેશનના માધ્યમથી એગ્રો અને ફુડ પ્રોસેસીગ એકમોને રૂ. ૯૦ કરોડની કેપીટલ અને વ્યાજ સબસીડી ૩૧ જુલાઇ ૨૦૨૦ સુધીમાં આપવામાં આવશે.

છઠ્ઠીએ બંને પહેલા પાનાથી ચાલુ

ઉત્તરમાં કારાકોરમ પાસ, જે લગભગ ૧૮ કિલોમીટર લાંબો છે અને અહીં દૌલાત બેગ ઓલ્ડિ છે, જે દેશનો સૌથી ઊંચું એરફિલ્ડ છે. હવે કારાકોરમ દૌલાત બેગ ઓલ્ડિ સાથે માર્ગ દ્વારા જોડાયેલ છે. દક્ષિણમાં ચૂમર છે, જે હિમાચલ પ્રદેશથી સંપૂર્ણ રીતે જોડાયેલ છે. પેનગોંગ તળાવ પૂર્વી લદ્દાખમાં ૮૨૬ કિલોમીટરની સરહદની મધ્યમાં ખૂબ નજીક છે. ૧૯ છેપ્લેજંગસ્ટ ૨૦૧૭ ના રોજ, પેંગોંગ તળાવ પર બંને દેશોના સૈન્ય વચ્ચે ઘર્ષણ થયું હતું. કેટ્ટો જનરલ દ્વારા સ્થિર તળાવ પર તાલીમ આપવામાં આવી હતી. પેંગોંગનો અર્થ લદાખની ભાષામાં છે, ઊંડો સંપર્ક છે અને ત્સો એક તિબેટીયન શબ્દ છે જેનો અર્થ છે તળાવ. આ તળાવ હિમાલયમાં ૧૪,૦૦૦ ફૂટથી વધુની ઉંચાઇ પર છે. તળાવ લેહથી લગભગ ૫૪ કિલોમીટરના દક્ષિણ પૂર્વમાં છે. ૧૩૫ કિલોમીટર લાંબા તળાવ ૬૦૪ ચોરસ કિલોમીટરથી વધુ વિસ્તારમાં ફેલાયેલો છે. શિયાળામાં સંપૂર્ણપણે થીજી જતા થયેલા તળાવ વિશે કહેવાય છે કે ૧૯ મી સદીમાં ડોગરા કિંગડમના જનરલ ઝોરાવરસિંહે તેમના સૈનિકો અને ઘોડાઓને થીજી ગયેલા તળાવ પર તાલીમ આપી હતી. ત્યારબાદ તે તિબેટમાં પ્રવેશ્યો. આ તળાવનો રસ્તો ચીન માટે ફાયદાકારક છે. જોકે આ તળાવની વ્યૂહરચના બહુ મહત્વની નથી. પરંતુ તે ચુશુલના માર્ગમાં આવે છે અને તે ચીનના માર્ગ પર છે. કોઈપણ હુમલા સમયે ચીન આ માર્ગની મદદથી ભારતની સીમામાં પ્રવેશ કરી શકે છે. ૧૯૬૨ ના યુદ્ધમાં બંને દેશો પહેલીવાર સામ-સામે હતા ત્યારે ચીને આ માર્ગનો ઉપયોગ કરીને હુમલો શરૂ કર્યો હતો. ભારતીય સેનાએ તે સમયે રેજંગ લા પાસ પર ચીનને બહાદુરીથી જવાબ આપ્યો હતો. ચૂશુલમાં, તે સમયે ૧૩ કુમાઉં, જેનું નેતૃત્વ મેજર શૈતાન સિંઘ દ્વારા કરવામાં આવ્યું હતું, યુદ્ધના અંત સુધી ટક્યા હતા. છેલ્લા કેટલાક વર્ષોમાં, ચીની સેનાએ પેંગોંગ તળાવના કાંઠે રસ્તાઓ બનાવ્યા છે. ૧૯૯૯ માં, જ્યારે કારગિલનું યુદ્ધ ચાલુ હતું, ત્યારે તે સમયે, ચીને ભારતની સરહદમાં તળાવના કાંઠે પાંચ કિલોમીટર લાંબો રસ્તો બનાવવાની તકનો લાભ લીધો હતો. તળાવની ઉત્તરીય બાજુએ છંગ ચેન્મો નામની વેરાન ટેકરીઓ છે. આ ટેકરીઓના ઉભા કરેલા ભાગને સેના દ્વારા 'ફિંગર્સ' કહેવાય છે.

ભારતે દાવો કર્યો છે કે એલએસીની ફિંગર આઠની મર્યાદા છે પરંતુ તે ફક્ત ફિંગર ૪ સુધીના ક્ષેત્રને નિયંત્રિત કરે છે. ફિંગર ૪ અને ફિંગર ૮ શું છેઃ ફિંગર ૮ પર ચીની સરહદ પોસ્ટ્સ છે. જ્યારે તે માને છે કે લાક ફિંગર ૨ થી પસાર થાય છે. લગભગ છ વર્ષ પહેલાં, ચીની સૈન્યએ ફિંગર ૪ પર કાયમી બાંધકામ કરવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં ભારતના આકરા વિરોધ પછી તેને છોડી દેવામાં આવ્યો હતો. ફિંગર ૨ પર લશ્કરી પેટ્રોલિંગ માટે, ચીની સૈન્ય પ્રકાશ વાહનોની કારનો ઉપયોગ કરે છે અને અહીંથી પરત આવે છે. જો તે પેટ્રોલિંગ દરમિયાન ભારતની પેટ્રોલિંગ ટીમનો સામનો કરે છે, તો તેને પાછા ફરવાનું કહેવામાં આવે છે. આ મુદ્દે વિવાદ થાય છે કારણ કે વાહનો એવી સ્થિતિમાં હોય છે કે તેઓ વળાંક લઈ શકતા નથી. આ લડાઇ ફિંગર ૫ પર થઈ હતી. ભારતીય સેના પેટ્રોલિંગ કરે છે અને તાજેતરના તણાવ દરમિયાન પેટ્રોલિંગ ફિંગર આઠ સુધી લંબાવી દેવામાં આવી છે. મે મહિનામાં ફિંગર ૫ ના વિસ્તારમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે લડાઇ થઈ હતી. આને કારણે બંને પક્ષો વચ્ચે મતભેદ છે. ચીની સેનાએ ભારતીય સૈનિકોને ફિંગર ૨ થી આગળ વધતા અટકાવી દીધા હતા. આને કારણે પરિસ્થિતિ એકદમ તંગ બની હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે ગેલવાન ખીણમાં ૫,૦૦૦ ચિની સૈનિકો હાજર છે. એલએસી પર તણાવપૂર્ણ પરિસ્થિતિ વચ્ચે, જ્યાં એક તરફ સૈન્યએ આકરૂં વલણ અપનાવ્યું છે, ભારતીય વાયુ સેના (આઈએએફ) પણ હરકતમાં આવી છે.

મહામારીના પહેલા પાનાથી ચાલુ

મહત્વના છે. ભારત અને ઓસ્ટ્રેલિયા ફક્ત દ્વીપક્ષીય સંબંધો જ નહી પરંતુ બહુપક્ષીય સંબંધોને પણ મજબૂત કરવામાં માને છે અને એટલા માટે જ જાપાન, મલેશિયા તેમજ યુએસ સાથે વધુ ભાગીદારી વધારવા તરફ જુએ છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વેપાર, શિક્ષણ, ટેક્નોલોજી સહિત અનેક ક્ષેત્રે ભાગીદારી ધરાવે છે અને આગામી સમયમાં સંબંધોને વધુ ઊંચાઈએ લઈ જવાશે. પીએમ મોદીના આમંત્રણ પર હું ભારત જરૂર આવીશ અને ભારતીય ખીચડીનો સ્વાદ માણીશ તેમ સ્કોટ મોરિસને જણાવ્યું હતું. મહામહિમ, સમકાલીન વિશ્વમાં દેશોની એકબીજા પાસેથી અપેક્ષાઓ અને આપણાં નાગરિકોની આપણી પાસેથી અપેક્ષાઓ વધી ગઈ છે. લોકશાહી મૂલ્યો વહેંચવાના નાતે, આપણાં બંને દેશોની ફરજ છે કે આ અપેક્ષાઓ ઉપર ખરા ઊતરીએ. એટલા માટે, વૈશ્વિક કલ્યાણના મૂલ્યો, જેમ કે લોકશાહી, કાયદાનું શાસન, સ્વતંત્રતા, પારસ્પરિક આદર, આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનું સન્માન, અને પારદર્શકતા વગેરેને જાળવી રાખવા તેમજ તેમની રક્ષા કરવી એ આપણી પવિત્ર જવાબદારી છે. તે એક રીતે ભવિષ્યની માટે આપણી વિરાસત છે. આજે જ્યારે જુદી જુદી રીતે આ મૂલ્યોને પડકાર ફેંકવામાં આવી રહ્યો છે, તો આપણે આપણાં પારસ્પરિક સંબંધોને મજબૂત કરીને તેમને સશક્ત બનાવી શકીએ છીએ. મહામહિમ, ભારત ઓસ્ટ્રેલિયાની સાથે પોતાના સંબંધોને વ્યાપક રૂપે અને ઝડપી ગતિથી વધારવા માટે પ્રતિબદ્ધ છે. તે માત્ર આપણાં બંને દેશોની માટે જ મહત્વપૂર્ણ નથી પરંતુ ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર અને વિશ્વની માટે પણ જરૂરી છે. મને ખુશી છે કે આપણાં જુદા જુદા સંસ્થાગત સંવાદો આપણાં સંબંધોને અર્થ પૂરો પાડી રહ્યા છે . બંને દેશોની વચ્ચે સતત ઉચ્ચ સ્તરીય આદાન પ્રદાન પણ થઈ રહ્યા છે. વેપાર અને રોકાણ પણ વધી રહ્યું છે. પરંતુ હું એવું નહીં કહું કે હું આ ગતિથી , આ વિસ્તારથી સંતુષ્ટ છું. જ્યારે તમારા જેવા નેતા અમારા મિત્ર રાષ્ટ્રનું નેતૃત્વ કરી રહ્યા હોય, તો આપણાં સંબંધોમાં વિકાસની ગતિનો માપદંડ પણ મહત્વાકાંક્ષી હોવો જોઈએ .

મને ઘણી પ્રસન્નતા છે કે આજે આપણે આપણાં દ્વિપક્ષીય સંબંધોને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીના રૂપમાં અપગ્રેડ કરી રહ્યા છીએ. વૈશ્વિક મહામારીના આ સમયમાં આપણી વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીની ભૂમિકા વધારે મહત્વપૂર્ણ રહેશે. વિશ્વએ આ મહામારીના આર્થિક અને સામાજિક દુષ્પ્રભાવોમાંથી જલ્દીથી જલ્દી બહાર નીકળવા માટે એક સંકલિત અને સંગઠિત પહોંચ અપનવવાની જરૂરિયાત છે. અમારી સરકારે આ સંકટને એક તકની જેમ જોવાનો નિર્ણય લીધો છે. ભારતમાં લગભગ તમામ ક્ષેત્રોમાં વ્યાપક સુધારાઓની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. ખૂબ ટૂંક સમયમાં જ ગ્રાઉન્ડ લેવલ પર તેના પરિણામો જોવા મળશે. આ મુશ્કેલ સમયમાં તમે ઓસ્ટ્રેલિયામાં ભારતીય સમુદાયનું, અને ખાસ કરીને ભારતીય વિદ્યાર્થીઓનું જે રીતે ધ્યાન રાખ્યું છે તે માટે હું વિશેષ રૂપે આભારી છું. મારુ માનવું છે કે ભારત અને ઓસ્ટ્રેલિયા ના સંબંધોને વધુ સશક્ત કરવા માટે આ એકદમ સારો સમય છે. સારો અવસર છે. આપણી મિત્રતાને વધારે મજબૂત બનાવવા માટે આપણી પાસે અસીમ શક્યતાઓ છે. આ શક્યતાઓ પોતાની સાથે પડકારો પણ લાવે છે. એવા પડકારો કે કોઈ રીતે આપણે આ સક્ષમતાઓને વાસ્તવિકતામાં પરિવર્તિત કરીએ, જેથી કરીને બંને દેશોના નાગરિકો, વેપારીઓ, શિક્ષણવિદો, સંશોધકો વગેરેની વચ્ચેનું જોડાણ વધારે મજબૂત બને. કઈ રીતે આપણાં સંબંધો આપણાં ક્ષેત્રની માટે અને વિશ્વની માટે એક સંતુલિત ઘટક બને, કઈ રીતે આપણે સાથે મળીને વૈશ્વિક હિત માટે કાર્ય કરીએ, આ બધા જ પાસાઓ ઉપર વિચાર કરવાની જરૂર છે.

૨૪ કલાકમાં પહેલા પાનાથી ચાલુ

આવી રહ્યાં છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૭૪૮૬૦ કેસ નોંધાયા છે જ્યારે ૨૫૮૭ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડુમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડુમાં અત્યાર સુધીમાં કુલ ૨૫૮૭૨ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૨૦૮ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૨૩૬૪૫ કેસ નોંધાયા છે જ્યારે ૬૦૬ લોકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાતમાં ૧૮૧૧૭ લોકો સંક્રમણમાં આવ્યા છે ૧૧૨૨ લોકોના મોત થયા છે. રાજસ્થાનમાં અન્ય બિમારીઓથી પીડિત ૧૭૬ લોકોએ કોરોનાને હરાવ્યો છે.

બીજી બાજુ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે જણાવ્યું કે, અત્યાર સુધી ૪૨ લાખ ૪૨ હજાર ૭૧૮ સેમ્પલની તપાસ કરાઈ છે. સાથે જ છેલ્લા ૨૪ કલાકમાં એક લાખ ૩૯ હજાર ૪૮૫ સેમ્પલનું ટેસ્ટિંગ થયું છે. દેશમાં સૌથી વધારે ૭૮,૮૬૦ દર્દીઓ મહારાષ્ટ્રમાં છે જ્યાં ૨,૫૮૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. તમિલનાડુમાં ૨૫,૮૭૨ દર્દીઓ સંક્રમિત થયા છે અને ૨૦૮ લોકોના મોત થયા છે.

જયપુરની જીજ્જી હોસ્પિટલમાં હાર્ટ, કિડની, બ્લડપ્રેશ, લીવર અમે દમ-અસ્થમા જેવી ગંભીર બિમારી હોવા છતા ૧૭૬ દર્દીઓઓ કોરોનાને હરાવ્યો છે. જેમાં યુવાનો, મહિલા અને વૃદ્ધ પણ સામેલ છે. ડો.ભંડારીના જણાવ્યા પ્રમાણે અહીંયાથી સાજા થનારા ૮૭૬ દર્દીઓમાંથી ૧૭૬થી વધુ દર્દી કોવિડ સાથે ડાયાબિટીસ, હાર્ટ અને કીડની જેવી બિમારીથી પીડિત હતા.

દિલ્હી-NCR બોર્ડર સીલ કરવાના મામલે સુપ્રીમ કોર્ટેઆજે સુનાવણી કરી હતી. કોર્ટે કહ્યું કે, તમામ માટે એક કોમન પાસ બનાવવો જોઈએ, જેને હરિયાણા, યુપી અને દિલ્હી ત્રણેય રાજ્યોમાં માન્યતા હોય. કોર્ટે કહ્યું કે ત્રણેય રાજ્યોના પ્રતિનિધિ/અધિકારીઓએ બેઠક કરવી જોઈએ અને આ મુદ્દે ઝડપથી સમાધાન પણ કરવું જોઈએ.

વિશ્વ ફલક પર નજર નાંખીએ તો, દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૬૪૩૦૮૦૦ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૩૮૫૯૩૪ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૨૮૦૫૦૧૮ લોકો સ્વસ્થ થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૩૨૩૯૮૪૮ કેસ એક્ટિવ છે. ભારત દેશમાં સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં સાતમાં ક્રમાંક પર પહોંચી ગયો છે. જ્યારે સ્વસ્થ થયેલા દર્દીઓની યાદીમાં ભારત અમેરિકા, બ્રાઝીલ, રશિયા, જર્મની, ઈટાલી, સ્પેન, ઈરાન, તુર્કી બાદ નવમાં ક્રમ પર છે.

મોડી રાત્રે પડેલા ભારે વરસાદે રાજકોટના ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો

રાજકોટ

જકોટના ગ્રામ્ય પંથકમાં ગઈકાલે મોડી રાત્રે વાવાઝોડાની અસર જોવા મળી હતી. રાજકોટ ગ્રામ્ય પંથકમાં પવન સાથે વરસાદી માહોલ જોવા મળ્યો હતો. રાજકોટ ભાવનગર હાઈવે પર સરધાર, આટકોટ, વિરનગર સહિતના ગામોમાં વરસાદ નોંધાયો હતો. ગ્રામ્યની સાથે રાજકોટ શહેરમાં પણ કાળા વાદળોની સાથે ઠંડો પવન ફૂંકાયો હતો. રાજકોટના સરધાર ગામે સતત ૪૦ મિનિટ વરસાદ વરસ્યો હતો. પવન સાથે વરસેલા વરસાદે ગાજવીજના કડાકા બોલાવ્યા હતા. ગાજવીજ સાથે તૂટી પડેલા વરસાદે સરધાર, આટકોટ, હલેન્ડા સહિતના ગામોને ધમરોળ્યા હતા. સરધાર ગામે ટ્રાન્સફોર્મર પર વીજળી પડી હતી. વીજળી પડતા ગામમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. જેતપુર મોડી રાત્રે વરસાદ પડ્યો હતો.

જેતપુર તેમજ આજુબાજુના ગ્રામ્ય પંથકમાં પવન સાથે ભારે વરસાદ તૂટી પડ્યો હતો. જેતપુરમાં ધોધમર વરસાદને કારણે અનેક વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી. અતિ ભારે પવન સાથે વરસી પડેલા વરસાદે ભારે નુકસાની કરી હતી. જેતપુરના ધારેશ્વરમાં ૬૬ ૬ફ સપ્લાય લાઈનનો કેબલ ફાયર થયો હતો, જેને કારણે જેતપુરમાં અંધારપટ છવાઈ ગયો હતો. સાડીના કારખાનાના છાપરા ઉડી રોડ ઉપર આવ્યા હતા. શહેરમાં અનેક જગ્યાએ વૃક્ષો અને વીજપોલ ધરાશાયી થયા હતા. શહેરની વીજ સપ્લાય લાઈન ઉપર વૃક્ષો પડતા વીજ પુરવઠો બંધ થયો હતો.

ત્યારે GETCO દ્વારા વીજ પુરવઠો ફરી ચાલુ કરવા કામગીરી કરાઈ હતી. અનેક વૃક્ષો રોડ ઉપર પડતા રોડ બંધ થયા હતા. તો ભારે પવનના કારણે કેબિનો પણ ઉંધી વળી હતી. રાજકોટના ગોંડલ ગામે પણ પવન સાથે સતત વરસાદ વરસ્યો હતો. ગાજવીજ સાથે વરસેલા વરસાદથી વિશ્વાસ જ ન થયો કે ચોમાસું નથી. ગોંડલમાં અંદાજે ૧ ઈંચ જેવો વરસાદ વરસ્યો હતો. ધોધમાર વરસાદને કારણે શહેરમાં વીજ ગૂલ થઈ ગઈ હતી.

આરતીમાં પૂજારી સિવાય કોઈને પ્રવેશ નહિ

અનલોક ૧માં ૮મી જુને ખૂલશે કચ્છના પ્રખ્યાત માતાના મઢના દરવાજા

કચ્છ

અનલોક ૧માં રાજ્યમાં ૮ તારીખે મંદિરોના દ્વાર ખોલવામાં આવશે. ત્યારે મંદિરો ખોલવાને લઈને ભક્તોમાં ભારે ઉત્સાહ છે. સતત બે મહિના સુધી લોકડાઉનમાં મંદિરના દરવાજા બંધ રહ્યા હતા. ત્યારે સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરાવીને મંદિર ખોલવામા આવશે. ત્યારે કચ્છનું પ્રખ્યાત માતાના મઢનું મંદિરના દ્વાર પણ ખૂલશે. ૮ જૂનથી આશાપુરા માતાજીના દર્શન થઈ શકશે. સરકારના આદેશ મુજબ તા. ૮ જૂનથી મંદિર દર્શન માટે ખુલ્લા મૂકવામાં આવશે. પણ આરતી સમયે મંદિરમાં માત્ર પુજારી સિવાય કોઈને પ્રવેશ નહિ આપવામાં આવે.

મંગળા આરતી સવારે ૫.૩૦ કલાકે, ધૂપ આરતી સવારે ૯.૦૦ કલાકે, સંધ્યા સંધ્યા આરતી સૂર્યોદયના હાલના સમય મુજબ સાંજે ૭.૩૦ કલાકે કરવામાં આવશે. આરતીમાં પૂજારી સિવાય કોઈને પ્રવેશ નહિ આપવામાં આવે. આ વિશેએ માતાના મઢ જાગીર ટ્રસ્ટના અધિકારીએ જણાવ્યું કે, હાલ પૂરતી કોરોના વાયરસને લીધે આ વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે. દર્શન સમયે બે-બે ગજ દૂરીનું અંતર રાખવું ફરજિયાત રહેશે.

મોઢા પર માસ્ક પહેરેલું હશે તેમને જ અંદર પ્રવેશવા દેવાશે. મંદિરના ગેટ પાસે હાથ સાબુથી સાફ કરીને અંદર આવવા મળશે. મંદિર ટ્રસ્ટ અને સરકારના નિયમનું પાલન કરવાનું રહશે. અત્યારે રહેવા (ઉતારા) ની વ્યવસ્થા અને પ્રસાદની વ્યવસ્થા હાલ પૂરતી બંધ રાખવા આવી છે. તેમજ મંદિરમાં શ્રીફળ અને પ્રસાદ સાથે કોઈને પ્રવેશવા નહિ દેવાય. કોઈને તે મંદિરમાં મૂકવા નહિ દેવાય. આ તમામ બાબતોનું ચુસ્તપણે પાલન કરાવવામાં આવશે.

જળયાત્રાને લઈને જગન્નાથ મંદિરમાં મહંત અને પોલીસ અધિકારી વચ્ચે બેઠક યોજાઈ

જગન્નાથ મંદિરથી નીકળી સાબરમતી નદી સુધી જળયાત્રા નિકળશેઃ મહંત દિલીપદાસજી

અમદાવાદ

અમદાવાદમાં આ વર્ષે ૧૪૩મી રથયાત્રા નિકળવાની છે. રથયાત્રા પહેલા શહેરમાં જળયાત્રા નિકળે છે. શહેરમાં આવેલ જગન્નાથ મંદિરથી નીકળી સાબરમતી નદી સુધી જળયાત્રા નિકાળવામાં આવે છે. જો કે કોરોના સંકટ વચ્ચે જળયાત્રાને લઈને મંદિરમાં મહંત દિલિપદાસજી અને પોલીસ અધિકારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં જળયાત્રામાં ગજરાજને મંજૂરી સહિત બંદોબસ્ત સાથે સુરક્ષા સહિતના મુદ્દાઓને લઈને ચર્ચા થઈ હોવાનું સામે આવ્યું છે.

અમદાવાદમાં આ વર્ષે ૧૪૩મી રથયાત્રા નિકળવાની છે ત્યારે તે પહેલા શુક્રવારે શહેરમાં જળયાત્રા નિકળવાની છે. આ જળયાત્રાને લઈને સાબરમતી નદી જતાં માર્ગને ખુલ્લો મુકવામાં આવ્યો છે. લોકડાઉનમાં સાબરમતી નદીના આરે જવાનો રસ્તો બંધ કરાયો હતો. ત્યારે હવે જળયાત્રાને લઈને આ રસ્તો ખુલ્લો મુકાયો છે. આ જળયાત્રામાં ભજન મંડળીઓ, ભક્તો, અતિથિઓ જો કે જોડાશે નહીં. માત્ર મંદિરના મહંત, ટ્રસ્ટીઓ અને સાધુઓની હાજરીમાં સાદાઈથી જળયાત્રા નિકળશે. કોરોનાના કહેરને લઈને ભગવાન જગન્નાથની ૧૪૩મી રથયાત્રાને પણ સાદાઈથી નિકળશે.

રાજકોટમાં RTO કચેરીની કામગીરી કરાઈ શરૂ, ૮ સેવાઓને ફેસલેશ

રાજકોટ

રાજકોટમાં આજથી ઈ કચેરીની કામગીરી શરૂ કરવામાં આવી છે .૮ સેવાઓને ફેસલેશ કરવામાં આવી છે. રીન્યુ લાઈસન્સ, ડુપ્લીકેટ લાઈસન્સ, રિપ્લેસમેન્ટ લાઈસન્સ, ઈઝ અને લાયસન્સની ઓનલાઈન સેલ્ફ બેકલોગ, હાયપોથીકેશન રદ કરવું સહિતની કામગીરી શરૂ કરવામાં આવી છે.

સામાજિક અંતર જળવાઈ રહે તે માટે આર.ટી.ઓ કચેરી બહાર સર્કલ દોરવામાં આવ્યા છે.. ૬૦ ટકા જેટલી કામગીરી ઓનલાઈન કરવામાં આવશે. લોકોએ ફરજીયાત એપોઈન્ટમેન્ટ લઈને આવવાનું રહેશે .

ભાવનગર સર ટી. હોસ્પિટલમાંથી ભાગેલ દર્દી ઝડપાયો, કોરોના રિપોર્ટ આવ્યો પોઝિટિવ

ભાવનગર

બોટાદના ટાટમ ગામના ૭૦ વર્ષીય વૃદ્ધને કોરોના શંકાસ્પદ તરીકે ભાવનગરની સર ટી.હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં તેનું સેમ્પલ લેવામાં આવ્યું હતું. પરંતુ વૃદ્ધ હોસ્પિટલમાંથી ભાગીને ટાટમ પોતાના ઘરે જવા માટે નીકળી ગયા હતા. બાદમાં તેનો રિપોર્ટ પોઝિટિવ આવતા વૃદ્ધને ઘાંઘળી નજીકથી ઝડપી લેવામાં આવ્યા હતા અને તેને ફરીથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ વૃદ્ધ ૧૪ દિવસ પહેલા મુંબઈથી આવ્યા હતા. આમ બોટાદમાં એક કેસ વધતાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૬૦ પર પહોંચી ગઈ છે.

મહીસાગરમાં કોરોના પોઝિટિવ સાત સગર્ભા મહિલાઓએ કોરોનાને હરાવ્યો

મહીસાગર

મહીસાગર જિલ્લામાંથી કોવિડ-૧૯ને લઈને સારા સમાચાર આવ્યા છે. મહીસાગર જિલ્લાના બાલાસિનોરમાં આવેલી કોવિડ-૧૯ હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા કોરોના પોઝિટિવ દર્દીઓમાંથી સાત સગર્ભા મહિલાએ કોરોના સામે જંગ જીત્યો છે. તેઓને બુધવારે ડિસ્ચાર્જ આપવામાં આવ્યા છે. આ સાથે જિલ્લામાં એક જ દિવસમાં ૧૩ દર્દીઓ સ્વસ્થ થતાં કુલ સ્વસ્થ દર્દીઓની સંખ્યા ૯૧ પર પહોંચી છે. તેમજ જિલ્લામાં કોરોના ડિસ્ચાર્જ રેટ ૭૪ ટકા થયો છે.

આ ઉપરાંત જિલ્લામાં આજ સુધી બે દર્દીઓના મૃત્યુ થયા છે. હવે જિલ્લામાં કોરાનાના ૨૯ દર્દીઓ એક્ટીવ છે. જેમાંથી ૨૧ દર્દીઓ હાલ કે.એસ.પી. હોસ્પિટલ ખાતે તેમજ ૮ દર્દી ગોત્રી મેડીકલ કોલેજ ખાતે અને એક દર્દી વડોદરા ખાતે આઇસોલેશન વોર્ડમાં સારવાર હેઠળ છે. તમામની હાલત સામાન્ય છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં માતા-પુત્રીએ કોરોનાને આપી મ્હાત આપી ઘરે પરત ફર્યા

સુરેન્દ્રનગર

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી મોટી સંખ્યામાં લોકો કોરોનાને મ્હાત આપી રહ્યા છે, ત્યારે આજે સુરેન્દ્રનગર જિલ્લામાં બે દર્દીઓએ કોરોનાને મ્હાત આપી દીધી છે. થાન તાલુકાના અભેપર ગામના કોરોના પોઝિટિવ બે દર્દીઓ માતા-પુત્રીને હોસ્પિટલમાં રજા આપવામાં આવી છે. બંને દર્દીઓને કોરોના પોઝિટિવ આવતા સુરેન્દ્રનગર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેઓ સારવાર લઈને સ્વસ્થ થતાં તેમને રજા આપવામાં આવી છે. જિલ્લાનો કુલ કોરોના પોઝિટિવ આંક ૪૩ છે. નોંધનીય છે કે, ગઈ કાલે રાજ્યમાં ૩૧૮ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી હતી. હાલ, રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૬૭.૪૦ ટકા છે. અત્યાર સુધીમાં ગુજરાતમાં ૧૨,૨૧૨ લોકો સ્વસ્થ થઈને ઘરે ગયા છે. જ્યારે કોરોનાથી અત્યાર સુધીમાં ૧૧૨૨ લોકોના મોત થયા છે.

ભાવનગરના પાલીતાણા માર્કેટીંગ યાર્ડમાં પૂરતા ભાવ ન મળતા ખેડૂતો રોષે ભરાયા

ભાવનગર

ભાવનગરમાં પાલીતાણાના માર્કેટીંગ યાર્ડમાં ખેડૂતોએ હોબાળો મચાવ્યો છે. લીંબુના ભાવ પૂરતા ન મળતા ખેડૂતોએ હોબાળો મચાવ્યો. ખેડૂતોનું કહેવું છે કે લોકડાઉન સમયે કિલોના ૪૦ રૂપિયા ભાવ મળતો હતો.પરંતુ હાલ પ્રતિ કિલોએ ૧૨ રૂપિયા સુધીનોજ ભાવ આવે છે.જેના કારણે ખેડૂતોએ યાર્ડ સંચાલકો પાસે જઈને હોબાળો મચાવ્યો હતો.

અનલોક ગુજરાતમાં કોંગ્રેસ લોકડાઉનની સ્થિતિમાં, ભાજપ પર લગાવ્યો હોર્સટ્રેડીંગ નો આરોપ

ગાંધીનગર

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીનું કાઉન ડાઉન શરૂ થઈ ગયું છે. ભાજપ પોતાના મિશનમાં લાગી ગયું છે. ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી વચ્ચે કોંગ્રેસને આજે એકસાથે બે ઉમેરવારોને ખોવાનો વારો આવ્યો છે. ગુજરાત કોંગ્રેસના ૨ ધારાસભ્યોએ આજે રાજીનામું આપી દેતા રાજકારણમાં ભૂકંપ સર્જાયો છે. કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ અને કપરાડાના જીતુ ચૌધરીએ ગાંધીનગર જઈ વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીને પોતાનું રાજીનામું સોંપ્યું હતું. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ તેની સ્પષ્ટતા કરી છે.

કોંગ્રેસના અમિત ચાવડાએ કોંગ્રેસના ધારાસભ્યોના રાજીનામા અહેવાલ પર પોતાનું એક નિવેદન આપ્યું હતું. જેમાં તેમણે જણાવ્યું હતું કે, ભાજપ દ્વારા કોંગ્રેસના ધારાસભ્યોને ખરીદવાનો પ્રયાસ થઈ રહ્યા છે. ભવિષ્યમાં પણ ભાજપે કોંગ્રેસના બ્લેકમેલિંગ કરીને અને બીજી ગમે તે રીત અપનાવીને અમારા ધારાસભ્યોને દબાણમાં લાવવાની કોશિશ કરી છે. ભાજપ પહેલાથી તોડજોડની રાજનીતિ કરે છે. તેમ છતાં ભાજપના ગમે તેટલા પ્રયાસ કરે તેઓ પોતાની મેલી મૂરાદોમાં સફળ થશે નહીં.

અમિત ચાવડાએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસના બંને ઉમેદવારોની જીત થશે. ભાજપ દ્વારા ધારાસભ્યો પર દબાણ કરાય છે તે વાસ્તવિક સચ્ચાઈ છે. એટલે અમે આજે બપોર પછી એક બેઠક કરવા જઈ રહ્યા છીએ. આજની બેઠકમાં તમામ ધારાસભ્યો બેઠકમાં હાજર રહેશે, પરંતુ બેઠકમાં ૫ ધારાસભ્યો હાજર નહીં રહે તેવું પણ જણાવ્યું હતું. પરંતુ કયા ૫ ધારાસભ્યો બેઠકમાં હાજર નહીં રહે તેના નામ આપ્યા નહોતા. ચાવડાએ ઉમેર્યું કે, જે ધારાસભ્યો હાજર નહીં રહે તેની ગંભીરતાથી નોંધ લીધી છે.

કોંગ્રેસ નેતા લલિત કગથરાનું ભાજપમાં જોડાવા અંગે તેમનું એક નિવેદન સામે આવી રહ્યું છે. લલિત કગથરાએ જણાવ્યું કે, હું ભાજપમાં જવાનો નથી, મને બદનામ કરવાની કોશિશ કરવામાં આવી રહી છે. કોંગ્રેસ બંને બેઠકો જીતશે. રાજ્યસભાની ચૂંટણી સમયે જ કેમ આમ થાય છે. કેમ કોઈ નથી કહેતું મને કેટલા રૂપિયા આપ્યા છે.

ત્યારબાદ ઠાસરાના ધારાસભ્ય કાંતિ સોઢા પરમારે જણાવ્યું હતું કે, હું કોંગ્રેસમાં જ છું, અને ક્યાંય જવાનો નથી. રાજીનામું આપ્યાની વાત સાવ ખોટી છે. ઠાસરના ધારાસભ્ય કાંતિભાઈ પરમાર કોંગ્રેસથી નારાજએ વાત માત્ર અફવા છે. હાલ કાંતિભાઈ પરમાર પોતાના વિધાનસભા વિસ્તારમાં હાજર છે. કાંતિભાઈ સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે હું કોંગ્રેસને વફાદાર છું અને રહીશ.

રાજીનામાની અફવા વચ્ચે પાટણના ધારાસભ્ય કિરીટ પટેલે જણાવ્યું હતું કે તેઓ રાજીનામું આપી રહ્યાની વાત માત્ર એક અફવા છે. ભાજપ ખોટો અફવાઓ ફેલાવવાનું કામ કરી રહી છે. તેઓ કોંગ્રેસ પાર્ટી સાથે જ જોડાયેલા છે.

ખાનગી હોસ્પિટલમાં કોવિડના દર્દીને દાખલ નહીં કરાતા AMC એ ફટકારી નોટિસ

અમદાવાદ

કોરોના સામે જંગની મોટી વાતો કરતાં તંત્ર અને ખાનગી હોસ્પિટલો દ્વારા કોવિડ-૧૯નાં દર્દીને સારવાર આપવાનું તો દૂર રહ્યું એકબીજાને ખો આપવાની પરંપરા ચાલુ રાખતાં મહિલા દર્દીને હેરાનગતિ વેઠવી પડી અને કોરોના ટેસ્ટનાં નાણાં લીધા હોવાનાં અહેવાલ બાદ જાગેલાં મ્યુનિ.તંત્ર દ્વારા બોડીલાઈન હોસ્પિટલને નોટિસ ફટકારાઈ હતી. હાટકેશ્વરના વૃંદાવન એપાર્ટમેન્ટમાં રહેતાં ૫૩ વર્ષીય હંસાબેનને કોરોનાના લક્ષણો જણાતાં તેમનાં પરિવારજનો બીજી તારીખે સાંજે ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી એસવીપીમાં લઈ ગયાં હતા. જ્યાં દર્દીને દાખલ કરવાને બદલે કે ખાનગી હોસ્પિટલમાં રિફર કરવાને બદલે રખડાવ્યા હતા અને છેવટે સાંજનાં ૬.૪૭ વાગ્યે ગ્લોબલ હોસ્પિટલમાં દર્દીને દાખલ કરવાનો અનુરોધપત્ર લખી આપી રવાના કરાયા હતા. આશ્ચર્યજનક રીતે આ દર્દીને ગ્લોબલ હોસ્પિટલમાં દાખલ કરવાનો ઈકાર કરી દેવાતાં દર્દીને ફરી એસવીપી લઈ જવાયા હતા. આથી એસવીપીમાંથી ૮.૨૪ વાગ્યે બોડીલાઈન હોસ્પિટલમાં દર્દીને દાખલ કરવાનો અનુરોધ પત્ર લખી અપાયો હતો. મહિલા દર્દીનાં પુત્ર દ્વારા જારી કરાયેલા વીડિયો મેસેજમાં એવો આક્ષેપ કરાયો હતો કે, તેમની માતાને લઈ ૩-૪ કલાક આમથી તેમ રખડવું પડ્યું અને છેલ્લે બોડીલાઈન હોસ્પિટલમાં ગયાં તો ત્યાં કોરોના ટેસ્ટ માટે રૂપિયા મગાયા હતા. આ મામલો સોશિયલ મીડિયામાં ચગ્યા બાદ જાગેલાં મ્યુનિ.તંત્ર દ્વારા બોડીલાઈન હોસ્પિટલને નોટિસ ફટકારાઈ હતી. જોકે, એસવીપી દ્વારા મહિલા દર્દીને સૌપ્રથમ ગ્લોબલ હોસ્પિટલમાં દાખલ કરવા પત્ર લખી અપાયો હતો અને ત્યાં દર્દીને દાખલ નહીં કરવા બાબતે મ્યુનિ. હેલ્થ ખાતાનાં સત્તાવાર સૂત્રોએ કહ્યું કે, દર્દીને શ્વાસ લેવામાં તકલીફ હતી અને ગ્લોબલ હોસ્પિટલમાં વેન્ટિલેટર ખાલી નહોતું તેથી તેમણે દાખલ કરવાનો ઈકાર કર્યો હતો.

બેંક દ્વારા યોગ્ય સેવા ન અપાતા ખાતા ધારકે ઉઠાવ્યું CPU, નોંધાઈ ફરિયાદ

અમદાવાદ

બેંક તરફથી લોન માટે કે અન્ય કોઈ સ્કીમ માટે જ્યારે ટેલિકોલરના ફોન આવે ત્યારે ભલભલા ત્રાહિમામ પોકારી ઉઠે છે. પણ મકરબા ખાતે આવેલી એક બેંકમાં એવો બનાવ બન્યો જેમાં ખાતા ધારકના કારણે બેંકના મેનેજર અને કર્મચારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા. જોકે બેંક દ્વારા યોગ્ય સર્વિસ ન અપાતા ખાતા ધારક કંટાળી ગયા હતા અને બેંકમાં જઈને હોહાપો મચાવ્યો હતો. આટલું જ નહીં બેંકનું સીપીયુ જ ઉઠાવી ગયા અને પરત મૂકી જતા આખરે પોલીસ ફરિયાદ નોંધવાઈ હતી.

મૂળ હરિયાણાના અને હાલ વાસણા ખાતે રહેતા વિનિતભાઈ ગુરદત્તા બેંક ઓફ બરોડાની મકરબા શાખામાં મેનેજર તરીકે ફરજ બજાવે છે. આ બેંકમાં અન્ય છ લોકો કામ કરે છે. ગત. ૧ જુનના રોજ તેમની બેંકમાં એસ.પી જવેલર્સના નામથી ખાતું ધરાવતા સુજય શાહ આવ્યા હતા. તેઓ બેંકમાં આવીને જોરજોરથી બુમાબુમ કરતા હતા. તેવામાં વિનિતભાઈ તેમની કેબિનમાંથી બહાર આવ્યા હતા. સુજય ભાઈનું કહેવું હતું કે, તેઓએ છેલ્લા અનેક દિવસોથી મોબાઈલ બેંકિંગ અને નેટ બેંકિંગ ચાલુ કરવા ઈમેઈલ કર્યો છે. પણ બેંક તરફથી કોઈ જવાબ આપવામાં આવતો નથી. જેથી મેનેજરે કહ્યું કે અગાઉ આ સુવિધા ચાલુ થઈ હતી. પણ સુજય ભાઈએ ધમકી આપી કે, હાલ આ સુવિધા ચાલુ કરી આપવામાં આવે નહિ તો તેઓ સીપીયુ લઈને જતા રહેશે.

આ દરમિયાન આઈટી વિભાગ ઓએસે ચેક કરાવવાનું કહ્યાં બાદ મેનેજર તે પ્રોસેસ કરતા હતા. તેવામાં સુજય શાહે આવેશમાં આવીને એક સીપીયુ લઈ લીધું હતું અને લઈને જતા રહ્યા હતા. સીપીયુમાં લોન અને ગ્રાહકોના ખાતા નો ડેટા હતો. પણ સુજય શાહ આ લઈને ફરાર થઈ ગયા બાદ મેનેજરે તેમની રિજિયોનલ ઓફિસમાં આ અંગે જાણ કરી હતી. આજે આ સુજય શાહ સીપીયુ પરત મૂકી જતા બેંક મેનેજરે આનંદ નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે આઈપીસી ૩૭૯છ(૩) મુજબ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

લગ્નના નામે છેતરપીંડીઃ વેરાવળ થી બે મહિલાઓ સહિત પાંચની કરાઈ ધરપકડ

પોરબંદર

પોરબંદરના છાયા નવાપરામાં સ્વસ્તિક પાર્કમાં રહેતા અને ફુટની લારી ચલાવતા નીલેશ ગોપાલદાસ રૈયારેલા (ઉવ૪૨)એ નોંધાવેલ પોલીસ ફરિયાદ મુજબ તેની ઉમર થઈ ગઈ હોવાથી જ્ઞાતિમાં લગ્ન ન થતા હોવાથી માળિયાહાટીના ગામે રહેતા અશરફભાઈ નામનો શખ્સ લગ્ન કરાવી આપતો હોવાથી તેનો સંપર્ક કર્યો હતો. આથી અશરફભાઈએ તેને લગ્ન કરાવી આપવાની ખાતરી આપી હતી પરંતુ દોઢ લાખ રૂપિયા યુવતીના માવતરને આપવા પડશે તેવી શરત રાખી હતી આથી નીલેશે તે શરત મંજુર રાખતા અશરફભાઈએ વિરમગામ રહેતા ડાયાભાઈ સાથે મોબાઈલમાં વાત કરવી હતી.

ત્યાર બાદ હિમતનગર રહેતા અશોક વિસાભાઈ દરજી નામના શખ્શનો ફેન આવ્યો હતો અને નીલેશના ફોટા મંગાવી તેને એક યુવતીના ફોટા મોકલ્યા હતા અને બાદમાં યુવતીને નીલેશ પસંદ છે તેવું જણાવતા નીલેશ તેના માસી ,અશરફભાઈ,બાબુભાઈ વગેરે ગત ૩-૩ના રોજ હિમતનગર રહેતી અલકા ચેતનભાઈ બારોટના ઘરે ગયા હતા. ત્યાં નીલેશને જે યુવતી પસંદ આવી હતી તે તનુ દિનેશભાઈ પટેલ પણ હાજર જ હતી જ્યાં બન્ને એક બીજાને પસંદ આવતા તા.૪-૩ના રોજ તેઓએ નોટરી હસ્તક લગ્ન નો કરાર કર્યો હતી અને ત્યારે નીલેશે અશોક દરજીને દોઢ લાખ તથા અશરફને આઠ હજાર લગ્ન પેટે ચૂકવ્યા હતા.

લગ્નના ચાર દિવસ બાદ પોતાના કાકા ગુજરી ગયા હોવાનું જણાવી અને તનુ હિમતનગર ચાલી ગઈ હતી દરમિયાન વેરાવળ રહેતા માસીના પુત્ર સંદીપે તેને એવું જણાવ્યું હતું કે તેના લગ્નની વાતચીત ચાલે છે અને તેના માટે યુવતીના માવતર ને દોઢ લાખ રૂપિયા આપવાના છે. જે સાંભળીને નીલેશને શંકા જતા સંદીપને તે યુવતીનો ફેટો મોકલવાનું જણાવતા સંદીપે તનુ પટેલનો ફેટો મોકલ્યો હતો જે જોઈને નીલેશ ચોંકી ઉઠ્યો હતો.

સરદાર સાહેબના સ્ટેચ્યુમાં પણ બધાને મુર્ખા બનાવ્યા,ગુજરાત દેવાદાર બન્યું

મહાનગરપાલિકા, તાલુકા પંચાયત અને વિધાનસભાની ચૂંટણીમાં મારા ઉમેદવાર ઉતારીશઃ બાપુ

ગાંધીનગર

શંકરસિંહ વાઘેલા એનસીપીથી નારાજ હોવાના અને પાર્ટી છોડવા હોવાના અહેવાલ ચર્ચામાં આવ્યા હતા. તો બીજી તરફ, કાર્યકારી અધ્યક્ષ બબલદાસ પટેલે એનસીપીમાંથી રાજીનામુ આપ્યું છે. ત્યારે આજે પત્રકાર પરિષદમાં સામે આવીને શંકરસિંહ વાઘેલાએ અનેક ખુલાસા કર્યા હતા. તેઓએ જણાવ્યું કે, હું કાર્યકારી અધ્યક્ષ બબલદાસભાઈ અને ૧૦ હજાર જેટલા કાર્યકરોનો આભાર માનું છું, મને એ તમામે શુ કરવું તેના માટે અધિકૃત કર્યો છે. જે નિર્ણય આગામી દિવસમાં નિર્ણય લઈશું. અમે સાથે રહેવાનું આશ્વાસન આપ્યું છે. તેમણે જણાવ્યું કે, પવાર સાહેબ અને પ્રફુલભાઈ સાથે મળીને હું દ્વઝમાં જોડાયો, પણ એમાં પણ જ્યારે મેચ ફિક્સિંગ આવે. અહેમદભાઈ વખતે પણ મેં કહ્યું હતું કે લોકો ભાજપમાં જાય છે પણ મારું કોઈએ ના સાંભળ્યું. આજે એક ગયા હજુ બે જશે. મેં કોંગ્રેસને આજે પણ કહ્યું છે. મેચ ફિક્સિંગ થાય ત્યાં ન રહેવાય. હવે જે વિધિ કરવાની હશે તો જલ્દી જ કરીશ. સત્તા સામે પડવા બેદાગ રહેવું પડે. ed, cbi કે પોલીસથી ડરાય નહિ. અમે સમાજના ડોકટર છીએ. રખડતો નથી આવ્યો. પ્રજાનું ભલું કર્યું છે. ટેક્સ ટાઈલ મંત્રી તરીકે ખેડૂતોનું ભલું કર્યું છે.સાથે જ તેમણે એક જાહેરાત કરતા કહ્યું કે, મહાનગરપાલિકા, તાલુકા પંચાયત અને વિધાનસભાની બેઠકો ખાલી થશે, તેની પેટાચૂંટણીઓ આવશે, એ તમામ પર લડીશ. હર્ષ, કોંગ્રેસ કે ભાજપ નહીં હોય તોય હું ઉમેદવારો લોકો વચ્ચે મૂકીશ.

ભાજપ પર પ્રહાર કરતા તેઓ બોલ્યા કે, સરદાર સાહેબના સ્ટેચ્યુ માં પણ આ બધાને મુર્ખા બનાવ્યા છે. પ્રજાના પૈસાની આ સરકાર બરબાદી જ કરે છે. ગુજરાત દેવાદાર બન્યું. ગુજરાત કે ભારત સરકાર પાસે પગાર માટે પૈસા નથી. કોરોના મામલે સારા ડોકટર હોત તો કોરોનાનું હબ ન બનત. દારૂ બંધીની છૂટ કરું તો નશો ઉતારજો. પણ આ લોકોના નશો બંધ કરો. કોંગ્રેસમાંથી આજે બે રાજીનામા પડ્યા તે અંગે તેઓ બોલ્યા કે, પ્રજા એવો માણસ પસંદ કરે કે તે ચોખ્ખો હોય... જે વટલાય નહીં... આ બધાને બોધપાઠ આપવો પડે...

તેમણે જણાવ્યું કે, મેં ભારતીય જનસંઘથી શરૂઆત કરી. એ સમયે તેલનો ભાવ વધે તો તેલના ડબ્બા ખખડતા. હું અધિકારી હતો વર્ષ ૬૮માં હું ગુજરાતમાં સક્રિય થયો. વિદ્યાર્થીઓની વાતને વાચા આપવા હું નોકરી છોડી જનસંઘમાં આવ્યો. કોંગ્રેસનો સૂર્ય તપતો હતો પણ હું ત્યાં ન જોડાયો. ભાજપ ગુજરાતમાં આવ્યું તો તેમાં શંકરસિંહનો સિંહ ફાળો છે. ભાજપને મારે કાઢવી હોય એટલે મતના વિભાજન ન થાય એટલે હું કોંગ્રેસમાં ગયો. મેં સરકાર બનાવવાના પૂરા પ્રયાસ કર્યા. પણ મેચ ફિક્સિંગનો વહેમ થયો ત્યારે કોંગ્રેસ આવશે એવી સ્થિતિમાં પણ મેં કોંગ્રેસ છોડી. હું કઈ લેવા કોઈ પાર્ટીમાં જોડાયો નથી.

અનેક બોર્ડમાં મેં કાર્યકરોની નિમણૂંક કરી હતી. પ્રજા મારી હાઈકમાન્ડ છે, તેમને ધક્કો ન મરાય. હજુ પણ હું પ્રજા માટે લડીશ, છોડીશ નહીં. ભાજપ જેવી ભ્રષ્ટ અને નકાકામી પાર્ટીને હું જીવતો હોઈશ ત્યાં સુધી છોડીશ નહિ. હું ક્વોલિફાઈટ ડોકટર છું, જેને આવું હોય એ મારી પાસે આવે. ભાજપને કાઢો, સારા ડોકટર પાસેથી દવા કરાઓ હવે એ જ ઉપાય છે. ભાજપને હું સત્તા પર લાવ્યો, કોંગ્રેસને સત્તાની નજીક લાવ્યો. હવે અહીં પણ મેચ ફિક્સિંગ થઈ રહ્યાનું લાગે છે. પ્રફુલભાઈને મેં મુંબઈને મળવા માટે કહ્યું. અહીં તો ભાજપ જાય તો દિલ્હીમાં પણ ન બચે. આવું થાય તો વહેલી ચૂંટણી પણ આવે. હવે મેં પાયો હચમચાવાની શરૂઆત કરી છે. વિશ્વાસ હોય તો સહકાર આપજો. નજીકના ભવિષ્યમાં અંતિમ નિર્ણય લઈશ.

અનલોક થતા જ રાજકોટમાં વધ્યું પ્રદુષણ અને ગરમી

રાજકોટ

રાજકોટની ગતિવિધિ અનલોક કરવાની શરુઆત થવા સાથે લોકો પૂરી છૂટછાટ લઈને બહાર નીકળવા માંડતા પ્રદુષણનો આંક આજે મોટાભાગના ચોકમાં ૧૦૫ પર પહોંચી ગયો હતો તો શહેરનું સ્ટાન્ડર્ડ માપે મહત્તમ તાપમાન હવામાન ખાતામાં ૪૧ સે.નોંધાયું છે પરંતુ, મોટાભાગના ચોકમાં મનપાના સેન્સરોમાં તે આજે ૪૪ સે.એ પહોંચી ગયું છે.

છકડોરિક્ષાના કર્કશ અવાજો ફરી શરુ થયા છે તો માર્ગો પર ધોમધખતા તાપમાં ટ્રાફિક જામના દ્રશ્યો રોજિંદા બનવા લાગ્યા છે અને વાહનોના ધુમાડા, સલ્ફર ડાયોક્સાઈડ સહિતના ઝેરી તત્વોનું પ્રમાણ ફરી વધ્યું છે અને સાથે અવાજનું પ્રદુષણ પણ વધ્યું છે. અવાજની માત્રા ૬૦થી ૭૦ ડેસીબલને પાર પહોંચી જતી હોય છે. રાજકોટમાં મહત્તમ તાપમાન ભાવનગર રોડ પર, ત્રિકોણબાગ, નાનામવા સર્કલ, સોરઠીયાવાડી, જિલ્લા પંચાયત ચોક, મહિલા કોલેજ ચોક, આજી ડેમ ચોક સહિતના લગભગ તમામ ચોકમાં ૪૪ સે. નોંધાયું છે

જ્યારે રેસકોર્સ અને પ્રદ્યુમ્નપાર્ક ખાતે આ તાપમાન ૪૦થી ૪૧ સે.વચ્ચે નોંધાયું છે. જ્યારે પ્રદુષણનો આંક ૧૦૫ નોંધાયો છે.જો કે મનપાની કચેરીએ આજે મહત્તમ તાપમાન સેન્સરમાં ૩૦ સે.થી ઓછુ નોંધાયું હતું પરંતુ, તે સ્ટાન્ડર્ડ કે યોગ્ય જગ્યાએ સેન્સર નહીં મુકાયાની શક્યતા છે. એકંદરે કોરોનાની સાથે એટલે કે સામે જીવતા શિખવાની સાથે પર્યાવરણની સાથે એટલે કે તેનું ધ્યાન રાખીને જીવતા શિખવાની પણ જરૂર છે. જો શહેરમાં સઘન વૃક્ષારોપણ કરાય, અવાજ-ધુમાડો વધુ ફેલાવતા વાહનો પર નિયંત્રણ મુકાય, પી.યુ.સી. પ્રમાણે જ વાહનોના ધુમાડા નીકળે તે જોવાય, લોકો બીનજરૂરી રીતે બહાર જવાનું અને ખાસ કરીને ટાળે તો પ્રદુષણને પણ લોકડાઉન કરી શકાય તેમ છે.

અમદાવાદ-પાલનપુર હાઈવે પર સર્જાયો અકસ્માત, એકનું મોત

બનાસકાંઠા

જિલ્લામાં લોકડાઉન ખુલતાની સાથે જ અત્યાર સુધી અનેક અકસ્માત સર્જાયાં છે. ગત ૧૫ દિવસમાં જિલ્લામાં થયેલા અકસ્માતમાં અનેક લોકોએ તેમની જિંદગી ગુમાવી છે. આજે પાલનપુર પાસે જગાણા નજીક બાઈક સ્લીપ થતાં સર્જાયેલા અકસ્માતમાં બાઈક ચાલકનું ઘટના સ્થળે જ મોત થયું હતું. વડગામ તાલુકાના એદ્રાણા ગામના વતની મંગાભાઈ રાજાભાઈ રાવળ પોતાનું બાઈક લઈને પાલનપુર જઈ રહ્યા હતા ત્યારે ટ્રેકટરને ઓવરટેક કરવા જતાં બાઈક સ્લીપ થઈ હતી અને તેઓ રોડ પર પટકાયા હતા. અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાઈક ચાલકનું ઘટનાસ્થળે મોત થયું હતું. બનાવના પગલે પાલનપુર તાલુકા પોલીસે ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

સરકારી કર્મચારીઓ માટે 'આરોગ્ય સેતુ' બાદ આવી આઈ ગોત દીક્ષા એપ

રાજકોટ

કોરોનાનાં કપરા કાળમાં એલર્ટ રહેવા વર્તમાન સમયમાં સરકારી કર્મચારીઓને ડિજીટલ તરફ વાળવા સતત નવી નવી સૂચનાઓ અપાઈ રહી છે. કોરોનાનાં સમયમાં એલર્ટ રહેવા માટે ફરજીયાત આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવા સૂચના અપાયા બાદ હવે ભારત સરકારનાં નિયંત્રણ હેઠળની 'દીક્ષા' નામની નવી એપ ડાઉનલોડ કરવા સરકારી કર્મીઓને સૂચનાઓ અપાઈ રહી છે. આજે રાજકોટ જિલ્લા પંચાયતનાં કર્મચારીઓને 'આઈ ગોટ દીક્ષા ' નામની નવી એપની માહિતી અને તાલિમ આપવામાં આવી હતી. ટેકનિકલ એકસપર્ટ અને આરોગ્ય અધિકારીઓ દ્વારા કર્મચારીઓને તબકકાવાર તાલીમ અપાઈ રહી છે. આ કામગીરી સાથે જોડાયેલા અધિકારીઓએ જણાંવ્યુ હતું કે આરોગ્ય સેતુ એ કોરોના એલર્ટ માટેની એપ છે પણ 'દીક્ષા 'એપ એ એક જાતની તાલીમ આપતી એપ્લીકેશન છે. તેમાં ઓપ્શન આપવામાં આવે છે તે મુજબ તમે માસ્ક કેમ પહેરવુ , કોરોનાની સારવાર માટે શું કરવુ ? આવા કોઈ પણ પ્રકારની સમજ અને તેની ઓન લાઈન તાલીમ આ 'દીક્ષા ' એપ મારફત મળે છે અને તેનું ઓનલાઈન સર્ટિફિકેટ પણ આપવામાં આવે છે.

આ એપ ડાઉનલોડ કરનારે તેનું નામ , નંબર , સરનામુ સહિતની ડિટેઈલ આપવી પડશે. આજે રાજકોટ જિલ્લા પંચાયતમાં કર્મચારીઓને આ નવી એપ અંગે તાલિમ અપાતી હતી અને ડાઉનલોડ કરવાની સૂચના અપાઈ હતી પણ કેટલાક ટેકનિકલ કારણોસર કેટલાક કર્મચારીઓ 'દીક્ષા 'થી વંચિત રહયા હતા તેમને ઘરે જઈને આ એપ ડાઉનલોડ કરવા સૂચના અપાઈ હતી. કલેકટર કચેરી સહિતની સરકારી કચેરીઓનાં કર્મચારીઓને પણ આ અંગેની તાલિમ અપાશે.રાજકોટ જિલ્લામાં આરોગ્ય સેતુ એપ આશરે પોણા ચાર લાખ લોકોએ કરી હોવાનું જાણવા મળે છે.

બોટાદમાં એક, ભાવનગર અને રાજકોટ ગ્રામ્યમાં ૨-૨ કોરોના કેસ મળી આવતા ફફડાટ્યા

રાજકોટ

ભાવનગરમાં વધુ બે પોઝિટિવ કેસ આવતા કુલ પોઝિટિવ આંક ૧૩૦ પર પહોંચ્યો છે. સરદારનગર ઘોઘા જકાતનાકા પચાસ વારીયામાં રહેતા રમઝાનભાઈ ઈશુબભાઈ મોર્ડન (ઉ.વ.૩૫) જે અમદાવાદથી આવ્યા હોય તેમજ આનંદનગર ઈજીંજી હોસ્પિટલ નજીક રહેતા અને ગઈકાલે પોઝિટિવ આવેલાના સંબંધી ધનજીભાઈ ધુડાભાઈ સોલંકી (ઉ.વ.૬૬)ના સેમ્પલ લઈને પરીક્ષણ અર્થે મોકલવામાં આવતા બંનેના રિપોર્ટ પોઝિટિવ આવતા આઈસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવ્યા છે. રાજકોટના પડધરીમાં સગર્ભા સુનિતાબેનને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે.

મુંબઈથી ૨૪મેના રોજ આવ્યા હતા. આથી તેઓને હોમ ક્વોરન્ટીન કરવામાં આવ્યા હતા. પરંતુ તેનું સેમ્પલ લઈ પરીક્ષણમાં મોકલાતા રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બોટાદમાં ૭૦ વર્ષના વૃદ્ધને પોઝિટિવ કેસ આવ્યો છે. રાજકોટ ગ્રામ્યમાં વધુ એક કોરોના પોઝિટિવ કેસ આવ્યો સામે આવ્યો છે. જેતપુર તાલુકાના દેવકી ગાલોલ ગામે ૫૪ વર્ષીય પુરુષનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. અન્ય જિલ્લામાંથી આવી હોમ ક્વોરન્ટીન રહેલા પુરુષનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. હાલ આ દર્દીને આઈસોલેશન વોર્ડમાં ખસેડી સંપર્કમાં આવેલા તમામને ક્વોરન્ટીન કરવા કામગીરી આરોગ્ય વિભાગે શરૂ કરી છે.

ભાવનગરમાં ૧૩૦ કેસમાંથી ૯ના મોત, ૧૦૪ ડિસ્ચાર્જ અને ૧૭ આઈસોલેશન વોર્ડમાં સારવાર હેઠળ છે.બોટાદના ટાટમ ગામના ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ આવ્યો પોઝિટિવ આવ્યો છે. ૧૪ દિવસ પહેલા મુંબઈથી આવેલા ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. સ્થિતિ નાજુક જણાતા સારવાર અર્થે ભાવનગર ખસેડવામાં આવ્યા હતા.બોટાદમાં ૧ કેસના વધારા સાથે કુલ ૬૦ કેસ પોઝિટિવ જેમાં ૨ના મોત નીપજ્યાં છે જ્યારે ૫૫ સ્વસ્થ થયા છે અને ૩ કેસ સારવાર હેઠળ છે.

બનાસકાંઠામાં વધુ ૧૦ કોરોના કેસ સામે આવતા તંત્રમાં ગભરાટ

પાલનપુર

બનાસકાંઠામાં વધુ ૭ વ્યક્તિને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. દિયોદર ૭, લાખણી ૧, કાંકરેજ ૧ અને ડીસા ૧ માં કોરોના પોઝીટીવ આવ્યો હતો. જિલ્લામાં અત્યાર સુધી કોરોના પોઝીટીવ દર્દીઓનો આંક ૧૨૭ એ પહોંચ્યો છે. જ્યારે ૫ વ્યક્તિઓના મોત થયા છે. બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનો વિસ્ફોટ થયો હતો. જ્યાં રવિવારે વધુ ૧૦ વ્યક્ત કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સીએ જણાવ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લાના દિયોદર ૭, લાખણી ૧, કાંકરેજ ૧ અને ડીસા ૧ માં કોરોના પોઝીટીવ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૧૨૭ થવા પામી છે. જ્યારે કોરોનાથી કુલ ૫ વ્યક્તિઓના મોત થયા છે. લાખણીના આગથળાની સગર્ભા મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તાલુકામાં પ્રથમ કેસ નોંધાયો હતો.

દિયોદરમાં કોરોનાના એક સાથે સાત પોઝિટિવ કેસ નોંધાતા ફફડાટ પ્રસરી ગયો છે. જ્યાં ધ્રાડવ ગામે ૩, સોની ગામે ૨, મીઠી પાલડી ગામે ૧ અને દિયોદર શહેરમાં ૧ વ્યક્તિનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. પાલનપુર સિવિલ હોસ્પિટલમાં મૂળ રાજસ્થાનના સાંચોરનો યુવક કોરોનાના શંકાસ્પદ દર્દી તરીકે સારવાર લઈ રહ્યો હતો. જેનું મોત થતા તેના મૃતદેહને અંતિમવિધિ માટે લઈ જવાયો હતો. આજે મૃતક યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવતા ચકચાર મચી છે.

એમાંય વળી નાયબ મામલતદાર માધુભાઈ પ્રજાપતિએ સાથે પાલનપુર મામલતદાર, એસ.ડી. એમ. શિવરાજ ગિલવા સહીતનો આરોગ્ય અને પોલીસનો સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યો હતો. ત્યારે મૃતકનો રિપોર્ટ પોઝિટિવ આવતા આ અધિકારીઓને પણ કોરોના સંક્રમણની દહેશત વર્તાઈ રહી છે. ત્યારે ઉપસ્થિત અધિકારીઓને પણ કોરેન્ટાઈન કરવાની નોબત આવી શકે છે. આ લખાય છે ત્યાં સુધીમાં કોઈ અધિકારીઓને કોરેન્ટાઈન કરવાની કાર્યવાહી હાથ ધરાઈ ન હોવાના અહેવાલ મળી રહ્યા છે. તેથી તંત્રની કામગીરી બાબતે સવાલ ઉઠ્યા છે.

અમરેલીના રાજુલામાં મોટી સંખ્યામાં ચામાચીડિયાં જોવા મળતા લોકોમાં વધી ચિંતા

અમરેલી

કોરોનાના કહેર વચ્ચે અમરેલીના રાજુલામાં ચામાચીડિયાંના ઝુંડ દેખાતા લોકોમાં અનેક પ્રકારની અટકળો શરૂ થઈ ગઈ છે. શહેરના જાફરાબાદ રોડ પર આવેલા વૃક્ષો પર એક સાથે મોટી સંખ્યામાં ચામચીડિયાના ઝુંડ જોવા મળ્યા હતા. જેને લઈને લોકોમાં ફફડાટ જોવા મળ્યો હતો. આ ચામાચીડિયા સાંજના સમયે અને વહેલી સવારે જોવા મળી રહ્યાં છે. ચામાચીડિયાના વીડિયો ઉતારીને સ્થાનિક લોકો દ્વારા સોશિયલ મીડિયા પર વાઈરલ કરવામાં આવી રહ્યા છે. એક સાથે હજારોની સંખ્યામાં ચામાચીડિયા જોવા મળી રહ્યા છે.

ધાનાણીનો ભાજપને ટોણોઃ શું હવે 'ધમણ' ની કમાણીથી ધારાસભ્યોને ખરીદવાનું કર્યું શરૂ..?

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના સંકટ વચ્ચે રાજ્યની વિપક્ષ પાર્ટીમાં રાજ્યસભાની ચૂંટણી પહેલા રાજકીય ભૂકંપ જોવા મળી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. રાજ્યમાં યોજાનારી આગામી રાજ્યસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસના વધુ ૪ ધારાસભ્યો રાજીનામાં આપે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે. ત્યારે વિપક્ષના નેતાએ સરકારને ટોણો મારતા ટ્વિટ કરી પૂછ્યું કે શું હવે 'ધમણ' ની કમાણીથી રાજ્ય સરકારે ધારાસભ્યો ખરીદવાનું શરૂ કર્યું?

વડોદરાના કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ સહિત અન્ય ત્રણ ધારાસભ્યના રાજીનામાની અટકળો ચાલી રહી છે. કોંગ્રેસના આ ચારેય ધારાસભ્યની રાજીનામાની ચર્ચાઓ વચ્ચે વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ ટ્વિટ કરી રાજ્ય સરકાર પર નિશાન તાક્યું છે.

કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ ટ્વીટ કરીને સરકાર પર પ્રહાર કર્યા છે. અક્ષય પટેલે રાજીનામું આપ્યું હોવાની અટકળ વચ્ચે ધાનાણીએ ટ્વીટમાં લખ્યુ છે કે, શું હવે "ધમણ" ની કમાણીથી ધારાસભ્યોને ખરીદવાનું શરૂ કર્યું છે.

શરતો સાથે શરુ કરાઈ રાજ્યની તમામ RTO કચેરીયો, સોશિયલ ડિસ્ટન્સ જળવાયું

ગાંધીનગર

અનલોક ૧માં સરકારે અનેક ઉદ્યોગો તથા સેવાઓને છૂટ આપી દિધી છે. ત્યારે આજથી (૦૪ જૂને) રાજ્યભરના RTO શરૂ થવાના છે. જેમાં અમદાવાદ સહિત ગુજરાતની આરટીઓ કચેરીઓ તારીખ ૪ જૂનથી રાબેતા મુજબ શરૂ કરવામાં આવી છે, પરંતુ કોરોના મહામારીના કારણે સરકારે નક્કી કરેલી ગાઈડલાઈન પ્રમાણે રાજ્યની તમામ આરટીઓમાં નિયમોનું પાલન કરવું ફરજિયાત બનશે.લાઈસન્સ સબંધિત કામગીરી માટે ઓન લાઈન એપાઈન્ટમેન્ટ લેનાર અરજદારે ફરજિયાત હાજર રહેવું પડશે. આ સાથે શનિવાર તથા રવિવારે સવારે ૯થી સાંજે ૬ વાગ્યા સુધી ડ્રાઈવિગ ટેસ્ટ આપી શકાશે. કોરોના ભયની વચ્ચે રાજ્યની આરટીઓ કચેરીઓ આજથી સોશિયલ ડિસ્ટન્સ રાખવા માટે આરટીઓ કચેરી બહાર સફેદ રંગથી એક મીટરના અંતરે ગોળ સર્કલ બનાવાયા છે. ગોળ સર્કલ બનાવીને લાઈનમાં નંબર પ્રમાણે કામગીરી કરવી તથા આવનારા તમામ અરજદોરો અને કર્મચારીઓએ માસ્ક ફરજિયાત પહેરવાનું રહેશે. અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, ભાવનગર, જામનગર, બનાસકાંઠા, મહેસાણા, ભૂજ ખાતે ડ્રાઈવિંગ લાયસન્સની કામગીરી શનિ-રવિવારે પણ હાથ ધરાશે.

આ ઉપરાંત તમામ આરટીઓ કચેરીઓ માટે પણ સરકારે નિયમ જાહેર કર્યા છે. જેમાં અરજદારોને અપોઈન્ટમેન્ટને લક્ષ્યમાં રાખી દર ૧ મીટરે સર્કલ કરવાના રહેશે, સર્કલમાં અરજદારને લાઈનમાં ઉભા રાખવા જેટલજીના જવાનોનો ઉપયોગ કરવાનો રહેશે. સર્કલ માટે અગાઉથી જરૂરિયાત મુજબનો ચોક-ચુનો ખરીદવાનો રહેશે, અરજદારો RTO કચેરીએ આવ ત્યારે સર્કલ તૈયાર હોય.

મુખ્ય પ્રવેશદ્વાર પર અરજદારે પ્રવેશ લીધો હોય ત્યારે અરજદારોની કામગીરીનું માર્ગદર્શન, શાખા, માળ અને ટેબલ મળી રહેત તે સુનિચિત કરવાનું રહેશે. કચેરીના પ્રવેશ વખતે અરજદારનું થર્મલ સ્કિનીંગ કરવાનું રહેશે, અરજદારના શરીરનું ઉષ્ણતામાન જણાય તો કચેરીમાં પ્રવેશ અપાશે નહીં. કોઈ કર્મચારી કે અધિકારી સમક્ષ અરજદાર ઉપસ્થિત થાય ત્યારે એક મીટરની મર્યાદામાં સોશિયલ ડિસ્ટન્સ જાળવવાનું રહેશે. કોઈપણ કર્મચારી જ્યારે અરજદાર સંબંધિત કામગીરી કરતા હોય ત્યારે સેનિટાઈઝ, હેન્ડ ગ્લોવ્ઝ અને માસ્ક સાથે કામગીરી કરે તે ફરજીયાત છે. અમદાવાદ સહિત રાજ્યની તમામ આરટીઓ કચેરીમાં વાહન અને લાયસન્સ સંબંધિત કામગીરી માટે ઓનલાઈન અપોઈન્ટમેન્ટ ફરજીયાત કરવામાં આવી છે. આ ઓનલાઈન એપોઈન્ટમેન્ટમાં અરજદારે કચેરી ખાતે ફરજીયાત હાજર રહેવું પડશે. જો અરજદાર જો ગેરહાજર રહેશે તો અરજદારે ફરીવાર અપોઅન્ટમેન્ટ લેવાની રહેશે. ઉપરાંત શિખાઉ લાયસન્સની મુદત પુરી થઈ હોય તેવા કિસ્સામાં તા. ૨૧-૦૩-૨૦૨૦ થી તા.૩૧-૦૭-૨૦૨૦ સુધી જે અરજદારો લાઈસન્સની સમય મર્યાદા પૂર્ણ થયેલ હોય તેવા અરજદારો આગામી તા.૩૧-૦૭-૨૦૨૦ સુધી ડ્રાઈવિંગ ટેસ્ટ આપી શકશે. જેના માટે કોઈ વધારાની ફી અરજદારે ભરવાની રહેશે નહી. આરટીઓ કચેરીના કર્મચારીઓ પણ ઓને લાઈન એપોઈન્ટમેન્ટ મેળવનારા અરદારાનું કામકાજ ઓછા સમયમાં અને નિયત થયેલી તારીખે પૂર્ણ કરાવું, જેથી અરજદારોને ધક્કા ખાવા ન પડે તેવી પણ વડી કચેરી દ્વારા સૂચના આપવામાં આવી છે.

રાજીનામાની અટકળો વચ્ચે કોંગ્રેસ કાર્યાલયે હાજર થયા ધારાસભ્ય કાંતિભાઈ સોઢા પરમાર

અમદાવાદ

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી જાહેર થતાં જ કોંગ્રેસમાં ભંગાણ પડે એવી શક્યતાઓ ઉભી થઈ છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે, કોંગ્રેસના ત્રણ ધારાસભ્યે રાજીનામું આપી દીધાં છે. અત્યાર સુધી આણંદના ધારાસભ્ય કાંતિભાઈ સોઢા પરમારનું નામ પણ રાજીનામું આપનારા ધારાસભ્યોમાં ચાલી રહ્યું હતું. જોકે, આ બધી અટકળો વચ્ચે આજે બપોરે ધારાસભ્ય કાંતિભાઈ કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સાથે કોંગ્રેસ ભવન ખાતે આવ્યા હતા અને પોતે કોંગ્રેસમાં જ હોવાનું એલાન કરીને ભાજપ ખોટી વાતો ફેલાવતો હોવાનો આક્ષેપ કર્યો હતો. કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ, આણંદના ધારાસભ્ય કાંતિભાઈ સોઢાપરમાર અને વલસાડના કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ વિધાનસભાના સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદીને રાજીનામાં આપી દીધું હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. આ ઉપરાંત બીજા કેટલાક ધારાસભ્યો પણ હજુ રાજીનામાં આપે તેવી શક્યતા હોવાનું પણ સૂત્રો જણાવે છે. રાજ્યસભાની ચાર બેઠકોની ચૂંટણીમાં ભાજપે ત્રણ ઉમેદવારો ઉભા રાખ્યા છે, જ્યારે કોંગ્રેસે બે ઉમેદવારો ઉભા રાખ્યા છે. ભાજપના ઉમેદવાર નરહરી અમીને રાજ્યસભાની ચૂંટણીમાં જીતવા માટે પોતાની બધી તાકાત લગાવી દીધી છે.

બે માસ નો પગાર આપ્યા વગર સુરતની ડાયમંડ કંપનીએ કારણ વગર કર્મચારીઓને કર્યા છુટા



સુરત

કોરોના વાઈરસના કારણે ચાલી રહેલા લોકડાઉન અને કેન્દ્રના ગૃહ વિભાગ તરફથી અનલોક-૧ની જાહેરાત બાદ રાજય સરકારે વધારાની છૂટછાટ આપતા ધંધા વેપાર ફરી ધમધમતા થયા છે. જેના કારણે છેલ્લા બે માસથી બેરોજગારી અનુભવી રહેલા લોકોને રાહત મળી છે. જો કે આ વચ્ચે વરાછાની કે.ગિરધારલાલ ડાયમંડ કંપની દ્વારા કર્મચારીઓને કોઈ પણ કારણ આપ્યા વિના છુટા કરી દેવામાં આવ્યા છે. જેથી મુશ્કેલીમાં મુકાયેલા રત્ન કલાકારોએ ડાયમંડ વર્કર યુનિયન ઓફિસે જઈ રજુઆત કરી છે કે, કોઈ પણ જાણ કર્યા વિના જ રત્ન કલાકારોને છૂટા કરવામાં આવ્યા છે. તેમજ બે માસનો પગાર અને ગ્રેચ્યુટી પણ બાકી છે. રત્ન કલાકારોએ ડાયમંડ વર્કર યુનિયન ઓફિસમાં તેમને પરત કામ પર બોલાવામાં આવે તેવી માંગ કરી છે. કે.ગિરધારલાલ ડાયમંડ કંપનીએ કોઈ કારણ વિના જ કર્મચારીઓને છુટા કર્યાઆ અંગે ડાયમંડ વર્કર યુનિયનના ઉપપ્રમુખ ભાવેશ ટાંકે જણાવ્યું છે કે, લોકડાઉનમાં એક તરફ રાજય સરકાર રત્ન કલાકારો અને કારીગરોને મદદ કરવા કંપનીના માલિકોને સૂચના આપી રહી છે. તેમ છતાં રત્ન કલાકારો સાથે અન્યાય કરવામાં આવી રહ્યો છે. રત્ન કલાકારો સાથેનો અન્યાય બિલકુલ પણ સાંખી નહીં લેવામાં આવે. જેથી સરકાર રત્ન કલાકારોને ન્યાય અપાવે તેવી માંગ છે. અન્યથા આગામી દિવસોમાં રત્ન કલાકારોને સાથે રાખી શાંતિપૂર્ણ રીતે આંદોલન પણ કરવામાં આવશે.

વલસાડ કલેકટર રાવલ પિતાની અંતિમ વિધી માટે ગયા નહીં

સાચા અર્થમાં વાવાઝોડા વોરિયર્સ બનતા કલેકટર આર.આર.રાવલ

વલસાડ

વલસાડ જિલ્લાના નવનિયુક્તમ કલેક્ટ ર શ્રી આર.આર.રાવલે પદભાર સંભાળતાં જ નિસર્ગ વાવાઝોડાનો ડિઝાસ્ટરર સર્જાયો હતો. આવા સમયે એમના કૌટુંબિક જીવનમાં પણ આઘાતજનક ઘટના બની. એમના પિતા શ્રી રામશંકર અંબારામ રાવલ, ઉ.વ.૮૪, ઉનાવા, જિ.મહેસાણાનું દુ:ખદ અવસાન આજરોજ થયું હતું. ફરજ પરસ્ત , કર્મનિષ્ઠા અને જનસેવાના કાર્યોને અગ્રીમતા આપવાના ધ્યેદય સાથે હાજર થયેલા કલેક્ટરશ્રી રાવલે વાવાઝોડાના પગલે જિલ્લાના પ્રજાજનોની ચિંતા કરી. જનતાને મુશ્કે લી ન પડે તે માટે ખડેપગે હાજર રહયા. નિસર્ગ વાવાઝોડા સમયે સતત વ્યનસ્તા રહયા. તેઓ સાચા અર્થમાં વાવાઝોડા વોરિયર્સ બન્યાક. પરિસ્થિખતિનો તાગ મેળવીને અધિકારીઓને માર્ગદર્શન આપતા રહયા. કામ પ્રત્યેરની નિષ્ઠાદ અને લોકહિતની ભાવનાને તેમણે પ્રાધાન્યય આપી એક નિષ્ઠાખવાન અધિકારીના દર્શન કરાવ્યા છે. વલસાડ જિલ્લાને એક સંવેદનાસભર અધિકારી મળ્યાણ છે. પોતાની ફરજ ઉપર હાજર રહી પોતાની કાર્યનિષ્ઠા?ના દર્શન કરાવ્યાત છે. એક પુત્ર તરીકે પિતાની અંતિમ સંસ્કામર વિધિમાં પણ ન જઈ પ્રજાસેવાના દર્શન કરાવ્યાહ છે. સ્વા. રામશંકર અંબારામ રાવલ શ્રી મીરાદાતાર સર્વોદય વિદ્યાલય ઉનાવાના નિવૃત્ત આચાર્ય છે. કલેક્ટ્રશ્રી રાવલના જીવનમાં આવી પડેલી કૌટુંબિક દુ:ખદ ઘટનામાં પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ આપે.

આયાત-નિકાસની ખાદ્યની પૂર્તિ કરવી જરૂરી છે: મનસુખ માંડવીયા

અમરોલી કોલેજ દ્વારા આત્મનિર્ભર ભારત વિશે નેશનલ વેબીરના યોજાયો

સુરત

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૦૩ જુન, ૨૦૨૦ બુધવારના રોજ "કોવિડ-૧૯ પછી આત્મનિર્ભર ભારત" વિષય અંતર્ગત google Meet અને You Tube ના માધ્યમથી ૧૧માં નેશનલ વેલીનારનું આયોજન થયું હતું. અમરોલી કોલેજના આચાર્યશ્રી ડો.કે.એન. ચાવડાએ શુભેચ્છા પાઠવી આર્શીવચનો આપ્યા હતા. જેમાં આદરણીયશ્રી મનસુખ માંડવીયા કેન્દ્રિય રાજયમંત્રી-જહાજ (સ્વતંત્ર હવાલો), રસાયણ અને ખાતર મંત્રી, રાજયસભાના સભ્ય મુખ્ય વક્તા તરીકે સમગ્ર ભારતના વિવિધ રાજયોમાંથી ૧૦,૦૦૦ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. જેમાં શ્રી મનસુખ માંડવીયાએ જણાવ્યું કે ભારતે આત્મનિર્ભર બનવું પડશે આત્મનિર્ભર એટલે ભારત ૬૧૭,૮૪૬ મિલિયન ડોલરનું આયાત કરે છે જયારે ૩૨,૨૯૨ મિલિયન ડોલરની નિકાસ કરે છે. જેથી ૨૯૫,૬૫૪ મિલિયન ડોલર ખાદ્ય રહી જાય છે. જેને પુરતી કરવી ખૂબ જ જરૂરી છે. ભારત નવી ટેકનોલોજી, નવીનતા દ્વારા આત્મનિર્ભર બની શકે. કોરોના વાયરસ દ્વારા વિપરિત પરિસ્થિતિમાં માનવતાના ધોરણે ભારતે ૧૧૩ જેટલા દેશોમાં દવા અને મેડિકલ સાધનો મોકલ્યા છે. જેથી ભારતને આવનારા સમયમાં દુનિયા સન્માનથી જોશે અને ભારતની પ્રતિષ્ઠામાં વધારો થયો છે. દરેકનું સન્માન કરવું તે ભારત દેશની સંસ્કૃતિ છે. કેન્દ્ર સરકારે વિવિધ ક્ષેત્રો માટે જે ૨૦.૯૭ લાખ કરોડનું જે પેકેજ જાહેર કર્યુ છે જેનાથી ભારત ખૂબ ઝડપથી આત્મનિર્ભર બનશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

શ્રી મનસુખ માંડવીયાએ વધુમાં જણાવ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સૌ પ્રથમ લોકોના આરોગ્યની ચિંતા કરી લોકડાઉનનો વિકલ્પ પસંદ કર્યો હતો. જેથી જ આજે આપણે વિશ્વની સરખામણીમાં સૌથી ઓછો મૃત્યુદર રહ્યો છે. કોવિડ-૧૯ પછી સોશ્યિલ ડિસ્ટન્સ અને સરકારની માર્ગદર્શિકાનો અમલ કરી દેશની ૧૩૦ કરોડની જનતાને કદમથી કદમ મિલાવી દેશના અર્થતંત્રને ફરી બેઠું કરવાનો સમય આવી ગયો છે. કોવિડ-૧૯ લોકોને ઘણી સારી બાબતો પણ શીખવી છે. જે તેમને આત્મનિર્ભર બનવામાં મદદ કરશે. મેડિકલ ક્ષેત્રના ઉત્પાદનમાં ભારત અગ્રેસર છે. પરંતુ તેની દવાના રો-મટીરીયલ માટે આજે પણ આપણે આત્મનિર્ભર બનવાની જરૂર છે. કેમિકલ અને ખાતર ક્ષેત્રમાં ખાતરની નિકાસ કરવા માટે ભારત પાસે વિપુલ તકો છે અને સરકારે દેશોમાં ખૂબ જ ઝડપથી કામ કરી રહી છે.

તેમણે પોતાના વક્તવ્યમાં લોકડાઉનના વર્તમાન સમયમાં ખૂબ જ ઉપયોગી માહિતી આપી હતી.તેમજ પ્રશ્નોત્તરીના પણ ખૂબ જ સરસ જવાબો ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાનો પરિચય ડો. ચિરાગ સિધ્ધપુરીયા તેમજ આભારવિધિ ડૉ. મેહુલ શાહએ કરી હતી. વેબીનારનું સંચાલન ડો. ચિરાગ સિધ્ધપુરીયા, ડૉ. મેહુલ શાહ અને ડૉ.મયંક સોઢા તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળ સંચાલન કરવામાં આવ્યું હતું. અહી ઉલ્લેખનીય છે કે જયારથી લોકડાઉન થયુ ત્યારથી જ અમરોલી કોલેજના આચાર્યશ્રી ડો.કે.એન. ચાવડાના માર્ગદર્શન દ્વારા આવા વેબીનાર સીરીઝ તેમજ વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન શૈક્ષણિક વર્ગો ચલાવવામાં આવે છે.

કન્ટેનમેન્ટ ઝોનમાં છૂટછાટ જાહેર કરી ધંધા-રોજગાર માટે મુક્તિ આપો

કોર્પોરેટર દિનેશ કાછડીયાની મ્યુનિ. કમિશનરને રજૂઆત

સુરત

સુરત મહાનગર પાલિકાના વિસ્તારોમાં કલસ્ટર કન્ટેન્ટમેન્ટ ઝોન તરીકે જાહેર કરેલ વિસ્તારોમાં જયાં કોરોનાના પોઝીટીવ કેસો ઘણા સમયથી થયા ન હોય તેવા વિસ્તારોમાં પનઃ મલ્યાંકન કરીને સરકારશ્રીના નિતિ નિયમો મુજબ છુટછાટ આપવા બાબતે મ્યુનિ. કમિશનરને કોર્પોરેટર દિનેશભાઈ કાછડીયાએ આવેદન પત્ર પાઠવી જણાવ્યું છે કે સુરત મહાનગર પાલીકાના વિસ્તારોમાં કોવિડ–૧૯ હેઠળ પાલીકા દ્વારા કલસ્ટર (રેડ ઝોન) તરીકે જાહેર કરવામાં આવ્યા છે. સરકારશ્રી દ્વારા લોકડાઉન ભાગ-૪ અન્વયે કોરોનાના કેસોના મુલ્યાંકનના આધારે દુકાનો તેમજ નાના છુટક વેપારીઓને ધંધા રોજગારમાં છુટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોવિડ–૧૯ લોકડાઉન ભાગ-૪ અન્વયે રાજય સરકાર દ્વારા વિવિધ મહાનગર પાલિકાઓમાં પોતાના શહેરમાં પોઝીટીવ અને નેગેટીવ કેસો પ્રમાણે કલસ્ટર કન્ટેન્ટમેન્ટ અને નોન કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરી કામગીરી કરવા સુચના આપેલ છે.

વરાછા ઝોન–એ વિસ્તારમાં અટલજી નગર, મોદી મહોલ્લો, રામનાથ ઓવારો, લક્ષ્મીનારાયણ સોસાયટી, એકતા નગર, જાડાબાવા વિસ્તાર, મીરાનગર, યોગેશ્વર સોસાયટી, સમા સોસાયટી, તેમજ અન્ય મારા વોર્ડના તમામ વિસ્તાર કોવડ–૧૯ હેઠળ કલસ્ટર તરીકે જાહેર કરેલ છે. હાલના સંજોગોમાં જે વિસ્તારમાં પોઝીટીવ કેસ મળે તે વિસ્તાર પુરતુ જ તે પણ જે સોસાયટીઓ, એપાર્ટમેન્ટોમાં જયાં પણ કોશેનાનો કેસ છે તે સોસાયટી એપાર્ટમેન્ટમાં રહેતા ઘર પુરતુ જ કલસ્ટર જાહેર કરવું જોઈએ બાકીના સોસાયટી એપાર્ટમેન્ટમાં રહેતા ઘરોને કલસ્ટરમાંથી મુકિત આપવી જોઈએ. જેથી કરીને તેઓ કામધંધા અર્થે જઈ શકે, કારણ કે લોકડાઉનને કારણે છેલ્લા બે થી અઢી માસથી ધંધા રોજગાર બંધ હોવાના કારણે ભારે મુશ્કેલીનો સામનો કરી રહયા છે. આ વિસ્તારના લોકો પોતાના ધંધા રોજગાર માટે બીજા અન્ય વિસ્તારોમાં પણ જઈ શકતા નથી.

કર્ફ્યુમાં રાત્રિ સમયે સુરતથી ઉપડતી ૧૧ ટ્રેનોના મુસાફરોને હાલાકી

કર્ફ્યુ સમયે દોડતી ટ્રેનના મુસાફરો માટે સીટી બસ દોડાવવા માંગણી

સુરત

કોરોના વાયરસને કારણે સુરત શહેરમાં રાત્રે નવથી સવારે પાંચ વાગ્યા સુધી કરફ્યુનો અમલ ચાલુ છે, ત્યારે રાત્રિ સમયે સુરત રેલવે સ્ટેશન ઉપરથી ૧૧ જેટલી ટ્રેનો રવાના થાય છે. આ ટ્રેનોમાં સુરતથી બેસનારા મુસાફરો કરફ્યુનો અમલ શરૂ થાય એ પહેલાં જ રેલવે સ્ટેશને પહોંચી જવું પડે છે અને કલાકો સુધી પ્લેટફોર્મ ઉપર બેસી રહેવું પડે છે. જેથી રાત્રિ સમયની ટ્રેનમાં જવા માટે સીટી બસ સેવા ચાલુ કરવા સહિતની રજૂઆત મેયર અને પા.કમિશનરને ઝેડઆરયુસીસી સભ્ય રાકેશ શાહે રજૂઆત કરી હતી.

ઝેડઆરયુસીસી સભ્ય રાકેશ શાહના જણાવ્યા મુજબ આખા ગુજરાતમાં કોરોનાના કારણે રાજય સરકારે સાવચેતીના પગલા રૂપે રાત્રિના ૯થી સવારે પાંચ સુધી કર્ફ્યુ મુક્યો છે. રેલવે તંત્ર દ્વારા આખા દેશમાં અત્યારે સ્પેશ્યલ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે.સુરત રેલવે સ્ટેશને ઘણી ટ્રેનો રાત્રે ૯ થી સવારે પાંચ દરમ્યાન આવે પણ છે અને ઉપડે પણ છે. જે વ્યક્તિઓ પાસે પોતાના વાહન નથી અને વાહન છે પરંતુ રેલવે સ્ટેશને પાર્કિંગ પણ બંધ હોવાના કારણે પેસેન્જરને લેવા મુકવા માટે તેમના સગા સંબંધી કે મિત્રને બોલાવવા જ પડે. પરંતુ કર્ફ્યુના કારણે તેઓ પણ લેવા મુકવા જઈ શકે તેમ નથી. પેસેન્જરોએ સ્ટેશન ઉતર્યા પછી ઉપરોક્ત સમય દરમ્યાન પોતાના ઘરેથી રેલવે સ્ટેશન સુધી પહોંચવા લાચાર થઈ જાય છે. બે દિવસ પહેલા કર્ણાવતી એક્સપ્રેસ અમદાવાદ સ્ટેશને રાત્રે ૯.૩૦ પછી પહોંચતા જે યાત્રીઓ પાસે વાહન ન હતુ તેવા કેટલાક યાત્રીઓએ સવારે કર્ફ્યુ ખુલે ત્યાં સુધી સ્ટેશન ઉપર બેસી રહેવું પડ્યું હતું. જેથી પરિવારના સભ્યને સ્ટેશને મુકવા લેવા જનારાઓને પરવાનગી આપવામાં આવે તેમજ રાત્રે સીટી બસ ચાલુ કરવાની માંગણી કરાઈ હતી.

ચાણોદમાં કરોડોની લૂંટ કરી ફરાર થયેલા આરોપીઓની ગુજરાત ATSએ કરી ધરપકડ

ગાંધીનગર

ગુજરાત ATSની ટીમે ચાંણોદની આઈ આઈ એફ એલમાં કરોડોની લૂંટ કરનાર આરોપીઓને કર્ણાટક અને મુંબઈથી ઝડપી પાડ્યા હતા. ચણોદ ખાતે આઈ આઈ એફ એલમાં કરોડોની લૂંટ કરવામાં આવી હતી. જેમાં બે આરોપીઓને ગુજરાત છૂજીની ટીમે કર્ણાટક અને મુંબઈથી ઝડપી પાડ્યા હતા. બંને આરોપીઓના કોરોના ટેસ્ટ નેગેટિવ આવતા તેમને હવે ૭ દિવસના રિમાન્ડ પર રાખવામાં આવ્યા છે. આગળની તપાસ પણ હવે વલસાડ એલસીબીની ટીમને સોપી દેવામાં આવી છે.

૯ જાન્યુંઆરીના રોજ ૬ બુકાનીધારીઓએ ચાણોદ ખાતે આવેલ આઈ આઈ એફ એલની ઓફિસમાં તમંચા બતાવીને કરોડો રૂપિયાની લૂંટ કરી હતી. બાદમાં ત્યાથી ફરાર થઈ ગયા હતા.જોકે આ કેસમાં ગુજરાત એટીએસની ટીમે આરોપી સંતોષ નાયકની કર્ણાટકથી ધરપકડ કરી તેમજ આરોપી શરમત બેગની મુંબઈથી ધરપકડ કરી હતી. આરોપીઓની ધરપકડ બાદ તેમની પાસેથી ૭૦ લાખ કબ્જે કરીને આગળની તપાસ વલસાડ એલસીબીને સોપવામાં આ છે..જોકે મહત્વનું છે કે આ કેસમાં એટીએસની ટીમે અમદાવાદમાં પણ એક હરીશ ગોસ્વામી નામના આરોપીની ધરપકડ કરી છે. તેની તપાસ ભીલાડ પોલીસને સોપવામાં આવી છે.

રાજ્યના ચેરિટી કમિશનર પદે શુક્લાની પુનઃ બે વર્ષ માટે થયેલી નિયુક્તિ

સુરત

ગુજરાતના ચેરિટી કમિશ્નર વાય.એમ.શુકલાને તેમની સરહાનિય કામગીરીને ધ્યાને લઈને રાજ્યપાલ દ્વારા પુનઃ એક વખત બે વર્ષ માટે રિપિટ કરવામાં આવ્યા છે.ડિસ્ટ્રીક્ટ જજ તરીકેના કાર્યકાળમાંથી નિવૃત્ત થયેલા વાય.એમ.શુકલાએ હાલની કોરોનાની મહામારીના વિકટ સમય દરમ્યાન પણ નોંધપાત્ર કામગીરી કરી હતી,જેની સરકારે પણ નોંધ લીધી હતી.

ગુજરાતમાં ચેરિટી કમિશ્નરની મુખ્ય કચેરી અમદાવાદ ખાતે આવેલી છે.જેના તાબા હેઠળ રાજયભરમાં ૩૦થી વધુ કચેરીઓ આવેલી છે.આ તમામ કચેરીઓનું સતત પાંચ વર્ષ સુધી અત્યંત સુંદર સંચાલન કરનાર કમિશ્નર વાય.એમ.શુકલા ગુજરાતમાં સૌથી નાનીવયે જજ બનવાનું બહુમાન ધરાવે છે.વર્ષ ૧૯૮૧થી રાજયની જયુડિશ્યરીમાં વિવિધ પદો ઉપર કામ કરનારી ડિસ્ટ્રીક્ટ જજ તરીકે નિવૃત્ત થયેલા વાય.એમ.શુકલાએ રાજયના ચેરિટી કમિશ્નર પદને પણ શોભાવે તેવું ઉમદુ કાર્ય કર્યું છે.જેમની કામગીરીની સરકારે નોંધ લઈને તેમણે પુનઃ બે વર્ષ માટે રાજયના ચેરિટી કમિશ્નર પદે નિયુક્ત કર્યા છે.જેથી તેઓ હવે તા.૧લી જૂનથી બે વર્ષ માટે પોતાના પદ પર ચાલુ રહેશે.

રાજયમાં એનેક ટ્રસ્ટો અને સંસ્થાઓ આવેલી છે.જેમના વહીવટ ઉપર નજર રાખવાથી માંડી ચેરિટી કમિશ્નર હસ્તકની કચેરીઓમાં ચાલતાં ટ્રસ્ટોના કેસોના યોગ્ય નિકાલની કામગીરીમાં પણ વાય.એમ.શુકલાએ ઉદાહરણરુપ અને નોંધપાત્ર કામગીરી કરી છે.ઉપરાંત રાજયની ગોચરની જમીનોના કેસોનો પણ સુંદર રીતે નિકાલ કરવામાં ચેરિટી કમિશ્નર શુકલાની ભૂમિકા નોંધપાત્ર રહ્યી છે.

હાલની કોરોનાની મહામારીના સંકટ ટાણે રાજયના ટ્રસ્ટો અને સંસ્થાઓને લોક સેવામાં ભાગીદાર બનાવવામાં પણ શુકલાજીની ભૂમિકા નોંધપાત્ર રહી છે.જેમની પ્રમાણિકતા અને કામ પ્રત્યેની નિષ્ઠાના કારણે કેટલાક ચોક્કસ વકીલ મિત્રોમાં તેઓ અપ્રિય છે.જેઓએ સરકારમાં શુકલા સામે અવારનવાર ફરિયાદો કરી હોવા છતાં,આવા વકીલ મિત્રો પોતાના મનસુબામાં ત્યારે ફાવી શક્યા નથી, જયારે વાય.એમ.શુકલાની સરકાર દ્વારા રાજયના ચેરિટી કમિશ્નર પદે પુનઃ બે વર્ષ માટે નિયુક્તિ કરવામાં આવી છે.જેમણી પુનઃ નિયુક્તિથી તેમનો વિરોધ કરનાર વકીલ મિત્રોમાં સોપો પડી જવા પામ્યો છે.

પુણા ગામમાં રહેતો યુવક એકા એક ગુમ

સુરત

પુણા પોલીસના જણાવ્યા અનુસાર તા.૨૫/૦૫/૨૦૨૦ના રોજ ૨૨૪ વિક્રમનગર, શેરી નં-૪, સીતાનગર ચોકડી, પુણાગામ ખાતે રહેતા મગનભાઈ બલદાણીયાના ૨૦ વર્ષીય પુત્ર ભદ્રેશભાઈ સારોલી ગામમાં માસ્ક વહેચવા ગયા, જ્યાંથી કોઈને કંઈ કહ્યા વગર ચાલ્યા ગયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉંવર્ણ, ઉંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે શરીરે ઝીણા ફુલની ડિઝાઈનવાળું વાદળી રંગનું શર્ટ તથા ગ્રે રંગનું પેન્ટ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા પુણા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

પુણા ગામમાં રહેતી ૨૧ વર્ષીય યુવતી લાપતા

સુરત

પુણા પોલીસના જણાવ્યા અનુસાર તા.૨૬/૦૫/૨૦૨૦ના રોજ બી-૨૫, સરગમ સોસાયટી, દાનગીગેવ સોસાયટીની બાજુમાં, પુણા ખાતે રહેતા ઘનશ્યામભાઈ જીવરાજભાઈ ચોડવડીયાની ૨૧ વર્ષીય પુત્રી દેવાંગીબેન પોતાના ઘરેથી કોઈને પણ કંઈ કહ્યા વગર ચાલ્યા ગયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉં વર્ણ, ઉંચાઈ ૫.૦૦ ફૂટ છે. તેમણે શરીરે પીળા રંગનુ ટી-શર્ટ તથા બ્લેક રંગની ચેક્સવાળી લેગીઝ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા પુણા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

કોરોનાને કારણે સાસણગીરનો ટુરિઝમ ધંધો ભાંગી પડતા સીએમને પત્ર લખી કરી રાહતની માંગ

રાજકોટ

ટુરિઝમ વ્યવસાયમાં સાસણગીરની સાથે રાજ્યમાં કોઈ પણ સ્થળ ન આવી શકે. પરંતુ કોરોનાના કારણે છેલ્લા ત્રણ મહિનાથી લોકડાઉનને કારણે આ વ્યવસાય પડી ભાંગ્યો છે. આથી ગીર જંગલ લોઝના મુકેશ મહેતાએ રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. જેમાં જણાવ્યું છે કે, કોરોનાને કારણે સૌથી વધુ અસરગ્રસ્ત પ્રવાસન સાથે જોડાયેલ રાજ્યના સાસણ ગીરના હોટલ, રિસોર્ટસ તથા સ્થાનિક જીપ્સી ચાલક, ગાઈડ વગેરેને વન વિભાગ અને રાજ્ય સરકાર તરફથી વિવિધ રાહત અને મદદ કરવાની માંગ છે.

અમે એસોસિએશન વતી રાજ્ય સરકારને વિવિધ કાર્યો માટે અભિનંદન પાઠવીએ છીએ. આપ જાણો જ છો કે કોરોનાને કારણે જે લોકડાઉન અને બાદની પરિસ્થિતિમાં મોટા લેબર ફોર્સને કામ આપતો પ્રવાસન, હોટલ અને રિસોર્ટસનો વ્યવસાય ખૂબ જ મોટા પાયે અસર પામ્યો છે. સાસણગીર, દ્વારકા, સોમનાથ, વેળાવદર, પોલો, સાપુતારા વગેરે સ્થાન પર આવેલ રિસોર્ટ હોટલોની સમસ્યા શહેરોમા આવેલી સિટી હોટલથી અલગ પ્રકારની છે. સાસણ ગીર એ ગુજરાત અને દેશનુ મહત્વનું પ્રવાસન કેન્દ્ર છે અને અનેક લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી પૂરી પાડે છે. આ અંગે મુખ્યમંત્રીને મુકેશ મહેતા દ્વારા પ્રવાસન વ્યવસાય ચાલી શકે અને લોકોને રોજગારી મળી રહે તે માટે સુચનો મોકલ્યા છે. આ સુચનોથી લોકડાઉન દરમિયાન અને બાદની પરિસ્થિતિમાં આ વ્યવસાય ફરી ઉભો થવામાં મદદરૂપ થઈ શકે તેમ છે.

ગુજરાતના જે વિવિધ પાર્ક અને સેન્ચુરી વિસ્તારમા સફારી થાય છે તેમા હાલની જે ભારતીય નાગરિકની ફી છે તેમા ૩૦ ટકા તથા વિદેશી નાગરિકની ફીમાં ૫૦ ટકાનો ઘટાડો આવતા ૧-૨ વર્ષ માટે અમલ થાય તેમ કરવો જોઈએ. કોરોનાને કારણે જે લોકડાઉન અને બાદની પરીસ્થિતિમાં જંગલ સફારી લગભગ ૨ મહિના જેટલો સમય બંધ રહેશે. જેના કારણે રિસોર્ટસ અને હોટલ તથા જીપ્સી ડ્રાઇવર, ગાઇડ, અને અન્ય બધા મળી અનેક લોકોને રોજગારી પર જોખમ આવી પડ્યું છે જો હવે સફારીને ૩૦ જુનથી બંધ કરીને ૧ ઓક્ટોબરે ખોલવામા આવે તો તેના કારણે આશરે ૩૦ દિવસ સુધી બધાને રોજગારી મળી શકે છે.

વાપીમાં IIFLમાં કરોડોના સોનાની લૂંટ કરનારા લૂંટારૂં ૭ દિવસના રિમાન્ડ પર

વલસાડ

વાપીના ચણોદ વિસ્તારમાં IIFLમાં કરોડોની લૂંટ ચલાવનારા આરોપીઓને ગુજરાત છ્જીએ કર્ણાટક અને મુંબઈથી ઝડપી પાડ્યા બાદ વલસાડ જ્મ્ને તપાસ સોંપાઈ હતી. જેમાં બંને આરોપીના કોરોના રિપોર્ટ નેગેટિવ આવતા તેઓના ૭ દિવસના રિમાન્ડ મેળવી કરોડોના સોનાની લૂંટના મુદ્દામાલની રિકવર કરી તજવીજ હાથ ધરી છે. વાપીમાં IIFL માં કરોડોના સોનાની લૂંટ કરનાર લૂંટારા ૭ દિવસના રિમાન્ડ પરવાપી ચણોદ ખાતે ચંદ્રલોક બિલ્ડીંગમાં દાગીના પર લોન આપતી IIFLની ઓફિસમાં ૯ જાન્યુઆરીના રોજ ૬ બુકાનીધારીઓએ પ્રવેશી તમંચા બતાવી રોકડા અને દાગીના મળી કરોડોની લૂંટ કરી ત્યાંથી ફરાર થઇ ગયા



હતા. આ કેસમાં ગુજરાત ATSએ આરોપી સંતોષ નાયકની કર્ણાટકથી તેમજ આરોપી શરમત બેગની મુંબઈથી ધરપકડ કરી તેમની પાસેથી રોકડા રૂ.૭૦ લાખ કબ્જે લઇ આગળની તપાસ વલસાડ LCBને સોંપી હતી.

goldIIFLની ઓફિસઆ કેસમાં બંને આરોપીને વલસાડ સિવિલ હોસ્પિટલમાં લઇ જઇ કોરોના રિપોર્ટ કરવામાં આવતા બંનેના રિપોર્ટ નેગેટિવ નીકળ્યા હતા. જેથી બંનેને ૭ દિવસના રિમાન્ડ પર મોકલી આપવામાં આવ્યા છે. દરમિયાન મુદ્દામાલ રિકવરી અને લૂંટમાં સામેલ અન્ય આરોપીઓને પકડવામાં સફળતા મળે તેમ પોલીસ માની રહી છે. આ કેસમાં એટીએસએ અમદાવાદથી લૂંટમાં સામેલ આરોપી હરીશ ગોસ્વામીની પણ ધરપકડ કરી વધુ તપાસ ભીલાડ પોલીસને સોંપી છે.

પુણા-કુંભારીયાના ડેપ્યુટી સરપંચ વિરૂદ્ધ બળાત્કારનો ગુનો દાખલ

યુવતીને અમેરિકા લઈ જવાની લાલચ આપી પરેશ પટેલે દુષ્કૃત્ય આચર્યું

સુરત

અમેરિકા લઈ જવાની લાલચ આપી પ્રેમ સંબંધ બાંધી બળાત્કાર ગુજાર્યા બાદ વારંવાર શરીર સુખ માટેની માંગણી કરી તાબે નહીં થાય તો ફોટો વાયરલ કરવાની ધમકી આપનાર કુંભારિયા ટેકરા ફળિયાના ૩૭ વર્ષીય પરેશ ગોવિંદ પટેલની સામે યુવતીએ પુણા પોલીસ મથકે બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી.

પુણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ પુણા કુંભારીયા ટેકરા ફળીયામાં રહેતાં પરેશ ગોવિંદ પટેલ ૩.વ.૩૭એ ફરિયાદી યુવતીને અમેરિકા લઈ જવાની લાલચ આપી હતી. અમેરિકા જવુ હોય તો પ્રેમ સંબંધ રાખવાની વાત કરી હતી. આરોપીની વાતોમાં આવી ફરિયાદી યુવતીએ પ્રેમ સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ આરોપીએ મીઠી મીઠી વાતો કરી શરીર સુખ માણ્યું હતું. તેમજ અવાર નવાર પીછો કરી શરીર સંબંધ બાંધવા માટે દબાણ કરતો હતો અને એક દિવસ ફોન કરી 'તુ મારી સાથે સંબંધ નહીં રાખીશ તો હુ તને ગામમાં બદનામ કરીશ અને ફોટો વાયરલ' કરવાની ધમકી આપી હતી. તેમજ હું ડેપ્યુટી સરપંચ છું મારૂ કોઈ કશું બગાડી શકશે નહિં તેવી અવાર નવાર ધમકીઓ આપતા આખરે યુવતીએ પુણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો દર્જ કરી પો.સ.ઈ. ડી.બી. રાઓલે તપાસ હાથ ધરી છે.

અખંડ આનંદ વિદ્યાભવનના ચાર શિક્ષકોનું નિવૃત્તિ વિદાયમાન

સોશિયલ ડિસ્ટન્સ જાળવી વિદાય સમારંભ યોજાયો

સુરત

અખંડ આનંદ વિદ્યાભવન સંચાલિત અખંડ આનંદ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં તા. ૩૧-૫ -૨૦૨૦ ના રોજ નિવૃત્ત થનાર ચાર શિક્ષક મિત્રોનો નિવૃત્તિ સન્માન સમારંભ શાળામાં યોજવામાં આવ્યો. વય નિવૃત્ત થનાર એ ચારેય શિક્ષકમાં શ્રી પ્રવીણભાઈ પટેલ, શ્રી ઉત્તમભાઈ ગામીત, શ્રી જગદીશભાઈ મણવર અને શ્રી શશીકાંતભાઈ મોરકરનો સમાવેશ થાય છે.

હાલમાં ચાલતા કોરોના વાયરસ, KOVID -૧૯ ની મહામારી વચ્ચે યોજાયેલા આ ચારેય શિક્ષકોના નિવૃત્ત સન્માન સમારંભના અધ્યક્ષસ્થાને ડો.હીનાબેન યુ. દેસાઈ (શાળાના કેમ્પસ ડાયરેકટર), શાળાના આચાર્યશ્રી ડૉ. અમૃતલાલ પી. પટેલ અને મહેમાનશ્રી વસંતભાઈ મિસ્ત્રી (આચાર્ય, પ્રા.વિભાગ) ખાસ ઉપસ્થિત



રહ્યા. આ કાર્યક્રમની શરૂઆત સર્વ ધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી. સૌપ્રથમ આચાર્ય શ્રી ડો.અમૃતલાલ પી.પટેલ એ નિવૃત્તિ પ્રસંગને અનુરૂપ મહેમાનોને આવકારી, નિવૃત્ત થનાર ચારેય શિક્ષક મિત્રોની સ્મૃતિમાં મનનીય પ્રવચન આપ્યું શંકર ભગવાન અને પાર્વતી માતાજીનું ઉદા.આપી સંપૂર્ણ નિષ્ઠા, પ્રમાણિકતા, અને નૈતિકતા દાખવી વર્ષો સુધી જે તે વિષયમાં પારંગતતા નું શિક્ષણ મેળવ્યુ અને વિદ્યાર્થીઓ અને વાલીઓને એનો લાભ ૨૫ થી ૩૫ વર્ષ સુધી આપ્યો એ જ્ઞાન - કૌશલ્ય (skill, technique)ને નિવૃત્તિ સમયમાં પણ નજીકના કુટુંબના સ્નેહીજનો, મિત્રો કે સોસાયટીના સંતાનોને - સમાજને આપવાની ખાસ ટકોર કરી હતી. ડો. હીનાબેન દેસાઈએ પણ નિવૃત્ત થનાર શિક્ષક મિત્રોને શુભ આશિષ પાઠવ્યા. ત્યારબાદ નિવૃત્ત થનાર ચારેય શિક્ષક મિત્રોને બુકે અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સોશિયલ distance જળવાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું. આ નિવૃત્તિ સન્માન કાર્યક્રમમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના પ્રતિનિધિરૂપે ફક્ત બે- બે શિક્ષક મિત્રો અને તમામ વહીવટી કર્મચારી મિત્રો અને કોમ્પ્યુટર ડિપાર્ટમેન્ટના શિક્ષક મિત્રો હાજર રહ્યા હતા.

સુરત લોકડાઉનમાં બંધ યુનિટના લાખો રૂપિયાનું વીજ બિલ આવતા ઉગ્ર વિરોધ



સુરત

કોરોનાના કહેર વચ્ચે છેલ્લા ૭૨ દિવસથી દેશભરમાં લોકડાઉન છે. જેના લીધે સુરતના ટેક્સટાઈલ અને ડાયમંડ ઉદ્યોગ સંપૂર્ણ રીતે બંધ રહ્યા હતા. પરંતુ આટલા દિવસ યુનિટ બંધ હોવા છતાં લાખો રૂપિયાનું વીજળી બિલ આવતા વિવર્સ અકળાઈ ગયા છે. અનેક જગ્યાએ બેનર લગાવીને બિલનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.

ગયાલોકડાઉનમાં બંધ યુનિટના લાખો રૂપિયાના વીજળી બિલ આવતા વિવર્સ અકળાઈ ગયાઆ વીજ બિલના વિરોધમાં લસકાણા વિસ્તારમાં સુરત સ્ટેશન સહિત અન્ય જગ્યાઓ પર ઠેર ઠેર બેનર લગાવી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા છે. આ બેનર થકી વીજ બીલ નહીં ભરવા આંદોલન શરૂ કરવામાં આવ્યા છે અને આ વીજ બિલ અંગે વિવર્સ એસોસિએશન સુરત જિલ્લા કલેકટરને રજૂઆત પણ કરશે.

સુરતના અમરોલી અને લસકાણા વિસ્તારમાં મોટા ભાગે વિવિંગ યુનિટ આવી છે, પરંતુ લોકડાઉન દરમિયાન આ તમામ યુનિટો બંધ રહી હતી. એક દિવસ પણ આ યુનિટો ચાલુ રહી નહતી તેમ છતાં ફાયરબ્રિગેડ દ્વારા અનેક વિવિંગ યુનિટોને લાખો રૂપિયાના વીજળી બિલ મોકલી દેવામાં આવ્યા છે. લાખો રૂપિયાના વીજળી બિલ લોકડાઉન દરમિયાન જોઈ વિવર્સ અકળાઈ ગયા છે.સુરત વિવર્સ એસોસિએશને આ અંગે સુરત જિલ્લા કલેકટરને રજૂઆત કરી નિરાકરણ લાવવા જણાવ્યું છે. એક લાખથી વધુ વીજ બિલ જોઈ વિવર્સ પણ રોષે ભરાયા છે. સુરતના લસકાણા અને અમરોલી વિસ્તારમાં વિવર્સ દ્વારા અનેક જગ્યાએ બેનર લગાવી વીજળી બિલનો વિરોધ નોંધાયો છે.

વરાછાના તબીબના ઘરમાં તસ્કરો ત્રાટકયાં

સુરત

વરાછા મીની બજાર શિવ શંકર પાર્વતી સોસાયટીમાં રહેતી તબીબનાં ઘર ત્રાટકેલી તસ્કરો સોનાના દાગીના મળી કુલ્લે રૂપિયા ૧,૭૦,૦૦૦ની મળી ચોરી કરી ગયા હતા.

વરાછા પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ગઇ કાલે સવારે ૧૦.૪૫ કલાક દરમિયાન અજાણ્યા તસ્કરો ફરિયાદી ડો. નરેશ ઘનશ્યામ પાર્વતી સોસાયટી સ્થિત ઘરનં ૧૫૩માં પ્રવેશી સોનાની વીંટી, પ્રેસ્લેટ, ઝાંઝર મળી આશરે રૂપિયા ૧.૭૦ લાખની મત્તા ચોરી કરી ગયા હતા. આ બનાવ સંધર્ભે વરાછા પોલીસે ડો. નરેશ વડસકની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

નવસારી પોલીસ દ્વારા વધુ ૩૫ વાહનો જપ્ત

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

તા.૨ જુન સુધી નવસારી જિલ્લા પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ આઈપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ હેઠળ આજદિન સુધી ૧૧૫૪૧ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તા. ૨ જુનના રોજ જિલ્લામાં ૩૫ વાહનો ડીટેઈન કરાયા હતા. તા.૨ જુન સુધીમાં કુલ ૧૩૧૨૫ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

સુરત RTO કચેરી કાર્યરત થતા પ્રવેશદ્વાર પર સેનિટાઈઝર અને થર્મલ સ્ક્રીનિંગ મશીન મૂકાયા

સુરત

કોરોના મહામારી અને લોકડાઉન વચ્ચે છેલ્લા ૭૫ દિવસથી બંધ RTO કચેરી આજથી કાર્યરત થઈ છે. જેમાં પ્રવેશદ્વાર પર સેનિટાઈઝર અને થર્મલ સ્ક્રીનિંગ મશીન મૂકાયા છે. આ સાથે સોશિયલ ડિસ્ટન્સ રાખવા કચેરી બહાર ગોળ સર્કલ બનાવ્યા છે. અરજદારો હાલ સર્કલમાં આવી રહ્યા છે. જેથી RTO કચેરી બહાર લાંબી લાઈન લાગી છે.

RTO કચેરીમાં અરજદારોએ તમામ પ્રકારની કામગીરી માટે અપોઈન્ટમેન્ટ ફરજીયાત કરી છે. અપોઈન્ટમોન્ટ વગર કચેરીમાં કોઈને પણ પ્રવેશ આપવામાં આવી રહ્યો નથી. કચેરીમાં ક્લાર્ક કે આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટરની દેખરેખ હેઠળ અરજદારોને



પ્રવેશ અપાઈ રહ્યો છે. કચેરીમાં આવતા અરજદારોની યાદી પણ રાખવામાં આવી રહી છે.

લોકડાઉન દરમિયાન ૨૩મી માર્ચ ૨૦૨૦થી ૩૧ જુલાઈ ૨૦૨૦ સુધીમાં કાચા લાયસન્સની અવધિ પુરી થઈ હશે તો પણ અરજદારો ૩૧ જુલાઈ સુધી પાકા લાયસન્સ માટે ડ્રાઈવિંગ ટેસ્ટ આપી શકશે. જોકે, અરજદારોએ ઓનલાઈન અપોઈન્ટમેન્ટ લઈને આરટીઓ કચેરીમાં આવવાનું રહેશે. હાઈ સિક્યુરિટી નંબર પ્લેટ માટે બપોરે ૩ વાગ્યા પછીનો સમય રાખવામાં આવ્યો છે. ૩ વાગ્યા સુધીમાં RTO લાયસન્સ અને વાહનને લગતી મોટાભાગની કામગીરી પૂર્ણ થઈ જાય છે. જેથી નંબર પ્લેટ લગાવવા માટે ૩ વાગ્યા બાદનો સમય રાખવામાં આવ્યો છે અને RTOમાં ભીડ ઓછી થાય.

સુરત જિલ્લામાં કન્ટેઈનમેન્ટ ક્ષેત્રમાં ૧૮૫૫૯ ઘરોમાં આરોગ્ય લક્ષી તપાસ

ગ્રામ્ય વિસ્તારમાં બે હજારથી વધુ લોગો હોમ કોરોન્ટાઈન

સુરત

સુરત જિલ્લામાં ગઈ કાલે ૦૩ દર્દી સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૯૧ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે. સુરત જિલ્લામાં ગત રોજ પોઝિટીવ કેસોની સંખ્યા ૧૨૫ હતી, જેમાં આજે ૧૧ કેસનો વધારો થવાથી આજે કુલ ૧૩૬ કોરોના પોઝિટીવ કેસો થયા છે. જયારે કુલ ૦૨ દર્દીના મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસો પૈકી ચોર્યાસી તાલુકાના ઈચ્છાપોર ગામના ૦૧, દેલાડવા ગામના ૦૧, લાજપોર ગામના ૦૧, ઓખા ગામના ૦૧, ઉમરપાડા તાલુકાના વડપાડા ગામના ૦૨, મૌલીપાડા ગામના ૦૧ ચાવડા ગામના ૦૧, કામરેજ તાલુકાના ૦૧ ,વેલાંજા ગામના ૦૧ તેમજ પાસોદરા પાટિયાના ૦૧ કેસ મળી ૧૧ કેમળી કુલ ૧૩૬ કેસો આવ્યા છે. કુલ ૯૭૭૫ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૧૩૬ પોઝિટીવ અને ૯૫૯૩ નેગેટીવ કેસો જયારે ૪૫ રિપીટ સેમ્પલ નોંધાયા છે.

૪૫ એક્ટિવ ક્લસ્ટર જેમાં દિહેણ, વેગી, વરેલી(ગાયત્રી નગર), વરેલી(દત્ત કૃપા), વરેલી(શાંતિ નગર), વરેલી(વ્રજધામ વિસ્તાર), બારડોલી નગર(તાઈવાડ), વિહારા, ચલથાણ, ભટગામ, નવી પારડી, વલથાણ (શિવશક્તિ), નવા ચકરા, શામપુરા, લીડીયાત, કપ્લેથા, લાજપોર (કોળીવાડ), લાજપોર (પોપડીયુ ફળિયુ), ઈચ્છાપોર (ઘંટી ફળિયુ), લસકાણા, રાજવડ, નનસાડ, કરચેલિયા, વરેલી(મનમંદિર કોમ્પ.), ગંગાધરા(કિષ્ણા વેલી), કરચકા, કોસંબા, વરેલી (પરમહંસ), સારોલી (નેચર વેલી), વાવ (એસ. આર. પી કેમ્પસ), તરાજ (ખાડી ફળીયુ) લસકાણા (ગોપાલનગર), પાસોદરા (ઓમ ટાઉનશીપ), વાંસકુઈ (નેવણીયા), સોદલાખારા, સાયણ (જલારામ સોસા.), મોર(માકીયાવાડ), ભાંડુત, જોળવા(આરાધના ડ્રિમ), તરસાડી(સંજય નગર), સચિન (જી.આઈ.ડી.સી), આડમોર(નીશાળ ફળિયુ), અરેઠ (બજાર ફળિયુ), માંડવી (હનુમાન ફળિયુ), તાતીથૈયા (ગજાનંદ પેલેસ) કન્ટેઈનમેન્ટ કલસ્ટર વિસ્તારનાંકુલ ૧૮૫૫૯ઘરોઅને કુલ વસ્તી ૭૭૭૩૨ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૫૮ ટીમ કાર્યરત છે.

નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૨૧૬૧ લોકો હોમ કોરન્ટાઈન હતા. આજે ૧૦૪ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૨૨૬૫ લોકો હોમ કોરન્ટાઈન છે. જયારે આજે ૨૬૩ લોકોનું હોમ કોરન્ટાઈન પૂર્ણ થતા કુલ ૨૦૦૨ લોકોને હાલ હોમ કોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા સુરતમાં વિશેષ સર્વે હાથ ધરાયો

સુરત

હાલ, નોંધેલ કોરોના વાયરસ કોવિડ–૧૯ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. સમગ્ર ભારત તેમજ ગુજરાત રાજય અને સુરત શહેરમાં કોવિડ–૧૯ના કેસો નોંધાયેલ છે. ઉપરોકત બાબતે ગુજરાત રાજયમાં અમદાવાદ અને સુરત શહેરોને ICMR (ઈન્ડિયન કાઉન્સીલ ઓફ મેડિકલ રિસર્ચ) ની ટીમ દ્વારા સીરો–સર્વેલન્સની કામગીરી કરવા માટે નિયુકત કરેલ હતા. જેના ભાગરૂપે તા.૦૨/૦૬/૨૦૨૦ અને તા.૦૩/૦૬/૨૦૨૦ના રોજ ICMR ની ટીમ દ્વારા સુરત શહેરના કુલ પાંચ કન્ટેઈનમેન્ટ વિસ્તાર જેમ કે રાંદેર, નાનપુરા, ગોપીપરા, મગોબ અને કાપોદ્રા વિસ્તાર જયા કેસો નોંધાયેલ તેમાંથી ગાઈડલાઈન મુજબ ૧૮ વર્ષથી ઉપરના વ્યકિતઓનાં કુલ ૫૦૦ બ્લર્ડ સેમ્પલ બે દિવસમાં લેવામાં આવેલ છે. જેને વધુ રિસર્ચ માટે ચેન્નાઈ મોકલવામાં આવશે.

ઉપરોકત સમગ્ર સીરો સર્વેલન્સની કામગીરી ICMR નાં રીપેસેન્ટેટીવ ડ.રાકેશ બાલચંદ્ર, સાયન્ટીસ–ડ, ICMR-NIOH (National Institute of Occupational Health) ના નિરીક્ષણ હેઠળ સુરત મહાનગરપાલિકાની ટીમ દ્વારા કરવામાં આવેલ છે. ઉપરોકત કામગીરીમાં ગુજરાત સરકાર દ્વારા સુપરવાઈઝરોની ટીમ પણ નિયુકત કરવામાં આવેલ જેમાં પ્રકાશ પટેલ આસીસ્ટન્ટ પ્રોફેસર, સ્મીમેર, સુરત ડ.હાર્દિક નડીવાલા, કન્સલટન્ટ ,WHO, NTEP, ડે.આનંદ સંતો, SMO -WHOવડોદરા, . વિપુલ ચૌધરી, આસીસ્ટન્ટ પ્રોફેસર, સિવિલ હોસ્પિટલ સુરત તેમજ ડ. કે. એન શેલડીયા, MO-TC, SMC ધ્વારા સુપરવિઝનની કામગીરી કરવામાં આવેલ.

નવસારી જિલ્લામાં કુલ ૧૪ જેટલા વિસ્તારો કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર

નવસારીમાં બુધવારે એક દર્દીનું મોત અને વધુ બે કેસ નોંધાયા

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં ગઇ કાલે તા.૦૩/૦૬/૨૦૨૦ ના રોજ ૬૨ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી- ૦૯, જલાલપોર- ૧૫, ગણદેવી- ૧૨, ચીખલી- ૦૯, ખેરગામ-૦૫ વાંસદા- ૧૧, અન્ય રાજય/જિલ્લાના ૦૧ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ-૩૧૯૫ સેમ્પલ લેવામાં આવ્યા છે જે પૈકી ૩૧૦૬ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઇ રહી છે. જિલ્લામાં પાંચમા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૩,૩૭,૫૯૬ વસ્તીને આવરી લેવામાં આવી છે. આજરોજ નવસારી જિલ્લામાં એક કોરોનો પોઝીટીવ દર્દીનું મૃત્યું થયું છે. તેમજ જિલ્લામાં બે નવા કેસ નોંધ્વધાયાં છે તથા એક દર્દીને રજા આપવામાં આવી છે.

હાલમાં, પટવાશેરી જૈન દેરાસર, શિવગંગા સોસાયટી, જલાલપોર, સમીર ગાર્ડન ઇટાળવા, શ્રીજી એપાર્ટમેન્ટ, જુનાથાણા, નવસારી, નવસારી શહેરી વિસ્તારમાં વિરભદ્ર કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, ઠાકોરવાડી વિસ્તાર, અમરદીપ સોસાયટી વિજલપોર, કાંટસવેલ, કડોલી, વાંદરવેલા, કુકેરી, સરૈયા, બોરસી માછીવાડ તથા મોહનપુર એમ કુલ-૧૪ વિસ્તારો કન્ટેઇનમેન્ટ હેઠળ છે. નવસારી જિલ્લામાં નોંધાયેલા ૨૮ દર્દીઓ પૈકી ૧૩ દર્દીઓને રજા આપી દેવામાં આવી છે. ૧૪ દર્દીઓ સારવાર હેઠળ છે. અને ૦૧ દર્દીનું આજરોજ મૃત્યુ થયું છે. તેમ જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

સુરતમાં ઘરે જ રહીને કોરોનાની સારવાર, મહિલા ઘરના પહેલા માળે એકલી રહે છે



સુરત

પાર્લે પોઈન્ટ વિસ્તારમાં કોરોના પોઝિટિવ આવ્યા બાદ મહિલા કેન્દ્ર સરકારની ગાઈડલાઈન પ્રમાણે હોમ ક્વોરન્ટીનમાં રહી સારવાર લઈ રહ્યા છે. જેના માટે પરિવાર દ્વારા તમામ સુવિધા કરવામાં આવી છે. મહિલા ઘરના પહેલા માળે એકલી રહે છે. પતિ સહિત પરિવારના કોઈ પણ સભ્યને પહેલા માળે જવાની મનાઈ છે. હાલ મહિલાની સ્થિતિ સ્ટેબલ હોવાથી કોઈ દવાની પણ જરૂર લાગી રહી નથી. જોકે, હેલ્થી ફૂડ સાથે કોરાના સામે લડી રહ્યા છે.

પાર્લે પોઈન્ટ વિસ્તારમાં આવેલા પંચવટી સોસાયટીમાં ૨૮ વર્ષીય કનુજ નરેશ યાદવ બે સંતાન, પતિ સહિતના પરિવાર સાથે રહે છે. પહેલાં ૬ વર્ષના દીકરાને કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્યારબાદ માતા કનુજનો રિપોર્ટ ૩૧મી મેના રોજ પોઝિટિવ આવ્યો હતો. જેથી તેને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ત્યારબાદ કેન્દ્ર સરકારની ગાઈડલાઈન પ્રમાણે ઘરે જ સારવાર કરવાનો નિર્ણય કરાયો હતો. જેથી હાલ કનુજ ઘરના પહેલા માળે રહે છે અને પરિવાર નીચે રહે છે.

મહિલાના પતિ નરેશ યાદવે જણાવ્યું હતું. પહેલા માળે કનુજ માટે રૂમમાં ફ્રિજ અને મ્યુઝિક સિસ્ટમ સહિતની તમામ સુવિધા કરવામાં આવી છે. તમામ જીવન જરૂરિયાતની વસ્તુઓ ફોન કરે એટલે લિફ્ટમાં ઉપર મોકલી આપવામાં આવે છે. કોઈ ઉપર જઈ ન શકે કોઈ નીચે આવી ન શકે તેની તકેદારી રાખવામાં આવી રહી છે. ઘરમાં નીચે પણ સેનિટાઈઝ પણ મૂકવામાં આવ્યું છે. જ્યારે આ સાથે સેનિટાઈઝ કેબિન પણ બનાવી છે.

સુરતમાં નવા ૮૩ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૨૦૦૦, ૨૪ કલાકમાં એક પણ મોત નહીં, રિકવરી આંક ૧૩૦૬

શહેર જિલ્લામાં કોરોનાનો મૃત્યુઆંક ૭૮ પર પહોંચી ગયો છે : નવા શહેરના ૪૪ અને જિલ્લામાં ૩ કુલ ૪૭ દર્દી ડિસ્ચાર્જ થયા

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, આજે એક જ દિવસમાં વધુ ૮૩ કેસ પોઝિટિવ નોંધાયા છે. આ સાથે શહેર જિલ્લામાં પોઝિટિવ કેસોની કુલ સંખ્યા ૨૦૦૦ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં એક પણ મોત ન નોંધાતા અત્યાર સુધીમાં શહેર જિલ્લામાં કોરોનાનો કુલ મૃત્યુઆંક ૭૮ છે. શહેરના ૪૪ અને જિલ્લાના ૩ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતા તેમને રજા આપવામાં આવી છે. જેથી રિકવરી આંક ૧૩૦૬ પર પહોંચી ગયો છે.

સુરત શહેરમાં ૭૬ અને જિલ્લામાં ૭ કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ કેસ કતારગામ ઝોનમાં ૨૫ કેસ નોંધાયા છે. જ્યારે સેન્ટ્રલ ઝોનમાં ૧૧, વરાછા-એ ઝોનમાં ૬, વરાછા-બી ઝોનમાં ૧, રાંદેર ઝોનમાં ૧, લિંબાયત ઝોનમાં ૧૧, ઉધના ઝોનમાં ૧૮ અને અઠવા ઝોનમાં ૩ કેસ નોંધાયા છે.

મગોબ, ધનવર્ષા સોસાયટી ખાતે રહેતા લીલાવતી હર્ષદભાઈ પટેલ(૫૬) નવી સિવિલ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવે છે. હાલ તેઓ સિવિલની કોવિડ ૧૯ હોસ્પિટલમાં ફરજ બજાવી રહ્યા છે. તેમને કોરોનાના લક્ષણો જણાતા સેમ્પલ લઈ તપાસ કરાઈ હતી. જેમાં તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેવી જ રીતે ડુંભાલ, સુમન સિદ્ધિ એપાર્ટમેન્ટ ખાતે રહેતા પ્રકાશ એકનાથ ઠાકુર (૪૦) , સ્મિમેર ફોરેન્સીક ડિપાર્ટમેન્ટમાં લેબ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. કોરોનાના લક્ષણો બાદ મંગળવારે તેમનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે.

મહિધરપુરા, ગલેમંડી ખાતે રહેતા યોગેશ રાઈસિંગભાઈ ઠાકોર (૩૨)એસઆરપી જવાન છે. કોરોનાના લક્ષણો બાદ મંગળવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જ્યારે અમરોલી, તાપી ગણેશ રેસિડેન્સી ખાતે રહેતા જયંતિભાઈ કાલાભાઈ બોરિચા (૫૪)નિવૃત્ત એસએમસી કર્મચારી છે. મંગળવારે તેમનો પણ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

લિંબાયત, સુભાષ નગર ખાતે રહેતા હસમુખભાઈ નટવરભાઈ પટેલ(૪૮) એપ્પલ હોસ્પિટલમાં ફાર્માસિસ્ટ છે. મંગળવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેવી જ રીતે પાલનપુર પાટીયા, પ્રભુનગર સોસાયટી ખાતે રહેતા ભાવિક પરેશભાઈ શાહ (૨૭) સનસાઇન ગ્લોબલ હોસ્પિટલમાં ફાર્માસિસ્ટ છે. મંગળવારે તેમનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે.જ્યારે ઉધના, મહાકાળી નગર ખાતે રહેતા સાગર રઘુનાથભાઈ ભામરે (૨૭) થ્રીજી સાઇટ એક્ષ-રે અને સોનો ડાયગ્નોસ્ટિક ખાતે ટાઇપીસ્ટ છે. કોરોનાના લક્ષણો બાદ મંગળવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

નાના વરાછા, શ્યામધામ સોસાયટી ખાતે રહેતા વિઠ્ઠલભાઈ રાઘવભાઈ વઘાસિયા (૪૯) લસકાણા ખાતે લુમ્સ સ્પેર પાર્ટની દુકાન ચલાવે છે. કોરોનાના લક્ષણો બાદ મંગળવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જ્યારે નવાગામ ડિંડોલી, સ્વસ્તિક ગ્રીન એપાર્ટમેન્ટ ખાતે રહેતા જીતેન્દ્ર સીતારામ સંસારે (૪૨)સરદાર માર્કેટમાં શાકભાજી વિક્રેતા છે. મંગળવારે તેમનો પણ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

બમરોલી રોડ, ગણેશ નગર ખાતે રહેતા અમિત આદિનાથ મોર્ય (૨૭) અલથાણ ખાતે આવેલા મેટ્રો મોલમાં સેલ્સ આસિસ્ટન્ટ તરીકે નોકરી કરે છે. કોરોનાના લક્ષણો બાદ મંગળવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેવી જ રીતે પાંડેસરા, ઈશ્વર નગર ખાતે રહેતા ગણેશ ચંદ્રકાંતભાઈ આરે (૨૫) રાહુલ રાજ મોલ ખાતે ઈન્વેન્ટરી મેનેજર છે. મંગળવારે તેમનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે.

સચીન, પાંડેસરા, રાંદેર, અમરોલી, સલાબતપુરા અને મહિધરપુરા પોલીસ મથક સહિત અલગ અલગ પોલીસ સ્ટેશનમાં જુદા જુદા ગુના હેઠળ પકડાયેલા આરોપીઓને જેલ હવાલે કરવા પહેલા કોર્ટની સુચના થી કોરોનાની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૧૪ આરોપીઓનો રિપોર્ટ મંગળવારે પોઝિટિવ આવ્યો છે. જેમાં સૌથી વધુ સલાબતપુરા પોલીસ મથકના ૫ ઓરોપી પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે.

સુરતમાં બ્લેકમેલ કરતાં દલાલની હત્યા કરી વેપારી પોલીસ આગળ હાજર થયો



સુરત

કતારગામ વિસ્તારમાં આવેલી ગોતાલાવાડી ખાતે હત્યાનો બનાવ સામે આવ્યો છે. બારડોલીયા કંપાઉન્ડમાં આવેલી હીરાની ઓફિસમાં હત્યા થઈ છે. હીરાના વેપારીની પરસ્ત્રી સાથેની અંગતપળોના વીડિયોને વાઈરલ કરવાની ધમકી આપનાર હીરા દલાલની હત્યા કરવામાં આવી છે. હીરા વેપારીએ હત્યા કર્યા બાદ પોલીસ સ્ટેશનમાં હાજર થયો છે. સમગ્ર હત્યાની પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસના ઉચ્ચ અધિકારીઓએ ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી છે.

કતારગામ વિસ્તારમાં આવેલી ગોતાલાવાડી બારડોલીયા કંપાઉન્ડ ખાતે આવેલી હીરાની ઓફિસમાં હીરા દલાલની ઘાતકી હત્યા કરવામાં આવી છે.હીરા વેપારી સંદીપ પટેલ દ્વારા હત્યા કરવામાં આવી છે. સંદીપના અન્ય સ્ત્રી સાથે અંગત સંબંધ હોય તેના વીડિયો હીરા દલાલ પાસે હતાં. જેથી તે વીડિયો બતાવીને વાઈરલ કરવાની ધમકી આપીને બ્લેકમેલ કરતો હતો. જેનાથી કંટાળી ગતરોજ પોતાના કારખાના બોલાવી હત્યા કરી હતી. હત્યા બાદ આરોપી પોલીસ સ્ટેશનમાં હજાર થયો હતો. સમગ્ર હત્યાના બનાવ અંગે પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી.

કારખાનામાં નીચેના ભાગેથી ત્રીજા માળે ઉપર એકાંતમાં લાવી તેમનું કાયમના માટે કાશળ કાઢી નાખવાના ઈરાદે ગડદા પાટુનો માર મારી ગળુ દબાવી ખૂન કરેલ હતું. લાશના કપડા કાઢી કારખાનામાં પડેલ દોરીથી હાથ પગ બાંધી પ્લાસ્ટીકના મીણીયામાં લાશ વીંટી ધસડીને અંદરના રૂમમાં મુકી દીધેલ હતી. તે પછી મિત્ર આશિષને ફોન કરી કારખાનાના નીચે બોલાવેલ હતો. તેનાથી કાંતીભાઈનું ખૂન થઈ ગયેલાની હકીકત જણાવી કાંતીભાઈના બનાવ સમયે પહેરેલ કપડા પેન્ટ-શર્ટ તથા તેમનું બાઈક તથા મોબાઈલનું સીમકાર્ડ કામરેજ તરફ જઈ સગેવગે કરવા તથા નવો મોબાઈલ ફોન લેવા રૂ .૩૦૦૦ રોકડા આપી કાંતિભાઈના ઘરે તેના સીમ કાર્ડથી ગેરમાર્ગે દોરવા ફોન કરવા જણાવી રવાના કરેલ હતા.

નેશનલ યુથ એવોર્ડ માર્ટે તા. ૧૫મી જૂન સુધી અરજી મોકલી આપવી

૧૫થી ૨૯ વર્ષની વય મર્યાદા ધરાવતી વ્યક્તિ અરજી કરી શકશે

નવસારી

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ ના નેશનલ એવોર્ડ માટે તા.૨૬/૦૬/૨૦૨૦ સુધીમાં વેબસાઈટ ઉપરથી માંગવામાં આવેલ છે. આ એવોર્ડનો ઉદેશ ૧૫ થી ૨૯ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવાઓને તથા સેવાભાવિ સંસ્થાઓને રાષ્ટ્રના વિકાસ તથા સામાજિક સેવાઓમાં સિધ્ધિ મેળવવા માટે પ્રોત્સાહન પુરુ પાડવાનો છે.

વ્યકિતગત રીતે આ એવોર્ડ માટેની લાયકાત ભારત સરકારનો નાગરિક હોવો જાઈએ. ૧ જાન્યુઆરી-૨૦૨૦ ના રોજ ઉંમર ૧૫ થી ૨૯ વર્ષ વચ્ચે હોવી જાઈએ. સામાજીક ક્ષેત્રે અસાધારણ પ્રવૃત્તિ કરવામાં આવેલ હોવી જાઈએ. આ એવોર્ડ એક જ વખત મળવાપાત્ર છે. સેવાભાવી સંસ્થા માટે સરકારી સેવામાં હોય તેવા વ્યકિત/સામાજીક સંસ્થા એકટ-૧૮૬૦ હેઠળ ત્રણ વર્ષથી રજીસ્ટર હોવી જાઈએ. સુવ્યવસ્થિત વહીવટી માળખું ધરાવતી હોવી જાઈએ. કોઈપણ જાતના લાભ વગર ચાલતી હોવી જાઈએ. ઓછામાં ઓછા ત્રણ વર્ષથી યુવાઓને સાથે રાખી અસાધારણ પ્રવૃત્તિ કરાવતી હોવી જાઈએ. આ એવોર્ડ અંગેની અરજી હિંદી અથવા અંગ્રેજીમાં સંપૂર્ણ માહિતી (જરૂરી પ્રમાણપત્ર, ફોટા અને વિડીયો કલીપ) સાથે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સી બ્લોક, બીજામાળે, જિલ્લા સેવા સદન, જુનાથાણા, નવસારી ખાતે તા.૧૫/૦૬/૨૦૨૦ સુધીમાં જમા કરાવવાની રહેશે.

નવસારીમાં કન્ટેનમેન્ટ વિસ્તાર સંદર્ભે પ્રતિબંધક હુકમ જાહેર

તમામ પ્રકારની અવર જવર પર પ્રતિબંધ લાગુ કરાયો

નવસારી

હાલમાં કોરોનો વૈશ્વિક મહામારીના એક પછી એક જિલ્લાઓ ભોગ બની રહયાં છે. તેમાં નવસારી જિલ્લાનો પણ સમાવેશ થઈ ગયો છે. નવસારી નગરપાલિકા વિસ્તારમાં શિવગંગા સોસાયટી, જલાલપોર ખાતે એક કોરોનો પોઝીટીવ કેસ નોદ્વધાયો છે

જે અન્વયે નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ આર્દ્રા અગ્રવાલે મળેલી સત્તાની રૂએ નવસારી નગરપાલિકા વિસ્તાર (જલાલપોર ગામ) ને કોવિડ-૧૯ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. કવોરન્ટાઇન એરિયામાં ઉત્તરે મકાન નં એ/૩૭ અને એ-૭૦ સહિત બંને મકાનો વચ્ચે શરૂ થતાં રસ્તાની હદથી શરૂ, દક્ષિણે મકાન નં એ/૪૯ અને એ-૫૮ સહિત બંને મકાનો વચ્ચે પુરા થતા રસ્તા સુધી, પૂર્વે મકાન નં એ/૪૯ ની પાછળની દિવાલની હદથી શરૂ કરી તથા મકાન નં એ/૩૮ ના પાછળના સળંગ હદ વિસ્તારથી શરૂ, પશ્ચિમે મકાન નં એ/૫૮ ની પાછળની દિવાલની હદથી શરૂ કરી મકાન નં એ/૭૦ ના પાછળના સળંગ હદ વિસ્તાર સુધીનો વિસ્તાર ચારે બાજુથી સીલ કરી તેમાંથી બહાર કે અંદરની અવર-જવર પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. માઈક્રો કન્ટેઈનમેન્ટ એરીયા તરીકે જાહેર કરવામાં આવેલા વિસ્તારમાં તમામ પ્રકારની અવર-જવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ વિસ્તારના રહેવાસીઓને રાશન વિગેરે આવશ્યક ચીજવસ્તુઓ તંત્ર દ્વારા હોમ ડિલીવરીથી તેમના ઘરે પુરી પાડવામાં આવશે. આ જાહેરનામાનો અમલમાં તા./૧૫/૦૬/૨૦૨૦ સુધી રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૫૧ થી ૫૮ ની જાગવાઇ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સોશિયલ ડિસ્ટન્સ નહીં જાળવતા ૩૪૩ પાનના ગલ્લા , ૧૮૦ સલુન બંધ કરાયા

સુરત શહેરમાં ૧૭૨૯ ટીમો દ્વારા ડોર ટુ ડોર સર્વેલન્સ

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈ કાલે તા.૩ જુનના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, દેશભરમાં કોરોના વાઈરસને કાબુ કરવામાં સુરત શહેરનો રીકવરી રેટ જે ૬૬.૧ ટકા થયો છે. આજે ૪૮ વધુ દર્દીઓ સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૧૧૬૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે.

મ્યુ. કમિશનરશ્રીએ વધુમાં જણાવ્યું કે, જે દુકાનો નિયમોનું પાલન ન કરતા ન હોય તેવા ૩૪૩ પાનના ગલ્લા અને ૧૮૦ સલુન આજ સુધી બંધ કરાવવામાં આવ્યા હતા. નિયમ પાલન ન કરતી ચાની દુકાનોમાં પણ હવેથી કડક કાર્યવાહી કરવામાં આવશે. કોવિડ હોસ્પિટલમાં સારવાર કરી રહેલા કોરોના વોરિયર્સ ખુબ જ જટિલ પરિસ્થિતિમાં કામ કરે છે, તેથી આપણે પણ તમામ તકેદારી રાખીએ અને કોરોના વોરિયર બનીએ.

આજની સ્થિતિએ ૬૫૦૮ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૫૧૯ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૧૨૩ લોકો છે. ૧૭૨૯ જેટલી ટીમો ડોર ટુ ડોર સર્વેલન્સ માટે કાર્યરત છે. સ્લમ વિસ્તારોમાં કુલ ૫૪ ફિવર ક્લિનીક ચાલુ કરવામાં આવ્યા છે. મોબાઈલ ફિવર ક્લિનીકમાં સૌથી વધુ લોકો નિદાન તપાસ કરવાં જતાં હોય છે, તેથી તેની સંખ્યા વધારવામાં આવી છે. ૬૦ જેટલી રિક્ષા દ્વારા કોવિડ અંગે જાગૃત્તિ લાવવામાં આવી રહી છે. જ્યારે પણ લોકોને કોવિડના લક્ષણો દેખાય તો તે પોતાના ફેમિલી ડોક્ટર પાસે પોતાના ઘરે પ્રાથમિક સારવાર લઈ શકે છે અને મોટા ભાગના કિસ્સાઓમાં તેઓ સાજા થઈ જાય છે.

નોંધનીય છે કે,સુરત શહેરના ૧૭૬૭ અને જિલ્લાના ૧૩૬ કેસો મળી કુલ ૧૯૦૩ કેસો નોંધાયા છે

રાષ્ટ્રીય નિબંધ સ્પર્ધામાં પ્રતિભા ચૌધરી ગુજરાત પ્રાંતમાં બીજા ક્રમે

અંકલેશ્વર

અંકલેશ્વરના પ્રતિભા જીતેન્દ્રભાઈ ચૌધરીએ કોવિડ -૧૯ આધારિત લોકડાઉન દરમિયાન નેશનલ મેડિકોઝ ઓર્ગેનાઈઝેશન આયોજિત અખિલ ભારતીય નિબંધ પ્રતિયોગિતામાં ભાગ લીધો હતો. ×લોકડાઉન : વરદાન કે શ્રાપ? × વિષયક નિબંધમાં ગુજરાતી ભાષા પ્રભુત્વ, સુંદર અભિવ્યક્તિ, સુયોગ્ય ચર્ચા-વિચારણા, વિષયને પૂરતો ન્યાય, સરળ અને સહજ આલેખનને પરિણામે ગુજરાત પ્રાંતમાં તેમણે દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો છે. તેઓ × ગુજરાત અદાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ, ભુજ ×ના એમ.બી.બી.એસ.ના ત્રીજા વર્ષના વિદ્યાર્થિની તથા કોલેજના સ્ટુડન્ટ કાઉન્સિલના જોઇન્ટ સેક્રેટરી છે. પ્રતિભા જીતેન્દ્રભાઈ ચૌધરીએ ગુજરાત પ્રાંતમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી કોલેજનું તથા અંકલેશ્વર ભરૂચ જિલ્લા પંથકનું ગૌરવ વધાર્યું છે. કોલેજના ડીન શ્રી ગુરૂદાસ ખિલ્નાની અને એડમીનીસ્ટ્રેશન વિભાગના ડાયરેક્ટર શ્રી વસંત ગઢવીએ તેમની સાથે ટેલિફોનિક વાતચીત કરીને સરાહના કરી હતી અને અભિનંદન પાઠવ્યા હતા . રાજય કક્ષાના (સહકાર , રમતગમત , યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ) મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે પ્રતિભાને મળેલી સફળતા માટે ટેલિફોનિક અભિનંદન આપ્યા હતા.

સુરત લોકડાઉનમાં થયા ૨૦૦ લગ્ન હવે મંજૂરી વિના ૫૦ લોકોની હાજરીમાં લગ્ન કરાશે

સુરત

કોરોનાની મહામારી વચ્ચે લગ્નીન સિઝન પણ પૂર્ણ થવાને આરે છે. ત્યારે અનલોક-૧માં છૂટછાટો આપવામાં આવી છે. છૂટછાટને લઈને હવે કોઈ પણ મંજૂરી લીધા વિના કોરોનાની ગાઈડ લાઈનનું પાલન કરીને ૫૦ વ્યક્તિની મર્યાદામાં લગ્નનું આયોજન કરી શકાશે. અત્રે ઉલ્લેખનિય છે કે, કોરોના મહામારી વચ્ચે લોકડાઉનના ચાર ફેઝમાં સુરતમાં ૨૦૦થી વધુ લગ્ન કલેક્ટરની મંજૂરી સાથે થયા છે. કોરોના મહામારી વચ્ચે લગ્નની સીઝન પણ ચાલી રહી હોવાથી લગ્નોની તારીખો પણ લેવાઈ ગઈ હતી. મંડપ, જમણવાર, વરઘોડો, બેન્ડ, કંકોત્રી સહિતની તમામ તૈયારીઓ થઈ હોવા છતા લગ્નને કોરોનાનું ગ્રહણ નડ્યું હતું.

જેને લઈને સરકારે છૂટછાટો આપતા વરરાજા-વધૂથઈને ફક્ત ૨૦ લોકોની હાજરીમાં ઈન હાઉસ લગ્ન કરવાની મંજૂરી આપી હતી. લગ્ન સિવાય કોઈ વસ્તુની મંજૂરી અપાઈ ન હતી. લોકડાઉન બાદ અનલોક-૧ જાહેર થતા સુરત જિલ્લા કલેક્ટરે જાહેરનામુ બહાર પાડીને કોઈ પણ મંજૂરી લીધા વિના ફક્ત ૫૦ લોકોની હાજરીમાં કોરોના ગાઈડ લાઈનનું પાલન કરી લગ્ન કરવાની છૂટ આપી છે.



લોકડાઉનના એકથી ચાર તબક્કામાં સુરત શહેરમાં જિલ્લા કલેક્ટરની મંજૂરીથી ૨૦૦થી વધુ ઈન હાઉસ લગ્ન થઈ ચૂક્યા છે. કોરોનાના કારણે જ્યારે સંપૂર્ણ લોકડાઉન ચાલતું હતું ત્યારે લગ્નસરાની ખરી સિઝન ચાલી રહી હતી. વરરાજા-વધૂ મળીને કૂલ ૨૦ લોકોની હાજરીમાં જમણવાર વિના લગ્ન કરવા મંજૂરી અપાઈ હતી.

લગ્નપ્રસંગમાં આ શરતોનું પાલન કરવાનું રહેશે

પ્રસંગમાં વાહનનો ઉપયોગ થાય તો કારમાં એક ડ્રાઈવર ઉપરાંત ૩ વ્યક્તિ અને બાઈકમાં માત્ર બે જ વ્યક્તિઓ પરિવહન કરી શકશે

કોઈ મુક્તિ પાસ આપવાનો રહેશે નહીં અને અલગથી લગ્નની પરમિશન લેવાની રહેશે નહીં. આ હુકમથી મળતી પરવાનગી ફક્ત લગ્ન જેવા પ્રસંગોનું કરવા પુરતી છે

લગ્ન પ્રસંગ દરમિયાન સોશિયલ ડિસ્ટન્સ જાળવવાનું રહેશે

પ્રસંગમાં હાજર તમામ લોકોએ માસ્ક પહેરવાનું રહેશે

જાહેરનામાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે

લગ્ન દરમિયાન વરઘોડો, ફુલેકું કઢાશે નહીં. માઈક સ્પીકર વગેરેનો ઉપયોગ કરવાનો રહેશે નહીં. દાંડિયા રાસ, સંગીત સંધ્યા જેના કાર્યક્રમો થશે નહીં.

ધામરોડ ચેકપોસ્ટ પાસે ફરજ બજાવતા પોલીસ અને આરોગ્ય કર્મચારીઓને માસ્ક અને સેનેટાઈઝરનું વિતરણ



સુરત

સુરત જિલ્લા હોમગાર્ડઝ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ચોર્યાસી બ્રાન્ચ, રોટરી કલ્બ સુરત ઈસ્ટ તથા રોટરી કલ્બ ઓફ કોસંબાના સંયુક્ત ઉપક્રમે સુરત જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ ડૉ.પ્રફુલ્લભાઈ શિરોયા દ્વારા સાયણ યુનિટના ઓફિસર કમાન્ડિંગ નારણ ભાઈ ગોહીલ,રોટરી કલ્બ ઓફ કરચ- કોસંબાના ડો.અનવર મોટાલા,અજય સિંહ અડમાર,ચિરાગ પંચાલ, શૈલેન્દ્ર બક્ષી,દિનેશભાઈ પટેલ ઉપસ્થિતમાં ધામરોડ ચેકપોસ્ટ પાસે ફરજ બજાવતા પોલીસ અને આરોગ્ય કર્મચારીઓને માસ્ક અને સેનેટાઈઝરનું વિતરણ કરાયું હતું.

આ કાર્યક્રમની સાથે સાથે સોસિયલ ડિસ્ટન્સિગની સંપૂર્ણ કાળજી સાથે સુરત જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ સાથે રેડક્રોસ બ્રાંચના પ્રમુખ ડો. પ્રફુલભાઈ શિરોયાએ WHOની થીમ "ક્લપીગ ફોર વોલીટિયર× સાર્થક કરવા દરેક હોમગાર્ડઝોને તાળીઓ પાડીને મોટીવેટ કર્યા હતા.તેમજ તેઓની આરોગ્યની કાળજી લેવાની પણ સલાહ આપવામાં આવી હતી

સાયણ યુનિટના આધિકારીને અને હોમગાર્ડઝને કોરોના મહામારી થી બચવા દરેકે એકબીજાથી સોશિયલ ડિસ્ટન્સ રાખવું,હાથને વારંવાર ધોઈને સેનેટાઈજ કરવા અને માસ્ક ફરજિયાત પહેરવાનું કહયું હતું.તેમજ જે તે હોમગાર્ડઝ તેમની સોસાયટી ઓમાં કે શેરી મહોલ્લામાં રહેતા હોય ત્યાં જઈ ને પણ તેઓએ કોરોનાથી બચવા માટેની કમાન્ડન્ટ દ્વારા આપવા માં આવેલી તે માહિતી પરિવારો સુધી પહોચાડી હતી.

સુરત શહેરમાં રાતના સમયમાં ૯૦ લોકોના વાહનો જપ્ત કરાયા

બિન જરૂરી બહાર નિકળેલા લોકોએ જુદા જુદા બહાના બતાવ્યાં

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૦૬ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૯૦ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૫,૩૬૮ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૩૭,૬૭૯ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં અનલોક-૧ના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી કોરોના ની પ્રવર્તમાન સ્થિતિ અનુસાર શહેરીજનોએ માસ્ક પહેરવા, સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનના નિયમોનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

ડભારી ગામે મંદિરમાં મહાકાય મધપૂડો, વર્ષોથી આવતા ભાવિકોને હજુ સુધી ડંખ નથી માર્યો



સુરત

ઓલપાડ તાલુકાના ડભારી ગામે અરબી સમુદ્રના કાંઠે ખોડિયાર માતાજી મંદિર આવેલું છે. આ ધાર્મિક સ્થાનને અહિં લોકો ભાગી વાડી તરીકે પણ ઓળખે છે. દરિયા કિનારાના ખોડિયાર માતાના મંદિર પર ભક્તોને અતૂટ શ્રધ્ધા અને આસ્થા છે. જેનો પુરાવો મંદિરના ગર્ભ ગૃહમાં જતા મુખ્ય દ્વારા પર થયેલો મધપૂડો છે. અહિં આવતા ભાવિકોના કહેવા મુજબ અહિં છેલ્લા ઘણાં વર્ષોથી માતાજીના ગર્ભ ગૃહના મુખ્ય દ્વાર પર કે જ્યાંથી લોકો ઉભા રહી અને પ્રવેશી માતાજીના મંદિરમાં દર્શન કરે છે. ત્યાં મધમાખી મધપૂડો બનાવે છે.દર્શન અર્થે આવતા ભક્તોને આજ સુધી મધ માખી એ ડંખ નથી માર્યો.

અહિં આવતા ભાવિકોને મધમાખી કોઈ જ પ્રકારનું નુકસાન નથી પહોંચાડતી. આટલું જ નહીં પણ મધમાખી મંદિરની રખેવાળી પણ કરે છે. રવિવારના રોજ અહિં મોટી સંખ્યામાં માતાજીના ભાવિકો દર્શને આવતાં હોય છે. એમ કહેવાય છે કે મધમાખી જેના પર આવીને બેસે તેને માતાજીના આશિર્વાદ મળ્યા હોવાનું માનવામાં આવે છે.

કાળ બની ગયેલો કોરોના એક ફરિશ્તાને ધરતી પરથી છીનવી ગયો

ડો.ઈસ્માઈલ હુસેન એમનું નામ. ફિઝિશયન તરીકે પિસ્તાલીસ વરસથી આંધ્રપ્રદેશના કુરનુલ શહેરમાં સેવા આપે. પ્રેક્ટિસ નહિ, સાચેસાચની સેવા જ. '2 rupee doctro' (બે રૂપિયાવાળા ડોકટર) તરીકે એ એટલા પ્રખ્યાત થયા કે રાજકારણ પ્રવેશ માટે પણ વારંવાર આગ્રહો થયા કરતા.

પચીસ વરસ પહેલાં મેડિકલ કોલેજના સુપરિટેન્ડન્ટના પદ પરથી રીટાયર થઈને એમણે પ્રાઇવેટ પ્રેક્ટિસ શરૂ કરી, પણ પોતાના નામમાંથી દામ ઉભો કરવાની બિઝનેસ પોલિસી આ ડોક્ટરે પોતાના દિલથી દૂર જ રાખી. પ્રાઇવેટ ક્લિનિકમાં એમણે આવક માટે ફક્ત એક બોક્સ રાખેલું. દર્દીઓએ રાજીખુશીથી જે મૂકવી હોય એટલી રકમ બોક્સમાં મૂકી શકે. મોટાભાગના ગરીબ દર્દીઓએ આ ફરિશ્તાઈ ડોક્ટરની ફી બે રૂપિયા બાંધી જ દીધેલી. એમના દર્દીઓ કુરનુલ શહેર સિવાય આસપાસના શહેરો અને તેલંગાણા-કર્ણાટક જેવા બીજા રાજ્યોમાંથી પણ આવીને લાઈન લગાવતા હતા. સાંજે પાંચ-છ વાગ્યે શરૂ થયેલી ઓપીડી ક્યારેક રાત્રે બાર-એક વાગ્યે પુરી થતી. અને એ પછી પણ ઈમરજન્સી કેસમાં ઘરે આવવાનો તો દર્દીઓને પૂરેપૂરો અધિકાર.

દર્દી ગમે એ હોય, બીમારી ગમે એ હોય કે સમય પણ ગમે એ હોય, છતાંય ડો.ઈસ્માઈલની ફી દર્દીએ પોતે જ નક્કી કરીને ડ્રોપબોક્સમાં મૂકી દેવાની. પાછલા વર્ષોમાં અમુક દર્દીઓએ દસ-વીસ રૂપિયા બોક્સમાં મુકવાનું શરૂ કરેલું. વળી, અમુક કાયમી દર્દીઓ તો પચાસ-સોની નોટ મૂકીને બીજા પૈસા બોક્સમાંથી પાછા પણ લઈ લેતા. ઉપરાંત, દર્દીનું નામ, જ્ઞાતિ કે સરનામું ક્યારેય નહીં પૂછવાનું. કદાચ એટલે જ રાજકારણ પ્રવેશ માટે એમને સતત આગ્રહ થયા કરતો હશે.

કોરોનાએ દક્ષિણમાં પ્રવેશ કર્યા પછી નિયમાનુસાર આ મહામાનવે ક્લિનિક બંધ રાખ્યું, પણ માનવતા શરૂ જ રાખી. પોતાની અને પરિવારની જિંદગીના જોખમે પણ દર્દીઓને ગમે એ સમયે ઘરે કે ક્લિનિકમાં આવવાની પુરી છૂટ. ત્યારે પણ કોઈ વધારાનો ચાર્જ નહિ. તબલિગી જમાતના દિલ્હીથી પરત ફરેલા લોકોને ટ્રેસ કરવામાં તંત્ર જ્યારે અટવાયું હતું, ત્યારે આ ડોક્ટરે પોતાના અડધી સદીના લોકલ નાગરિકો સાથેના સંબંધોનો સદઉપયોગ કરીને ઘરે ઘરે લોકોને તંત્રને સહકાર આપવા કાઉન્સેલિંગ શરૂ કર્યું. બીજેપીનાં લોકપ્રિય લીડર અને રાજ્યસભાનાં સભ્ય એવા ટીજી વેંકટેશ, જે ડૉ. ઈસ્માઈલના અંગત મિત્ર છે, એમના કહેવા પ્રમાણે દસેક દિવસ સુધી ડોક્ટરે ચાલતા ચાલતા પોતાના અન્ય મિત્રો સાથે તબલિગીઓની સમજાવટ માટે મહેનત કરી.

૧૪ એપ્રિલ, ૨૦૨૦ના રોજ આ દેવતાઈ અવતારને શ્વાસમાં તકલીફ ઉભી થતા ૭૬ વરસની ઉંમરે મરણ પામ્યા. મૃત્યુના અમુક કલાકો પછી એમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો. જે માણસની દફનવિધિમાં લાખો લોકો ઉમટી પડવાના નક્કી હતા, એ પોતાના પરિવારજનોની હાજરીમાં જ દફન થયા.

કોરોનાની તોફાની ખબરોમાં આવા ન્યુઝ આંધ્રપ્રદેશમાં પણ અમુક દિવસો સુધી દબાય રહ્યા, પણ જેને જેને જાણ થઈ એવા ડોક્ટરને ઓળખનારા લોકો તેમજ દર્દીઓ તો આ 'બે રૂપિયાવાળા ડોકટર'ને યાદ કરીને આંખો ભીની કરી જ લે છે.

ગુજરાત અનલોક-૧માં ધંધા-રોજગાર શરૂ થતાં સૌરાષ્ટ્રથી લોકો સુરત તરફ રવાના



સુરત

લોકડાઉનના ચોથા તબક્કાના અંત સાથે છૂટછાટો મળી હોવાને કારણે ધીરે ધીરે સૌરાષ્ટ્રથી પરત થવાનું શરૂ થઈ ગયું છે. છૂટછાટને કારણે ધંધા રોજગાર પુનઃ શરુ થયા હોવાથી, અમુક લોકો પરત થઈ રહ્યાં છે. જોકે, સુરતથી સૌરાષ્ટ્રના જનારાઓની સંખ્યા હજુ પણ જળવાઈ રહી છે. ૨૧ મે સુધી સુરતથી વતન તરફ ધસારો ચાલુ રહ્યો હતો. જોકે, દસ-બાર દિવસમાં જ પરિસ્થિતિ એકાએક જ બદલાઇ છે. જેવો અગાઉ ૨૦-૨૨ દિવસ પહેલાં વતન પહોંચ્યાં હતાં. તે હવે ગઈકાલથી સુરત પરત થવા માંડ્યા છે. બે દિવસ પહેલા જોકે, સૌરાષ્ટ્ર તરફથી આવતી એસ.ટી બસો ખાલી આવતી હતી પણ ગઈકાલથી સંખ્યા જોવા મળી રહી છે, એમ એસટી વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. સૌરાષ્ટ્રથી સુરત તરફ પરત ફરવાનું એક કારણ એ છે કે લોકડાઉનની સમાપ્તિ પછી છૂટછાટ મળી હોવાથી, કેટલાંક પાછાં આવી રહ્યાં છે. લોકડાઉનનો અમલ હતો ત્યારે, સુરતમાં કેદની અવસ્થા હતી. છૂટને લીધે પરત થવા લલચાઈ રહ્યા છે અને ધંધા પણ શરૂ થઈ ગયા છે. આ સાથે બીજી તરફ સુરતથી હજુ પણ સૌરાષ્ટ્ર માટે એસટી બસો ઉપડી રહી છે. એસટી વિભાગે, રાજ્યના જુદા જુદા ડેસ્ટિનેશન માટે રાત્રીની એસી વોલ્વો અને સ્લીપર સિવાયની બસ સેવા શરૂ કરી દીધી છે સુરતથી અત્યારે સૌરાષ્ટ્ર માટે જેવું જઈ રહ્યા છે, તેઓ સામાજીક પ્રસંગો કે પછી ખેતી વાવણીના કામના પ્રવાસીઓ છે.

સુરત વરાછામાં વ્યાજખોરોએ યુવકને પરિવાર સાથે જાહેરમાં માર્યા વિડીયો CCTVમાં કેદ



સુરત

વરાછા વિસ્તારમાં વ્યાજખોરોનો આતંક સામે આવ્યો છે. હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા યુવાને વ્યાજે રૂપિયા લીધેલા. જો કે લોકડાઉનમાં વ્યાજ ચુકવાયું નહોતું. ૧૦ ટકાના દરે ૩૦ હજાર રૂપિયાનું વ્યાજ ન મળતા વ્યાજખોરોએ હુમલો કર્યો. જેમાં યુવક અને તેના પરિવારને બેરહેમીપૂર્વક જાહેરમાં માર મારવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટના ઝઝફમાં કેદ થઈ ગઈ છે. જેના આધારે વરાછા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વરાછા વિસ્તારમાં આવેલા રીવ્યુ એપાર્ટમેન્ટમાં રહેતા યુવરાજસિંહ રામભાઈ પરમાર ડાયમંડના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓએ ૩૦ હજાર રૂપિયા ૧૦ ટકાના વ્યાજે લીધા હતા. જો કે લોક ડાઉન દરમ્યાન વ્યાજ ન મળતા વ્યાજખોરોએ તેઓને માર માર્યો હતો. આ સમગ્ર ઘટના ત્યાં લાગેલા ઝઝફ કેમેરામાં કેદ થઈ જવા પામી હતી. આ ઘટના બાદ તેઓએ નિકુંજ દેસાઈ , તેઓનો ભાઈ, અપ્પુ, જલો આહીર અને નિકુંજનો મિત્ર સામે ફરિયાદ નોંધાવી છે. વરાછા પોલીસે આ સમગ્ર મામલે ફરિયાદ નોંધી તપાસ શરુ કરી છે.

ઝઘડિયા તાલુકાના રાણીપુરા ગામે ૩૩ વર્ષીય પુરુષ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો

ગોવાલી પીએસસી દ્વારા હરેશ વસાવાને માર્ચ મહિનાથી ઓબ્ઝર્વેશ ન હેઠળ રાખવામાં આવ્યો હતો જેમાં એપ્રિલ માસમાં તેને ટીબી હોવાનું બહાર આવ્યું હતું. ગત રોજ તબીબો દ્વારા તેનો કોરોના ટેસ્ટ કરાવતા કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો

ઝઘડીયા

ઝઘડિયા તાલુકાના રાણીપુરા ગામે આજરોજ તાલુકાનો બીજો કોરોના પોઝીટીવ દર્દી સામે આવ્યો છે. તાલુકાના રાણીપુરા ગામે રહેતા હરેશભાઈ કાલીદાસભાઈ વસાવાને ગોવાલી પીએચસી દ્વારા માર્ચ મહિનાથી ઓબ્ઝર્વેશન હેઠળ રાખવામાં આવ્યો હતો. સમયાંતરે તેની સારવાર ચાલુ હતી તે દરમિયાન તેને ટીબી હોવાના ચિન્હો જણાયા હતા. જેથી એપ્રિલ માસમાં તેને ટીબી હોવાનુ તબીબો દ્વારા જણાવાયું હતું. ગતરોજ તબીબો દ્વારા તેની કોરોના ટેસ્ટિંગ કરવામાં આવતા તેનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો હતો. તાલુકામાં બીજો કોરોના પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગ પણ દોડતું થયું હતું અને કોરોના પોઝિટિવ દર્દીના પરિવારજનોની બધી માહિતી મેળવી તમામ ૧૪ સભ્યોને અવિધા ખાતે ઉભી કરાયેલ ફેસીલીટી કવોરેંટાઇન વોર્ડ ખાતે ખસેડવામાં આવ્યા હતા. રાણીપુરા ગામ ખાતે પ્રથમ કોરોના પોઝિટિવ કેસ બહાર આવતા કોરોના દર્દીના રહેઠાણ થી આશરે ૩૦૦ મીટર જેટલા વિસ્તારને કવોરેંટાઇન કરવામાં આવ્યો છે. ૧૮ જેટલા તમામ પરિવારોને ઘરની બહાર નહી નીકળવાની કડક સૂચનાઓ આપવામાં આવી છે. હરેશ વસાવાનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતા તેને સિવિલ હોસ્પિટલ થી જયાબેન મોદી હોસ્પિટલ અંકલેશ્વર ખાતે ટ્રાન્સફર કરવામાં આવ્યો છે.

કોરોના પોઝિટિવ દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી એમ હતી કે જેમાં હરેશ વસાવા સેલવાસ દમણ અને વાપી ટ્રાવેલ કરીને આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. આરોગ્ય વિભાગ દ્વારા રાણીપુરા ગામ નો સર્વે કરવામાં આવનાર છે. આજરોજ રાણીપુરા ગામના ૩૩ વર્ષીય યુવાનને કોરોના પોઝેટીવ આવતા વહીવટીતંત્ર પણ ચોંકી ઉઠ્યું હતું. છેલ્લા ત્રણ મહિનાથી વધુ સમયથી ગોવાલી પીએસસી દ્વારા હરેશ વસાવાને ઓબ્ઝર્વેશન હેઠળ રખાયેલ. ટીબી ના દર્દી હરેશ વસાવાને કોરોના પોઝિટિવ આવતા તંત્ર હરકતમાં આવ્યું હતું. આરોગ્ય વિભાગ દ્વારા આજ રોજથી રાણીપુરા ગામની તમામ વસ્તીનો આરોગ્ય સર્વે કરવામાં આવશે તેમ ગોવાલી પીએચસી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

દાદરા નગર હવેલીમાં કોરોનાના નવા ૭ પોઝિટિવ કેસ નોંધાતા કુલ આંક ૧૨ થયો



સેલવાસ

સંઘપ્રદેશ દાદરા નગર હવેલીના દાદરા વિસ્તારની એક ચાલીમાં ૧૪ વર્ષની બાળકીને કોરોના પોઝિટિવ આવ્યા બાદ આરોગ્ય વિભાગની ટીમ દોડતી થઈ હતી. બાળકીના સીધા સંપર્કમાં આવેલા ૫૨ લોકોને ક્વોરેન્ટાઈન કરીને સેમ્પલ લેવાયા હતા, જે પૈકી બુધવારે એક જ વિસ્તારમાંથી સ્થાનિક સંક્રમણને કારણે ૭ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

સેલવાસની કોવિડ-૧૯ લેબમાં કુલ ૩૭૧ સેમ્પલની ચકાસણી કરવામાં આવી હતી. જે પૈકી ૭ કેસ પોઝિટિવ નીકળ્યા હતાં. સંઘપ્રદેશ દાદરા નગર હવેલીમાં ૭ પોઝિટિવ રિપોર્ટ સાથે કોરોના પોઝિટિવની સંખ્યા ૧૨ થઈ છે. દાદરામાં કોઈપણ જાતની ટ્રાવેલ હિસ્ટ્રી નહીં હોવા છતાં કોરોનાના કેસ વધી રહ્યાં છે.

હાલમાં પ્રદેશમાં કુલ ૧૨ કોરોના દર્દીઓમાંથી ૧ દર્દી રિકવર થતાં રજા આપવામાં આવી છે. દાદરાના દેમણી રોડ સ્થિત ભંડારીની ચાલીમાંથી ૮ પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે અન્ય ત્રણ પોઝિટિવ કેસની ટ્રાવેલ હિસ્ટ્રી મુંબઈની રહી છે. આરોગ્ય વિભાગે કોરોના સંક્રમણને અટકાવવા માટે દર્દીના સંપર્કમાં આવેલા તમામને ક્વોરેન્ટાઈન કર્યા છે.

અનલોક ફેઝ વનમાં સુરતમાં તબક્કાવાર બસ સેવા શરૂ

સુરત

સુરત મહાનગરપાલિકા સંચાલિત સુરત સીટીલિંક લિ. હેઠળ શહેરીજનોને પૂરી પાડવામાં આવતી જાહેર પરિવહનની સેવા COVID-૧૯ - કોરોના વાઈરસની મહામારીને કારણે સંપૂર્ણ રીતે બંધ રાખવામાં આવેલ હતી. હાલમાં કેન્દ્ર સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રી દ્વારા તા. ૦૧/૦૬/૨૦૨૦ થી આપવામાં આવેલ છૂટછાટ ધ્યાને લઈ તા.૦૧/૦૬/૨૦૨૦ નાં રોજ ઉધના દરવાજા થી સચિન જી.આઈ.ડી.સી., તા.૦૨/૦૬/૨૦૨૦ નાં રોજ સરથાણા થી ઓ.એન.જી.સી. અને જહાંગીરપુરા કોમ્યુનીટી હોલ BRTS તેમજ તા.૦૩/૦૬/૨૦૨૦ નાં રોજ કામરેજ ટર્મિનલ થી સચિન GIDC જંકશન BRTS અને સોમેશ્વર જંકશન થી પાંડેસરા GIDC BRTS રૂટ ૫૦% સીટ ઉપર જ મુસાફરોને બેસાડવાના, મુસાફરો દ્વારા સોશ્યલ ડીસ્ટન્સીંગનું પાલન તથા મુસાફરો દ્વારા ફરજીયાત પણે માસ્ક પહેરવાની સૂચના સાથે શરૂ કરવામાં આવેલ છે. BRTS બસ સેવા તબક્કાવાર રીતે સાવચેતી પૂર્વક શરૂ કરવાના ધ્યેયથી તા. ૦૪/૦૬/૨૦૨૦ નાં રોજથી મુજબના વધુ બે રૂટ શરૂ કરવામાં આવ્યાં છે.

કેવડિયા છ ગામ અસરગ્રસ્તો બાબતે તમે ચૂપ કેમ છો કહી ભરૂચ સાંસદને ધમકી આપનાર બે વિરુદ્ધ ફરીયાદ



મનસુખભાઈ વસાવા અને ગણપત રબારી ને તીરથી વીંધી નાંખીશુ અને પાળીયાથી ટુકડા ટુકડા કરી દઈશુ ની ફોન પર ધમકી બાબતે ભાગ્યેશ વસાવા તેમજ અન્ય એક સામે ફરિયાદ

રાજપીપળા

હાલ ઘણા દિવસ થી ચાલી રહેલા કેવડિયા છ ગામના અસરગ્રસ્તો ના ઘર્ષણ નો મામલો દિવસે દિવસે ઉગ્ર બનતો જઈ રહ્યો છે જેમાં પોલીસ અને ગામના લોકો વચ્ચે વારંવાર ઘર્ષણ ઉભું થાય છે. આ મામલે પી.એમ. મોદી સુધી પણ ફરિયાદ કકાઈ છે પરંતુ સ્થાનિક રાજકીય આગેવાનો માં ભરૂચ સાંસદ મનસુખભાઈ વસાવા આ મામલે કેમ ચૂપ છે તેમ કહી ગત તારીખ ૨ જૂન ની સાંજે મનસુખભાઈ પર મો.નં ૬૩૦૩૯૪૯૯૧૭ ઉપરથી વાત કરનાર ભાગ્યેશ વસાવા તથા અન્ય એક વ્યક્તિ એ જણાવ્યું કે કેવડીયા આદિવાસી ઓ ઉપર તમારી સરકાર જુલ્મ ગુજારે છે તમે ચુપ કેમ છો ? તમને અને ગણપત રબારી ને તીરથી વીંધી નાંખીશુ અને પાળીયાથી ટુકડા ટુકડા કરી દઈશુ તેમ કહી ગમેતેમ ગાળો બોલી ધમકી આપી ગભરાટ ફેલાવતા મનસુખભાઈ વસાવા એ ધમકી બાદ ગતરોજ રાજપીપળા પો.સ્ટે.માં ભાગ્યેશ વસાવા અને અન્ય એક વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધવતા પોલીસે આ બંને વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. તપાસ ટાઉન પી.આઈ. આર.એન.રાઠવા કરી રહ્યા છે.

ફરિયાદ માં જણાવ્યા મુજબ ગત તારીખ ૨ જૂન ની સાંજે મનસુખભાઈ પર મો.નં ૬૩૦૩૯૪૯૯૧૭ ઉપરથી વાત કરનાર ભાગ્યેશ વસાવા તથા અન્ય એક વ્યક્તિ એ જણાવ્યું કે કેવડીયા આદિવાસી ઓ ઉપર તમારી સરકાર જુલ્મ ગુજારે છે તમે ચુપ કેમ છો ? તમને અને ગણપત રબારી ને તીરથી વીંધી નાંખીશુ અને પાળીયાથી ટુકડા ટુકડા કરી દઈશુ તેમ કહી ગમેતેમ ગાળો બોલી ધમકી આપી ગભરાટ ફેલાવતા મનસુખભાઈ વસાવા એ ધમકી બાદ ગતરોજ રાજપીપળા પો.સ્ટે.માં ભાગ્યેશ વસાવા અને અન્ય એક વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધવતા પોલીસે આ બંને વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. તપાસ ટાઉન પી.આઈ. આર.એન.રાઠવા કરી રહ્યા છે.

મધર્સ ડેની ઉજવણી માત્ર દેખાડો : રાજપીપળા પાસેના ગામમાંથી ઘરમાંથી તરછોડાયેલી વૃદ્ધ માતાની મદદે કોણ આવ્યું...??



બે પરણિત પુત્રોની ૭૬ વર્ષ ના વિધવા માતા ને બંને દીકરા વારાફરતી રાખતા પરંતુ યોગ્ય કાળજી ન લેતા વૃદ્ધા ૧૬ કિલોમીટર ચાલી આમતેમ અટવાતી જોવા મળી

રાજપીપળા

રાજપીપળા પાસેના એક ગામની મહિલા નજીકના એક ગામ ના બસ સ્ટેન્ડ માં આવી ભૂખી તરસી બેઠેલી જોવા મળતા આ ગામ ના એક જાગૃત વ્યક્તિ ની નજર પડતા અભયમ ૧૮૧મહિલા હેલ્પલાઈન મા જાણ કરતા મહિલા પોલીસ સ્ટેશન સ્થિત અભયમ રેસ્કયુ વાન તાત્કાલિક સ્થળ પર પહોચી હકીકત જાણતા ૭૬ વર્ષ ના આ વિધવા માતા ને સંતાન મા બે પરણિત પુત્ર છે પુત્રી સાસરી મા છે તેમના બંને દીકરા વૃદ્ધ ને વારાફરતી સાથે રાખે છે પરંતુ પૂરતી કાળજી રાખતા નથી સમયસર પૂરતું ભોજન આપતાં નથી જેથી માટે કોઈવાર પડોશી પણ ચા પાણી કરાવે છે છેલ્લા ૫ દિવસ થી તે ઘરે થી નીકળી ૧૬ કિલોમીટર ચાલી ને નજીકના એક ગામના બસ સ્ટેશન મા નિરાધાર સ્થિતિ માં ભૂખ્યા તરસ્યા બેસી રહયા છે.તેથી અભયમ ટીમે આ વૃદ્ધા ને તેમના દીકરાઓ પાસે મુકવા જણાવતા તેમણે ત્યાં જવાની સ્પષ્ટ ના પાડી જણાવ્યું કે મારે તેમની સાથે રહેવું નથી દીકરા ની વહુઓ જમવાનું આપતાં નથી અને મારઝૂડ કરે છે જેથી બાકી ની જિંદગી હું આમ બહાર જ રહીશ.

ત્યારબાદ અભયમ ટીમે તેમના ગામ અને દીકરાનું નામ જાણી ગામ સરપંચ સાથે વાત કરી તેમના દીકરા નો મોબાઈલ નંબર મેળવી તેમની સાથે વાત કરતા દીકરા એ પણ એમ જણાવેલ કે તેઓ બા ને સાથે રાખવા માંગતા નથી એમ કહી ફોન કટ કરી દેતા અભયમ ટીમ બા ને લઈ તેમના ગામ પહોંચી ત્યારબાદ તેમના દીકરા ને સમજાવ્યો કે માતા ની કાળજી લેવાની તમારી સામાજિક, કાયદાકીય ફરજ છે આ ઉપરાંત તેમની જમીન, ઘર વગેરે માંથી તમે આવક મેળવો છો તો પોતાની માતા ને રાખવામાં શું વાંધો છે..? આમ જણાવતા દીકરો અને વહુ એ પોતાની ભૂલ કબૂલી હતી અને હવે પછી માતા ને સાથે રાખવા સંમત થતા આખરે સુખદ સમાધાન આવ્યું હતું.

રાજપીપળા નગરપાલિકા દ્વારા લારી, પથારાવાળાના ભાડામા વધારો કરાતા વિરોધ કરવા ટોળું પાલીકા પર પહોંચ્યું



રાજપીપળા

હાલ રાજપીપલા નગર પાલિકા વેરા વધારવા બાબતે વારંવાર ચર્ચા માં રહી છે રાજપીપળા નગર પાલિકા પાસે સ્વભંડોળ ના નાણાં નથી તેમજ પગાર કરવા માટે પણ રૂપિયા નથી એ બાબત સાચી પણ છે પરંતુ એ માટે જવાબદાર કોણ..? જેવા અનેક સવાલો ઘણા સમય થી ચર્ચા માં રહ્યા છે.

સત્તા અને વિપક્ષ ના ૨૪ સભ્યો પૈકી ૧૮ સભ્યો એ નગરજનો ના માથે આકરા કરવેરા લાગુ કરવાની મંજુરી આપી દેતાં શહેરીજનો એ ઢગલાબંધ વાંધા અરજીઓ આપી ને વિરોધ નોંધાવતા, પ્રમુખે પ્રેસ કોન્ફરન્સ બોલાવી ને આ બાબતને વિરોધીઓનું કાવતરું ગણાવી હતી અને લોકોના સુચનો સાંભળી ને પછી યોગ્ય લાગશે તો નજીવો વેરો વધારીશુ તેવું જણાવ્યું હતું.

પરંતુ એ વાત ની સાહિ હજુ સુકાઈ નથી ત્યાં પાલીકાની હદમાં ઉભા રહેતા લારી, ગલ્લાં અને પથારા વાળાઓ પાસે નવો વેરો ઝીકવા ની વાત સામે આવી જેમાં વર્ષો થી આ લોકો પાસે ૫ રૂ.લઈ પાલીકા રસીદ ફાળતી હતી તેના બદલે હવે ૨૦ રૂ.ઉઘરાવવા ની વાત કરાઈ અને આ ૨૦ રૂ.નું ઉઘરાણું લાગુ કરાતા લોકો માં રોષ જોવા મળ્યો હતો જોકે આ બાબતે પાલીકા ના મુખ્ય અધિકારી જયેશ પટેલે નગર પાલિકાના પૂર્વ સભ્ય સંજય માછી એ જણાવ્યું હતું કે હજુ વાંધા અરજી મંગાવાની છેલ્લી તારીખ આવતીકાલે ૫ જૂન છે તે પહેલાં પાલિકા દ્વારા લારી ગલ્લાઓ ઉપર તોતિંગ વધારો ઝીકી દેવામાં આવ્યો છે તે ખોટું છે ઉપરાંત પાલિકા પ્રમુખે સામાન્ય સભા બોલાવી વેરા બાબતે નિર્ણય લઈશું તેમ જણાવ્યું હતું તો આ કેવો નિર્ણય.?

જોકે પાલીકા ના ચીફ ઓફિસર જયેશ પટેલે આ બાબતે જણાવ્યું હતું કે લોકોની લાગણી બાબતે અમે વિચારણા કરી પ્રમુખ સાથે ચર્ચા કરી નિર્ણય લઈશું ત્યા સુધી જે જૂનો વેરો છે તે ચાલુ રહેશે.

કોરોનમાં આર્થિક રીતે મુશ્કેલી વેઠતા લોકો, વેપારીઓ, ખેડૂતો અને વાલીઓની મદદ કરવા સરપંચ પરિષદ દ્વારા આવેદન



ગ્રામ પંચાયતોના પ્રશ્નોને લઈ ગ્રામપંચાયતોમાં ઠરાવ કરી ઠરાવો મુખ્યમંત્રીને આપવામાં આવશે.

રાજપીપળા : કોરોના માં તમામ વર્ગ આર્થિક રીતે મુશ્કેલી નો સામનો કરી રહ્યો છે. ત્યારે તંત્ર આવા લોકોની મદદ કરે એ માટે ગુજરાત રાજ્ય સરપંચ પરિસદ દ્વારા જિલ્લા કલેક્ટર ને આવેદન આપવામાં આવ્યું અને આવા લોકોની મદદ કરવા ની રજૂઆત કરી જેમાં નર્મદા પંચાયત સરપંચ પરિસદ ના દક્ષિણ ઝોન ના કન્વીનર નિરંજન વસવા એ જણાવ્યું હતું કે કોરોના સંકમણના કારણે નાના-મોટા ઉધોગો, રોજગાર ઠપ થઈ ગયા છે. નર્મદા જીલ્લાના ખેડૂતોના રવિ પાકોમાં પણ યોગ્ય સંભાળ ન થઈ હોઈ ઉત્પાદન ઓછું આવેલ છે સાથે પાક માટે યોગ્ય વળતર (ભાવ) મળી રહેતું ન હોવાથી પહેલેથી જ દેવાદાર બનેલ નર્મદા જીલ્લાના ખેડૂતોનું ભવિષ્ય સંકટમય સ્થિતિમાં છે. તે માટે નર્મદા જીલ્લાના તમામ વર્ગના ખેડૂતોના લોકોના મુખ્ય પ્રશ્નોનું નિરાકરણ કરવા જિલ્લા કલેક્ટર ને લેખિત રજૂઆત કરી છે.

જેમાં આ ત્રણ મુદ્દા ને લઈને માંગ કરી છે કે (૧) આવનાર શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ ના સમયે શાળા-કોલેજની ફી ભરવાની ચિંતા તમામ વાલીઓને સતાવી રહેલ હોવાથી ગુજરાતમાં નવા શૈક્ષણિક વર્ષની પ્રથમ સત્ર ની ફી માફ કરવી(૨) માર્ચ-૨૦૨૦ થી જુન-૨૦૨૦ સુધી ૪ માસનું લાઇટબીલ માફ કરવુ(૩) ચોમાસુ પાક માટે તમામ ખેડૂત વર્ગો માટે સર્વે નં. / કટયા દિઠ અને ખેડૂત દિઠ જરૂરી બિયારણ તેમજ ખાતર મફત આપવામાં આવે આ તમામ મુખ્ય આફતો અને પ્રશ્નો માટે નર્મદા જીલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં મુદ્દાઓ અંગે જરૂરી ઠરાવ કરી રાજય સરકાર પાસે આ તમામ બાબતોની માંગ કરવા અપેક્ષા રાખતું આવેદન કલેક્ટર ને સુપ્રત કરાયું હતું.

ચોમાસા પૂર્વે..ઝઘડિયા તાલુકાનાં બજારમા પ્લાસ્ટિકની તાડપત્રીની ઘરાકી નીકળતા વેપારીઓમાં ખુશી



ઝઘડીયા

ગામડા ના લોકો પોતાના ઘર પર તેમજ પશુઓ ને રહેવા ની જગ્યા ઉપર વરસાદ થી બચવા માટે પ્લાસ્ટિક ની તાડપત્રી નો ઉપયોગ કરતા હોય છે.જેના કારણે ચોમાસા પૂર્વે મોટી સંખ્યા માં ગ્રાહકો ઉમટી પડે છે. આમ તો પ્લાસ્ટિક ની તાંડપત્રી ની ખરીદી અમદાવાદ થી કરતા હોય છે પરંતુ હાલ મા લોકડાઉન ના પગલે અહીં લોકલ બજાર માંથી ખરીદી કરી. વેચતા હોય છે જેના કારણે હાલ ગત વર્ષે કરતા ભાવ માં થોડો વધારો છે .. ગામડા ઓમાં મોટા ભાગે પાકા મકાન નથી હોતા જુના પતરાં તેમજ નળીયા વાળા મકાનો હોય છે તેના માટે પ્લાસ્ટિક ની તાંડપત્રી આશીર્વાદ રૂપ ગણાય છે.

નર્મદા જિલ્લાના ઓરી ગામની બિમાર મહિલાને લોહી આપી રાજપીપળાના યુવાને જીવતદાન આપ્યું



રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ઓરી ગામના બીમાર વાસંતાબેન વસાવા ને B નેગેટીવ ગ્રુપ લોહી ની તાત્કાલિક જરૂર હોવાની જાણ સરપંચ પરિષદ-ગુજરાત, નર્મદા ઝોન ના પ્રમુખ નિરંજન ભાઈ વસાવા અને બજરંગદળ ના કાર્યકર્તા પ્રેમસિંગભાઈ વસાવા ને થતા તેમણે તાત્કાલીક રાજપીપળા ખાતે રહેતા ૧૮ વર્ષીય યુવાન ભાર્ગવભાઈ નો સંપર્ક કર્યો તેથી ભાર્ગવ ભાઈ એ વિના સંકોચે મહિલા ના જીવન માટે તત્કાલ રકતદાન કરી લોહી આપતા આદિવાસી બીમાર મહિલાને જીવતદાન મળ્યું હતું. ભાર્ગવભાઈ એ ૧૮ વર્ષ ની ઉંમર મા આ બીજી વખત જરૂરીયાત મંદને રક્તદાન કરી સમાજ ને રક્તદાન પ્રત્યે જાગૃત કરવાનુ એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ઉલ્લેખનીય છે કે ભાર્ગવભાઈ ના પિતા એ પણ અત્યાર સુધી ૨૨ વખત રક્તદાન કર્યું છે જેથી તેએમના પુત્ર પણ એમની રાહ પર ચાલીને જરૂરિયાત મંદ લોકોને રક્તદાન કરી જીવતદાન આપે છે.

નર્મદા જીલ્લામા ત્રણ કોરોના મુક્ત થયા ત્યાં બીજા ચાર પોઝીટીવ કેસ આવતા હાલ ૫ સારવાર હેઠળ



ગુરુવારે સવારે મયાસી ગામના એકજ પરિવાર ના ૩ ને ૨જા અપાઈ હતી

રાજપીપળા : રાજપીપળા આયુર્વેદિક કોલેજ ખાતે કાર્યરત કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલાં નાંદોદ તાલુકાના મયાસી ગામના પ્રફુલભાઈ પરસોત્તમભાઈ પટેલ તેમના ધર્મપત્નિ અનસુયાબેન પટેલ અને ૧૧ વર્ષિય પુત્ર કૃણાલ પટેલ આમ એક જ પરિવાર ના ૩ સભ્યોએ આજે કોરોનાને માત આપતા તેમને ગુરુવારે સવારે રજા અપાઇ હતી ત્યાં સાંજે નવા ટેસ્ટિંગ ગયેલા કુલ ૭૫ સેમ્પલો ના રીપોર્ટ માથી ચાર મહીલાઓ ના રીપોર્ટ પોઝીટીવ આવ્યાં છે,જેમાં રાજપીપળા સોલંકીવાસ મા રહેતા અને આરોગ્ય કેન્દ્ર મા આયા તરીકે કામ કરતા મહીલા હેમાબહેન પી ગોહીલ,એક આશા વર્કર બહેન માયાબેન જે સોલંકી રહે, આરબટેકરા પાછળ હરીજનવાસ,વધુ એક આશા વર્કર બહેન સલમાબેન એ શેખ રહે, કસ્બાવાડ રાજપીપળા અને મોટા રાયપરા ગામની ૨૧ વર્ષ ની યુવતી હેતલબહેન એન તડવી નો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવતાં નર્મદા જીલ્લા ના કોરોના પોઝીટીવ દર્દીઓ નો કુલ આંકડો ૨૩ ઉપર પહોંચ્યો છે.જેમાંથી હાલ ૫ સારવાર હેઠળ છે.

● બે આશા વર્કર એક આરોગ્ય કેન્દ્ર ની આયા બહેન અને એક ૨૧ વર્ષ ની યુવતી ના સેમ્પલ પોઝીટીવ આવતાં આંકડો ૨૩ ઉપર પહોંચ્યો
● નર્મદા જીલ્લા કોવીડ-૧૯ આઈસોલેશન હોસ્પીટલ માથી એક સાથે ત્રણ દર્દીઓ સાજા થતા તેમને ડીસ્ચાર્જ આપવામા આવ્યો હતો, તેની સામે ચાર નવા કેસો નો ઉમેરો થયો હતો.

વેસુમાં ગેમ ઝોન શરૂ કરી દેવાતા રૂ. ૩૫ હજારનો દંડ

સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન અંતર્ગત આવેલ વેસુ વોર્ડ વિસ્તારના કાર્યક્ષેત્રમાંતા.૩૧/૦૫/૨૦૨૦ના રોજ હેપ્પી રેસીડન્સીની સામે, પ્રાઈમ શોપર્સ પાસે આવેલ રીબાઉન્સ સેન્ટ્રલ ટ્રફ નામની (ગેમ ઝોન) સંસ્થા ચાલુ કરવામાં આવેલ જેઅન્વયે વેસુ વોર્ડઓફિસની ટીમ દ્વારા કોવીડ-૧૯નો ૧૮૮ કલમ તથા એપેડેમીક ડીશીઝ એકટનો ભંગ કરેલ હોય સદર સંસ્થાને નોટીસ આપી કુલ-૩૫૦૦૦/- વહીવટી વસૂલાત કરવામાં આવેલ છે. વધુમાં સેન્ટોસા હાઈટર્સ ખાતે કોરોન્ટાઈન કરેલ ઈસમ દ્વારા કોવડ–૧૯એપમાં રીપોર્ટીંગ ન કરી કોરોન્ટાઈન એકટનો ભંગ સબબ રૂ.૭૦૦૦/- વહીવટી વસૂલાત કરવામાં આવેલ છે. સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન દ્વારા ગત રોજ તા.૩૧/૦૫/૨૦૨૦ના રોજ કોરોના વાઈરસના સાવચેતીના ભાગરૂપેરૂા.૪૨૦૦૦/-વહીવટી વસૂલાત કરવામાં આવેલ છે.

સુરતમાં ચાર સ્થળે જુગાર રમતા ૨૮ જુગારીઓ પકડાયા

પોલીસે ૯૨ હજારની મત્તા કબ્જે કરી

સુરત

સુરત શહેરમાં કોરોના વાયરસનો કહેર યથાવત હોવા છતા પણ જુગાર રસિયાઓ ટોળું ભેગુ કરીને જુગાર રમી રહ્યાં છે. સ્થાનિક પોલીસે ચાર સ્થળે દરોડા પાડી જુગાર રમતા ૨૮ જુગારીની ધરપકડ કરી કુલ્લે રૂપિયા ૯૨ હજારથી વધુની મત્તા કબ્જે કરી હતી.

કાપોદ્રા પોલીસે સાકેત ધામ સોસાયટી મકાન નં ૧૪પના પહેલા માળે જુગાર રમતા હીરા વેપારી વિજય માવજી આલગીયા, નિતીન સોરઠીયા, કલ્પેશ સુરાણી, ભીખુ મધુ, જીગ્નેશ કાનાણી, જનક પાનસુરિયા, કાર્તિક પરેશ લશ્કરી, જગદીશ બાબુની ધરપકડ કરી રોકડા રૂપિયા ૩૮,૨૭૦ કબ્જે કર્યા હતા. લિંબાયત પોલીસે શ્રીનાથ સોસાયટી સપના પાન સેન્ટરની ગલીમાં જુગાર રમતા જીતેન્દ્ર પાટીલ, ગોપાલ પવાર, મનોહર ચૌધરી, અનિલ બોટના, દીપક સુર્યવંશી, વિકાસ રવિન્દ્ર પાટીલ, દિનેશ નરેન્દ્ર દિપેશ, શંકર, વિક્કી શ્રવણની ધરપકડ કરી રોકડા રૂપિયા ૧૭,૭૮૦ કબ્જે કર્યા હતા.

કતારગામ પોલીસે આંબા તલાવડી હળપતિ વાસમાં જુગાર રમતા ભરત ડાહ્યાભાઈ પટેલ, સંજય ડાહ્યા, વજુ કાનાની, સુનિલ નટુ, જીતુ પરમાર, અજય નટવરની ધરપકડ કરી રોકડા રૂપિયા ૨૫,૪૦૦ કબ્જે કર્યા હતા.

સચિન પોલીસે ગોકુલ નગર ગુ.હા. બોર્ડ પાસે જુગાર રમતા ફાલ્ગુન પારેખ, ઉદય કુમાર ઠાકોર, ભાવેશ મહેશ પટેલ, નિસાદ અશોક સમાણી, મોટી મહેન્દ્રની ધરપકડ કરી રોકડા રૂપિયા ૧૧,૨૧૦ કબ્જે કર્યા હતા.